પુસ્તકમાળા.

વડોદરા સ્વદેશહિતવર્ધક મંડળી તરફથી.

અંક ૧૩ મો.

વિલાયતી* શાક ભાજી અને ફુલનાં બીજ રોપવા વિશે.

હે પવિત્ર જરતોસ્ત! અનાજ, ઘાસ, અને મેવાદાર ઝાડો અને સુગંધીદાર ફૂલો તથા ફળોનાં ઝાડો રોપવાં અને અનાજની ખેતી કરવી. હે પવિત્ર જરતોસ્ત! જે ધણી ઉલટની સાથે અનાજની રોપણી કરે છે તે અનાજનો રોપનાર ખરેખરા ઉપકારનો રોપનાર છે.તે મનુષ્ય ખરા ધર્મનો વધારનાર અને પૃથ્વીમાં તેનો પ્રચાર કરનાર છે.

(વંદીદાદ પરગરદ ૩ ફકરા ૩૦, ૩૧)

વિલાયતી શાક ભાજી અને ફૂલનાં બીજ રોપવા બાબત.

૧. વિલાયત અને અમેરિકાથી શાકભાજી અને ફુલનાં બીજ આવેછે તે વાવવા બાબતનો ઉપદેશ અને એ સર્વે બીજ ગરમીના દિવસ પહેલાં કોઇ વખત વાવે તો તે ઉગી શકે કે નહીં એ વિષેનું વર્ણન વિલાયતી શાક ભાજી અને ફુલ ઝાડની ખેતીની બાબત જાણનારાઓને પસંદ પડશે; કેમકે એ સઘળાની ખેતી આ દેશમાં જેવી જોઈએ તેવી થતી નથી. સઘળાઓ એમ કહે છે કે આ દેશમાં વિલાયતી શાકભાજી અને ફુલનાં બીજ ઘણાં મોડાં એટલે વાવવાનો વખત ગયા બાદ આવે છે. પરંતુ મોડાં આવે છે એવું વિલાયતથી જે લોકો એ બીજ મોકલે છે તેમને જણાવવામાં આવે નહિ ત્યાં સુધી તેઓ કેમ જાણી શકે. જે યુરોપિઅનોએ આ દેશમાં રહીને એ વિષે અજમાયશ કરી છે તેઓ એ બાબત વિલાયતમાં લખતા હશે એમાં સંદેહ નથી પણ ઠંડા દેશમાં જે શાક ભાજી થાય છે તે આપણે અહીં સારી પેઠે નહીં થવાનું કારણ આપણે તેને વાવવાની બાબતમાં બરાબર લક્ષ આપતા નથી એજ છે.

૨. ઘણું કરીને લોકો હમેશા એવું બોલે છે કે બીજા દેશથી અહીંઆં જે બીજ આવે છે તે સારાં હોતાં નથી. કદાચીત બીજમાં દોષ હોય

* સંગ્રહ કર્ત્તા શ્રી નારાયણ હેમચંદ્ર.

ખરો તોપણ હું એમ અનુમાન કરૂંછું કે બીજ વાવવામાં ભૂલ થયાથી બીજને વધારે દોષ લાગે છે. આ દેશમાં હું જુદા જુદા દેશના બીજ વાવીને ખેતી કરૂંછું. જે તારીખે બીજ વાવવામાં આવે છે અને જે તારીખે બીજમાંથી ફણગો બહાર આવે છે તે હું મારી નોંધની ચોપડીમાં લખી રાખુંછું. એવી ઘણા વરસની નોંધ જોતાં કોઈ પણ રીતે એવું જાણવામાં આવ્યું નથી કે જુદા જુદા દેશથી જે બીજ આવે છે તે સઘળાં ખરાબ હોયછે.

૩. હું હમેશ બીજ વાવીને ઝાડ કરૂંછું. પરંતુ પહેલાં સાવચેતીથી તેને લાયક માટી તૈયાર કરૂંછું. બીજ વાવવાને માટે એવી સારી માટી જોઇએ કે સર્વદા પાણી નાખ્યાથી જેનું ઢેપું ન બાઝે અને કઠણ ન થઇ જાય. જો માટીનું ઢેપું બંધાય તો તેમાંથી કદાપિ બીજ ખરાબ ન થાય તોપણ ફણગો બહાર આવવાને ઘણી વાર લાગે. માટી નીચે લખેલી રીતે બનાવીને બીજ રોપ્યાથી બીજ ખરાબ થશે નહિ. બગીચાની અથવા બીજી કોઈ જગાની તાજી માટી આણીને તેમાં સરખે ભાગે કોહેલાં પાંદડાંનું ખાતર મેળવવું. પછી તેમાં એક અષ્ટમાંશ નદીની રેતી નાંખીને સઘળાંને એકઠું કરવું. એવી તૈયાર કરેલી માટી ઘણી નરમ થશે તેથી તેમાં નાના રોપાનાં મૂળીઆં ઉતરવા કોઇ પણ રીતે હરકત પડશે નહિ. જે માટીથી બીજ ઢાંકવું હોય તે તદ્દન કાંકરા વગરની તથા ઝીણી જોઇએ. આથી રોપા જલદી બહાર આવશે. એવી રીતે માટી તૈયાર કર્યા પછી જેમાં બીજ વાવવાં હોય તે કુંડું, ટબ કે કોઇ બીજી જાતના વાસણને સારી રીતે ધોવું. જો વાસણ જૂનું હોય તો ઝાડ તાજું રાખવાને તેને સારી પેઠે ધોઈને મેલ વિનાનું કરવું એ ઘણું જરૂરનું છે. મેં અનુભવથી જોયું છે કે વાસણ બરાબર સાફ ન કર્યાથી ઝાડને ઘણું નુકસાન થાય છે, તોપણ ઘણા લોકો કુંડું, ટબ કે વાસણને ધોવામાં વધારે ધ્યાન આપતા નથી. ટબ કે કુંડું જૂનું હોય તો તેમાંની માટી બદલીને તેમાં ફરી બીજ વાવે છે. પરંતુ જેવી રીતે માણસ અને બીજા જીવ જંતુને ઉછેરવામાં આવે છે તેવીજ રીતે ઝાડને પણ ઘણા જતનથી ઉછેરવાં જોઇએ. કોઇ કોઇ વાર કુંડું થોડું મેલું રાખવાની જરૂર હોય છે ખરી પરંતુ ઘણું મેલું રાખ્યાથી ઝાડ વધતું નથી.

૪. ઉપર પ્રમાણે માટી, અને કુંડાં કે ટબ તૈયાર કર્યા પછી માટી વાસણમાં નાખ્યા પહેલાં વાસણની નીચે જે કાણું રહે છે તેના ઉપર નળીઆનો કટકો અથવા માટીના વાસણનો કટકો મૂકીને તે કાણું બંધ કરવું. કારણ કે વાસણ માંહેની માટીથી તે સારી રીતે બંધ થશે નહિ. એમ કરવાથી કુંડામાં પાણી નાખતાં પાણીની સાથે વાસણમાંની માટી ગળીને બહાર નીકળી શકશે નહિ અને ઝાડનાં મૂળીઆં થાય તો તે પણ વાસણમાંજ રહેશે. એ પ્રમાણે વાસણની નીચેનું કાણું બંધ કર્યા પછી ઉપર

લખ્યા પ્રમાણે તૈયાર કરેલી માટી તેમાં ભરવી અને એક અથવા અરધો ઈંચ વાસણ અધુરું રાખવું. ત્યારબાદ તે માટી એકસરખી કરીને હાથથી થોડી દબાવવી અને તેમાં છેટે છેટે બીજ વાવવાં. પાસે પાસે વાવવાથી ઝાડ તેજદાર થશે નહિ. એવી રીતે બીજ વાવ્યા પછી માટી દબાવવા વાસ્તે ઉપર લખેલા પ્રકારની કાંકરા વગરની તૈયાર કરેલી માટી એવી રીતે બીજના ઉપર છાંટવી કે તેનાથી કેટલાંક બીજ ઢંકાય. જો મોટાં બીજ હોયતો એવી જાતની તૈયાર કરેલી માટી નાંખીને દબાવવું. એ ઘણું કઠણ કામછે તોપણ જો સારા અનુભવી માણુસો હોય તો તે કરી શકે. બીજી રીતે રેતી છાંટવાથી પણ ઉગી શકશે. સારાં સારાં ફુલનાં બીજ વાવવામાં ઉપરની ક્રિયા કામમાં આવે છે. ફુલના ઝાડનાં બીજ વાવતી વખતે ઉપર પ્રમાણે સાવચેતી રાખવાનું લખ્યું છે તેની મતલબ એ છે કે સારી રીતે સંભાળ રાખ્યા વગર બીજમાંથી ફણગો બહાર આવતો નથી. જે માણસો એ વિષે જાણે છે તેઓને વાસ્તે આ બાબત લખી નથી પણ આ દેશના બગીચાઓના માલીકો જેઓને આ કામની માહિતી નથી તેઓને વાસ્તે લખીછે.

૫. ઉપર પ્રમાણે બીજ વાવ્યા પછી એ સર્વ વાસણોમાં નાની પીચકારી અથવા પાણી છાંટવાની ઝારીથી પાણી સીંચવું. ટબ તથા કુંડાં એવી જગા પર રાખવાં કે જ્યાં વધારે તડકો, ગરમી કે વરસાદ ન લાગે. જ્યાં સુધી એ ટબ તથા કુંડામાં વાવેલાં બીજમાંથી ફણગો તથા પાનડાં બહાર ન આવે ત્યાં સુધી એવી હાલતમાં રાખવાં અને ત્યાં સુધી ટબ તથા કુંડાંની માટી થોડી ભીની રાખવી જોઇએ. ફણગો બહાર આવે અને એક બે પાંદડાં થાય ત્યારે કેટલાક દિવસ સુધી સવારે અને બપોરે એ કુંડાંને બહાર રાખવાં. એ પ્રમાણે ધીમે ધીમે બહાર રહેવાનું માફક આવ્યા પછી હમેશાં બહાર રાખવાં.

૬. એ પ્રમાણે ટબ, કુંડાં ઇત્યાદિ વાસણમાં છોડ જ્યારે બે કે ત્રણ ઇંચ મોટા થાય અને ફણુગા ઉપર ચાર પાંચ પાંદડાં બહાર નીકળે ત્યારે સવારે અથવા સાંજે ઠંડીની વખતે એ સઘળા રોપાને એક એક ઉખેડીને બીજાં કુંડાંમાં રોપવા અને માટીમાં સારી રીતે મૂળીઆં ચોંટવાને માટે જેટલું જોઇએ તેટલું પાણી નાંખવું, જો ઘણો વરસાદ થવાનો સંભવ ન હોય તો સઘળાં કુંડાં આખી રાત બહાર રાખવાં. એ રોપા પોતાની જગ્યા બદલાયાથી કૌવત વગરના થઇ જાય છે, તેથી તે જ્યાં સુધી કૌવત વાળા થાય ત્યાં સુધી તડકાની વખતે ઢાંકીને બહાર રાખવા. ત્યાર પછી હમેસ બહાર તડકામાં રાખવા. એ સર્વ કુંડાં જો કોઇ ઝાડની છાયામાં રહે તો તેમાંના રોપા થોડા તેજવાળા થઈને ખરાબ થઇ જાય છે. કારણ કે પ્રથમ રોપાને છાયામાં રાખ્યા હતા તેથી જે ફણુગા અને પાંદડાં આવ્યાં હતાં તે જો હવે છાયામાં રહે તો તડકાની ગરમી તથા પ્રકાશ વિના એ સર્વ ફ-

રમાઇ જાય અને પછી તે વધે નહિ એટલા માટે ઝાડને ઉષ્ણતા તથા પ્રકાશની જરૂર છે.

૭. કોબી, ફુલકોબી અથવા બ્રોકોલી ઇત્યાદિ ભાજીના રોપા કરવાને વાસ્તે ઉપર લખ્યા પ્રમાણે ટબ, કુંડાં ઇત્યાદિ વાસણમાં બીજ વાવી શકાય છે. સર્વે જાતની કોબીનાં બીજ ઉપર લખ્યા પ્રમાણે રોપ્યાથી ઠીક થાય છે; કેમકે તેના મૂળની માટી જોઈએ તેવી હોવાથી તેને હમેશની જગાપર રોપવામાં આવી શકે છે અને જગ્યા ફેરવવાને વાસ્તે ઝાડને કોઈ જાતની હરકત થતી નથી. પરંતુ એ બીજ, ટબ, કુંડાં ઇત્યાદિ વાસણમાં વાવવાં હોય તો સારી રીતે રસાળ માટી તૈયાર કરવી જોઇએ. ફુલના ઝાડને વાસ્તે કોહેલાં પાંદડાંનું ખાતર ઠીક છે. પરંતુ શાક ભાજીને માટે એવી માટી તૈયાર કરવી જોઇએ કે તેમાં ત્રણ ભાગ માટી અને એક ભાગ છાણ આવે.

૮. ઉપર જે વર્ણન કરવામાં આવ્યું છે તે ફુલ અથવા શાક ભાજીના બીજ ટબમાં કે કુંડાંમાં વાવવા બાબત છે. એ જાતના ફુલ તથા શાક ભાજીના બીજ ખેતરમાં કેવી રીતે રોપવાં તે વિષે આગળ લખવામાં આવશે.

આપણે બટાકા વાપરીએ છીએ તે અસલ વિલાયતી ચીજ છે. શરૂઆતમાં ઊંચ વર્ણના લોક ખાવામાં હરકત લેતા પણ થોડાં વર્ષની અંદર તેની ઉપજ અને વાપર ઘણાં વધી પડયાં છે. જમીનને ભાવવાથી તેનું વાવેતર ખેડૂતને લાભકારક થયું છે અને નવી જાતની સ્વાદવાળી ચીજ હોવાથી તે ઘણે વપરાય છે. કોબી, ફુલકોબી, ટમાટા વગરે ચીજો હજી બાગ બગીચામાંજ થાયછે.

એકજ જાતનું વાવેતર હમેશા કર્યાથી જમીનનો કસ ઘટે છે અને પાક હલકી જાતનો ને થોડો ઉતરે છે. હલકા પાકનું બી ઉપયોગમાં લીધાથી પાક વધારે પસંદ પડે છે માટે ખેડૂતોએ પરદેશી ફળ ફળાદિ અજમાવી જોવાં જોઈએ. જો તે જમીનને ભાવશે તો તેથી ઉત્પન્ન સારૂં થશે. જમીન બગડશે નહિ અને તેનો ઉઠાવ પણ સારો થશે.

દાખલા માટે એક નવી તરેહની જુવાર વિષે અહીં જણાવીએછીએ એને ચીનાઈ શેરડી કહે છે. એના સાંઠા પીલીને તેમાંથી ગોળ કાઢવામાં આવે છે. વડોદરા સરકારના ખેતીવાડી ખાતામાંથી એનાં બીજ મગાવ્યાં હતાં. તેનું વાવેતર કેટલાક હોંશીલા ખેડૂતો પાસે કરાવ્યું તેમાં ફતેહનાં ચિન્હ જણાવાથી તેમને સરકારે ઇનામ આપ્યાં. વાવેતર ચાર માસમાં થાય અને ત્રણે મોસમ લઇ શકાય. દરવીઘે ૩૦-૩૫ મણ દાણાને સુમારે ૩૦ મણ ગોળની નીપજ થાય. શેરડીની પેઠે બારેમાસ પાણી વગેરેની માથાફોડ નહિ અને તેવું બીજનું ખરચ નહિ. આવા આવા લાભકારી પદાર્થો ઉપર ખેડૂતોનું લક્ષ જવું જોઈએ.

અંક ૧૪ મો.

દર્દીના વૈદ્ય પ્રત્યે ધર્મ*.

વૈદ્ય ને દાકતર લોકની વિદ્યા ઘણી ઉપયોગી છે. તે વિદ્યામાં ઘણા પ્રકારની બીજી વિદ્યાઓનો પણ સમાવેશ થાય છે. ઉત્તમ વૈદ્યવિદ્યા જાણનારા પંડિતોનાં મન મહાન્ ફિલસુફી ભરેલાં પ્રૌઢ હોય છે. તેનામાં માનસ્ શાસ્ત્રનું વિજ્ઞાન વધારે હોય છે. તેના અંગમાં સત્ય નીતિ ભરપૂર હોયછે. જેટલી તે તેનામાં કમતી કળાય તેટલો તે તેના ધંધામાં નાલાયક છે, એમ એ પરથી સમજવું. પણ તેવો કાગ પંડિત મતલબી વૈદ્ય કવચિતજ હોય, નહિતો તેના જેવી મનોમહતાઇ અન્ય મનુષ્યોમાં નીકળવી મુશ્કેલ. પણ આજ કાલના દેશસ્થ અજ્ઞાન વર્ગના લોકો તેમની સાથે ગેરવર્ત્તણુંક કરે છે. તે ખેદ ઉપજાવનાર વાત છે. તે એ કે વૈદક સંબંધમાં કંઈ ન જાણતાં છતાં ઘણા દર્દીઓ પોતાના દર્દના તેની પાસે ઇલાજ કરાવતાં ડહાપણ ડોળીને તેને કંટાળો ઉપજાવે છે, અને પોતે દુઃખી થાય છે. આજ કાલ જેવી સત્ય વૈદ્યો (દાકતરો) અથવા સારા ભણેલા વૈદ્યો સાથે મૂર્ખ દર્દીઓ ગેરવર્ત્તણુંક કરે છે. તેવી બીજા કશા કામમાં પણ નહિ થતી હશે. એ વિષે જે જે આજ દિવસ પર્યંત મેં જોયું ને જાણ્યું છે, તેમાંનું કેટલુંક ખેદ જનક અહીં દેશીઓને વિદિત થવા લખું છું કે જેથી તે જાણી સર્વેથી મોટામાં મોટા સંબંધ વિષે ભૂલ થતી હોય તે બુદ્ધિમંતોના જાણવામાં આવીને બંધ થાય, તથા તે વિષેના સત્ય વર્તનની સૂઝ પડે.

પ્રથમ તો ઘણા દર્દીઓ જે આ સમયમાં મૂર્ખ વર્ગનો ખોહોળો જથો છે, તે સત્ય-વૈદ્યની દવાજ લેતા નથી. ભમાઉ ઉંટ વૈદ્યો પાસે રોગોપચાર કરાવવા લાગે છે. એથી કાંતો અવળી દવા વડે રોગ વધે છે, ને કાં તોકોઈ સોમલ જેવી ઝેરી દવાનો અતિ કે અઘટિત રીતે દર્દાનુસારે અવળો વાપર થવાથો દર્દ તો શું, પણ દર્દીજ મરણ પામે છે. કેટલાંક દર્દો તો તેવાનાં ઔષધોથી ઉલટાં સજડ ને જૂનાં થઈ ઘણા દિવસ પીડવાને શરીરમાં ઘર ઘાલે છે. એથી શરીરજ નહીં, પણ ઘરવિખરી શીકે તેની પાછળ ખરાબ થાય છે. તેવા દર્દીનાં ઘર ઘાલેલાં ઘણાં જૂનાં દર્દો પાછળથી ઉસ્તાદ વૈદ્ય અથવા દાકતરથી પણ મટવાં અશક્ય થઈ પડે છે. અને દર્દી તે વડે છેવટ સુધી રીબાઈ રીબાઈને મરણાધીન થાય છે. ઘણાં દર્દી પહેલાં ખરચ ભીતીથી ઉંટ વૈદ્યો પાસે સસ્તામાં વેદું કરાવા માંડે છે. પણ તેથી આરામ ન થાય તો વળી તેથી વધારે વાકેફીવાળો બીજો ઉંટવૈદ્ય શોધે છે, અને તેથી પણ આરામ ન થાય એટલે બીજાની ટોકણીથી, ને વખતે પોતાનીજ મેળે છેવટ દાકતર અથવા સારા વૈદ્ય પાસે જાય છે. પણ તેવાની ઉપર

---

* લખનાર વૈદ્ય મયારામ સુંદરજી કુંડલા.-કાઠીઆવાડ.

પ્રમાણેની અવ્યવસ્થાથી વધેલા રોગ તેમનાથી પણ મટવા અશક્ય થાય છે. અને તે મટાડવા મહેનત, ખરચ વગેરેથી ખુવાર થવું પડે છે, તથા ઘણાંજ સખત ઓસડો ને પથ્ય (કરી) પાળવી પડે છે, એટલું થતાંએ કેટલાક રોગ તો વળી મટતા પણ નથી. માત્ર કેટલાક દિવસ દવા જારી રાખવાથી મૂર્ખ વર્ગમાં દાકતર દોષી થાય એટલુંજ. માટે તેમ ન કરતાં નાણાંનો ને શરીરનો બચાવ કરવો હોય તો રોગ થતાંજ તુર્ત સત્ય વૈદ્યની સલાહ લેવી, કે જેથી તેને અને સત્ય વૈદ્યને તે મટાડવું સરળ ને સુગમ પડે. થતા રોગ વખતે ભયંકર ને નાશકારક હોય છે, પરંતુ તેની તુર્તાતુર્ત યોગ્ય તજવીજ કરી તો તે સત્ય વૈદ્યથી ઝટ સારા થાય છે, અને જૂના રોગ શરીર ક્ષીણ થવાથી તે સાથે તે પણ ક્ષીણ થતાં બહુ પીડાકારક ને હાનિકારક (પ્રત્યક્ષ) જણાતા નથી, પણ તે ઝટ મટવા અશક્ય છે. અને તેમાંના ઘણા પ્રાણહારક હોય છે. તે ધીરે ધીરે શરીર શક્તિનો નાશ કરી આયુષ્યનો અંત આણે છે, જૂના રોગ સારા થાય છે પણ થોડાજ; ને તે પણ મટતાં મટતાં ઘણા દિવસ વીતે છે અને તે મટતાં પણ તેના કેટલાક ઉપદ્રવો તદન શરીરમાંથી જતા નથી, માટે સમજીએ તો કોઇ પણ રોગ જૂનો થવા દેવો ન જોઇએ, અને રોગથી થતી શરીર ખરાબી સાથે ઉંટવૈદ્ય (અશાસ્ત્રીય) ના ઓસડો ખાઇ ખાઇને તે સાથે બેવડી શરીર ખરાબી કરી દારૂણ રોગમાં સપડાવા થએલા રોગને ઉત્તેજન આપવું એ સમજુ જનને ઉચિત નથી. એવી થતી હાનિ સર્વેને જાણ કરવી જોઇએ. ઘણા ઉંટવૈદ્યો જે તે રોગ ઉપર પારાથી (જબરા રૂપમાં) મોઢાં આણીને સોમલ, હડતાલ ને મનશીલ જેવા ઝેરના ઔષધો વાપરીને વછનાગ જેવા પદાર્થોની ગોળીઓ યોજીને, જે ઘણા અજ્ઞાનમય દર્દીઓના પ્રાણ કાઢેછે, તેથી તમે અજાણ્યા છો? ઘણા ઉંટ વૈદ્યો દૂધ તો શું પણ અંનની પણ દર્દમાં પંદર પંદર દિવસ સુધી આડચ (કરી) રખાવે છે. અને ચોખી હવા ગળતી અટકાવી ને પડદામાં ને પડદામાંજ (બંધકાર કોટડીમાં) પૂરાવી રાખે છે. ઘણી વાર ઉંટ વૈદ્યોથી જબરા નેપાળા જેવા રેચ, ઉલટી વગેરે આપવાથી ઘણાના પ્રાણ જતા જોઈએ છીએ. માટે તેવાથી ન પીડાતાં ખરેખર તમારે (સમજો તો) તુર્તાતુર્ત મુદતસર રોગ મટવાને સત્ય વૈદ્યનો આશ્રય પકડવો જોઇએ, નહિ તો ઘણાં દર્દ એવાં છે કે તેના ઉપાય શરીર બળદાર હોય, ત્યારે (ઉલટી, રેચ, સ્વેદન વગેરે) જેવા થઇ શકેછે તેવા શરીર શક્તિ રોગવડે ઘટવા પછી થઇ શકતા નથી, એ સમજવું જોઇએ. આથી એમ નહિ સમજવું કે ઉપર કહેલી દેશી ઔષધિ નિરૂપયોગી છે, અથવા તેની અસર થતી નથી. પણ તે ઔષધો સારા વાકેફગાર અને વિદ્વાન વૈદે બનાવેલાં ન હોય, ને કાચા રસાયણ રહે તો પીડાકારક થાય છે.

ઘણીવાર મિથ્યાધર્માભિમાનીઓ દાકતરની દવાને લેતાં વટલાવું સ-

મજે છે, પણ રોગ મટાડવા માટે તેવી મિથ્યા સમજ પકડવી ન જોઈએ. ઘણા કહે છે કે પરમેશ્વર રોગ મટાડશે. મરવું જીવવું તેના હાથમાં છે. પણ એ કહેવું ખરૂં નથી. કેમકે જે જે જગદીશ્વરે આ વિશ્વ વિષે માનવી કુળને માટે સરજેલું છે. તે નિયમથી વાપરતાંજ સુખ મળે છે. તેણે રોગ પરિહારક ગુણ તેના પર ભરૂંસો રાખવામાં નથી મૂક્યા; પણ ઔષધિમાં મૂકેલા છે તેથી આપણે રોગ મટવા માટે ઔષધિ સેવન કરવુંજ જોઈએ. ઔષધિ સેવન રૂપ ભરૂંસો રાખતાં રોગ મટે છે. ને જ્ઞાન ભરૂંસો એટલે પરમેશ્વર ઉપર વિશ્વાસ (તેના ઉપર આધાર) રાખવો તેથી આત્માની મુક્તિ થાય છે, આત્મોન્નતિનું ઔષધ તે છે. માટે વહેમી લોકો રોગ ગટવા સારૂ જે દવા દારૂ ન કરતાં માત્ર તે ગટવા કેવળ ઇશ્વર શરણુજ રહેવાનો ભરૂંસો રાખે છે. અગર રાખવા બતાવે છે, તે મિથ્યા છે. તેવો ભરૂંસો રાખવો એ રોગનો ઇલાજ નથી. પણ તેવો ભરૂંસો જો સતવર્તન સાથે આત્માનું કલ્યાણ થવા માટે રાખ્યો હોય તો તે આત્માનું શ્રેય થવાનું ઔષધ છે, એમ ઇશ્વર રચિત જગતજન્ય નિયમાવળી જોતાં જણાય છે. એ માટે પ્રત્યક્ષ પુરાવો એ છે કે આપણે પરમેશ્વરને હજાર વાર સંભારીશું, અને એનેજ ભરૂંસે બેસીશું, તથાપિ આપણને એ સાધન વડે પેટનો મળ નીકળવાને માટે રેચક ઔષધ વિના રેચ લાગવાનો નહિ. પણ જે રૂપે રેચ લગાડવાની ઇશ્વર ઇચ્છા છે, તે રૂપેજ નેપાળા આદિ રેચક વનસ્પતિ તેને હજારવાર નહિ પણ માત્ર એકજ વાર યોગ્ય પ્રમાણથી લઇશું તો ખસુસ રીતે રેચ લાગશે. અને હાથ ધોણું [ઝાડો] હશે ને અફીણ લઇશું તો ઝાડો બંધ પડશે. પછી તે રૂપે હરિના મરજીમાં મોટા ધાર્મીક આવો કે ખાટકી આવો પરંતુ તે રૂપે જે હરિની ઈચ્છા રેચ લાગવાનીછે, તે સર્વને સરખી અસર કરશે. તે માટે મોટા ધાર્મિક કે પાપી હોય તો પણ શું થયું. જે કામ જે નિયમથી થવાનું છે તે કામ તેજ સૃષ્ટિ નિયમ વડે થઇ શકવાનું કે આપણી આત્મોન્નતિ થવાનું ઔષધ સત્ય નીતિ ને સદાચરણ સાથે પ્રેમ પૂર્વક જનહિત ચિંતક ઇશ્વર ભક્તિ સાથે તેનો વિશ્વાસ તેજ છે. તેનો ઇલાજ કોઇ શરીર ઉપર અસર કરનાર ઔષધ ન હોય, તેમજ શરીરના રોગ નાશ કરનાર જ્ઞાન (ઇશ્વર સબંધી) નજ હોય એમ ઉત્તમ બુદ્ધિથી સમજવું. માટે પોતાનું રૂડું થવાનું જેટલું આપણા હાથમાં પરમ જગત પિતા તરફથી સંપાયેલું છે, તે કામ પોતે ન બજાવતાં તે વિષે ઇશ્વરના ઉપર આધાર માંડી બેસીએ, અને તે પરનો વિશ્વાસ ઉઠી જાય તેવા અનેક પ્રકારના મનકલ્પિત ખોટા ભરૂંસા ધારણ કરીએ તે મિથ્યા છે. જેમ નિત્ય વ્યવહારનાં ખાવા પીવાના ને પહેરવા ઓઢવા વગેરેનાં કામ જગત પિતાએ આપણેજ સ્વાધીન કરી આપેલાં છે. તેમજ શરીર આરોગ્ય રાખવાનું અને રોગથી બચવાનું કામ પણ આપ-

ણા પ્રયત્ન પર સોંપેલું છે. અને એથી અન્ન પકવવાનું કામ જેમ ખેડૂતો કરે છે, તેમજ રોગ ન થવા દેવાનું અને થતા અટકાવવાનું કે અળસાવવાનું કામ વૈદ્ય લોકો કરે છે. અને તેથી ખેડૂતોનું દાણાદિ રળતર લેવાને જેમ દામ ખરચવા જોઇએ છીએ, તેમજ આપણી ગએલી આરોગ્યતા મેળવવાને અને છે તે રોગાદિથી સચવાવાને માટે પણ દામ ખરચવાજ જોઇએ કયું મનુષ્ય એવું છે કે તેને પોતાને જોઈતી સર્વ બાબતોનાં કામ પોતે એકલાથીજ થઈ શકે? તે માટે તો અન્યોન્ય હજારો માણસના રળતરની સહાય જોઈએ છીએ. અને તે તે પોતાની રળેલી પેદાશમાંથી ખપ જોગી રાખી વધારેની અન્ય મનુષ્યોના ખપને માટે વહેંચી આપતાં જે તેના બદલામાં મોંઘી ધાતુઓ (સોનું રૂપું) મળે છે. તે (નાણું) થી સર્વ જોઇતું ગળી શકે છે. અને તેમજ ઉત્તમ આયુષ્ય સાચવવાને યોગ્ય સત્ય વૈદ્યોથા દર્દના ઉપાયો મળવાનો પણ એજ (નાણું) રસ્તો નિર્માણ છે. ઓસડીયાં તો ગાંધીની દુકાનમાંથી પણ મળે, પરંતુ દર્દ મટાડવાની અક્કલ ગાંધીની હાટેથી મળતી નથી; તે તો વૈદ્ય પાસે હોય છે. માટે તે ઘટતા દામ ખરચે મળે. રોગાવસ્થામાં વહેમ કે અજ્ઞાન વડે નસીબ પર અગર ઇશ્વર પર કે વૈદ્યક વિદ્યા પર દોષ ન મૂકતાં તે મટવાને મંત્ર જંત્રાદિ તથા ઉંટ વૈદ્યોના પંજામાં ન ફસાતાં તે મટવાને દર્દના પ્રમાણમાં દામ ખર્ચી સત્ય વૈદ્ય મેળવી ઘટતા ઉપાય લેવાજોઈએ તમે ઘણીવાર ઉંટ વૈદ્યો જેવા સુયાણા પાસે તમારા અજ્ઞાનથી દર્દ મટાડવામાં પણ વ્યાપાર કરવાની પેઠે થોડું ખરચ કરવા ઇચ્છોછો, પણ તમારી મોટી ભૂલ છે. ઘણાવાર પ્રથમ તો ઉંટ વૈદ્ય દર્દ મટાડવાને સુગમતા બતાવે છે, પણ પાછળથી તેમાં વાપરવા ધારેલી માત્રીકાઓનાં મન માન્યાં નાણાં તેઓ તમો પાસેથી કઢાવે છે.

ઘણા વેહેમી નોકર લોકો અને બીજાઓ દાકતરનું સર્ટિફીકેટ મળવા કે રજા મળવાને માટે દવા લેવા લાગે છે પણ તે પીતા નથી; તેમજ વહેમીઓ વહેમને લીધે અર્ક જેવી દવાને દવાખાના બહાર કે ઘર આગળ જઇ ઢોળી નાખે છે. તે મૂર્ખાઈથી સમજે છે કે " અમે દાકતરથી કે દાકતરી દવા રાખનાર સત્ય વૈદ્યથી હોશિઆર છીયે. તેની દવા (દારૂ પાણી) માં માલ કયાં છે? એથી તો આપણા [ઉંટ] વૈદ્યો સારા છે." પણ તેને તેના ઉંટ વૈદ્યોની પંડિતાઈની ખબર હોય તો તે વૈદ્યોને પૂછો કે શરીરના હાડ પીંજરની પણ વાત કહી જાણે છે? અને જો તે તેટલું વૈદ્યક વિદ્યાનું પ્રથમ પગથીયું પણ ન જાણતા હોય તો તે શરીરની જન્ય ભિન્ન, ભિન્ન વ્યાપાર, રસાયણ જ્ઞાન, રોગ જ્ઞાન, ને ઔષધિ જ્ઞાન ઇત્યાદી એ સર્વ ક્યાંથી જાણતા હોય. વળી તેવા ઘણા દર્દ પર ઘણીજ સખત કરી પાળવાની મૂર્ખ વર્ગમાં અફવા ફેલાવે છે, પણ તે માટે ને નાડી જોવા માટે દર્દીએ સત્ય

વૈદ્યની સાથે (મનથી) તકરાર લેવી જોઇએ. કેમકે આજ કાલ જે નાડી જોવાનો રીવાજ ચાલેલો છે, તે પણ નાડી માત્ર થોડાજ રોગમાં જોવી જોઇએ છીએ. માટે તે વિષેની શંકા દર્દીએ દુર કરવી જોઈએ. સત્ય વૈદ્યના કહેવા પ્રમાણેજ દવા લેતા આવવું. તેને સાચવવી, હલાવવી, પીવી ને પરહેજ રાખવી. અને મન ગામી ન થતાં, મન ધાર્યું ડાહાપણુ ન ડોળતાં જો યથાર્થપણે વૈદ્ય વચન ભક્ત થયા તોજ રોગ મટે. તેના કહેવામાં પણ કશી શંકા ધરવી તે મિથ્યા છે. કારણ તે બાબતોમાં તેથી આપણે ડાહ્યા નજ હોઇએ એમ નક્કી સમજવું.

ઘણી એક માતાઓ વાંધા (ધુપણી–સોમરોગ)ના દર્દથી કે ચાંદી પ્રમેહ જેવા ગુપ્ત સ્થાનમાંથી ઝરનારા દર્દથી પીડા પામે છે. પરંતુ તે દર્દને પીચકારીથી ધોઇને ઝટ મટાડવાનું કહેતાં ના પાડે છે. વળી તે બાબતમાં સત્ય વૈદ્ય પાસે શરમાવું એ મિથ્યા ને હાનીકર્ત્તા છે. ઘણી સ્ત્રીયો તેથી પીડાય છે, ને મરણ પામે છે. આવી શરમ વૈદ્યને સુયાણી પાસે રાખવી એ કશા કામની નથી, ને માત્ર હાનીકર્ત્તા છે. સત્ય વૈદ્ય પાપી મનનો નજ હોય માટે તેવા દર્દ સારૂ તેવા ઇલાજ લેતાં શરમાવું નહીં. એજ પ્રમાણે શરમાળ પુરૂષોએ પણ સમજવું. પ્રમેહ, ચાંદી જેવા દર્દના શિઘ્ર ઇલાજ લેવા. ઘણીવાર દર્દી વર્ગ એવો બુમાટ ઉઠાવે છે કે “ ઉંટ વૈદ્યો જેવાથી ઘણા ઇલાજ ન લઇએ, પણ ધર્માદા દવાખાનાના દાકતર નિષ્કાળજીવાળા ને લોભી હોવાથી (હરેક યુક્તિથી ફીનો દર કઢાવવો) અમારે ગરીબોને બંધ બેસતું નથી. એ વાત કોઈ કોઈ ઠેકાણે જોવામાં આવે છે ખરી, પણ તમોને તેમ જણાય તો સરકારને ફી કઢાવવી નંખાવવા અરજ કરો. સરકાર અંતરજામી નથી કે એવું અંધેર અરજ વિના જાણે. વળી આપણે એકલા ધર્માદા દવાખાનાના દાક્તર ઉપરજ આધાર ન રાખવો એવાં દવાખાનાં ગરીબોને માટે છે. શ્રીમંતોને માટે નથી. આજ સત્યવૈદ્યોની ઘણી અછત છે, માટે દરેક સ્થળે સત્ય વૈદ્યો થાય તેવા ઉપાય લેવા જોઈએ. અને દવા પણ તેવાનેજ ત્યાંથી તેના ઘરગથુ દવાખાનાથી લેવી, કે જેથી આગળ પાછળ દર્દના સંબંધમાં નિષ્કાળજી ન થતાં શ્રદ્ધા સચવાશે. ઘણીવાર દર્દોના વધારો થાય છે અને જોઈએ તેવા સત્ય વૈદ્યો મળવા સર્વને દુર્લભ થાય છે. તેથી ઘણાને માત્ર વૈદ્ય ન મળવાથીજ મૃત્યુ શરણ થવું પડે છે. ઘણાં દર્દો ન મટતાં એકદમ મારક થાય છે, અને તેમાં દવા કરનાર સત્ય વૈદ્યની પણ કારી ફાવતી નથી. તેવા દર્દોમાં દર્દી મરણ પામે તો મુર્ખો જેમ નસીબના ચેડા કાઢી “હરી કરે સો હોય. ” એમ બોલે છે, ને એનું ઔષધ કરનાર વૈદ્યની મશ્કરી કરે છે. તેમ કરવું કે સમજવું એ સજ્જન મનુષ્યનું કામ નથી. તેણે સમજવું જોઇએ કે ઘણાં દર્દો એવાં હોય છે કે તેમાંથી દર્દી મરશે કે જીવશે એમ માલમ

ન પડતાં સારા કે નરસા પરિણામ જોવાને વળગી રહી દવા કરવી જોઇએ છીએ. ઘણી વાર ન કળવામાં આવે એવા દર્દનો કોઇ સત્ય શાસ્ત્રજ્ઞ વૈદ્ય રોગોપચાર કરે છે ને તે માટે દવાના ને મહેનતના પૈસા અગાઊ લીધેલા હોય છે. અને તેનું પરિણામ કાળ વર્ષની ખંડણી પેઠે, અગર વ્યાપારના સટ્ટા મુજબ વખતે સારૂ ન ઉતરે તો જે મુર્ખ લોકો તેથી વૈદ્યનાં વાંકા બોલેછે તેને બોલવું વાજબી નથી. તેમજ દર્દનો ઠરાવ કરેલો ન દેવો અને કૃતઘ્ની થઇ "અર્થ સર્યો ને વૈદ્ય વેરી" એમ જે કેટલાક પાખંડી મનુષ્યો કરેછે તેમ કદી પણ સત્ય સમજના મનુષ્યે કરવું નહીં. છેવટ કહેવાનું કે ઉપર બતાવ્યા પ્રમાણે સત્ય વૈદ્ય પ્રત્યે સુવર્તન કરશો તો આરોગ્ય, સુખી ને શાંત દૈવતમંત રહી, મોટા રોગોથી બચી જઇ લાંબી જીંદગી ગુજારશો.

અંક ૧૫ મો.

અગત્યની અરજી.†

દેશી બંધુઓ! આ અરજી અથવા અપીલ હું તમને એવા લોકો તરફથી કરૂંછું કે જેઓ હાલને સમે ખરાબ ખસ્ત થઇ ગયા છે, જેઓ અભણ હોવાથી લખી કે સહી કરી પણ ભાગ્યેજ જાણે છે, અને જેઓનો અવાજ નગારામાં તુતીની પેઠે આ ભવમાં કોઈ સાંભળનાર ન હોવાથી તેમને અતિશય સોસવું પડેછે એ લોકો તે આપણા દેશના ભૂખે મરતા કારીગરો છે. વંશ પરંપરાથી તેમના ગ્રાહક છતાં તમોએ કેટલીક મુદતથી તેમનો માલ લેવો છોડી દીધો, તેથી થયલાં અને થતા નુકશાન બદલ ઇનસાફની રૂઇએ દાવો કરવાને તેમને આધાર છે; પરંતુ એ મુદ્દે તેઓ તમને કોર્ટમાં ઘસડવા ચાહાતા નથી. તમારી પ્રતિષ્ઠિત લાગણીને, તમારી ન્યાય બુદ્ધિને, તમારા દેશાભિમાનને, તમારી દયાવૃત્તિને, અને ટુંકામાં તમારી તમામ સદ્‌ગુણ અને સદ્‌વિચાર પેદા કરનાર લાગણીઓને એક વાર અસરકારક લખીત અપીલ કરવી એજ વિવેકની મર્યાદામાં બસ છે, એમ જાણી તેમના ગર્ભિત મુખત્યારનામાસહ આ અપીલ સર્વે દેશી ભાઈઓને કરવામાં આવે છે.

કેટલાં વર્ષથી ગ્રાહક તરીકે તમારા ઉપર તેમનો હક છે તે અટકળી પણ શકાય એમ નથી. કાદોકદમીથી તેમની અને તમારી વચે આ જાતનો વ્યવહાર ચાલ્યો આવ્યો છે. તમે થોડી મુદત થયાંજ તેમની તરફ બેદરકારપણું વાપરવા માંડયું છે. હજી સુધી તમે આ વ્યવહાર તદન

---

† અથવા અપીલ ગરીબ કારીગરો તરફથી દેશી જનોને કરનાર સેવક હરગોવનદાસ દવારકાંદાસ કાંટાવાળા.

છોડી દીધો નથી, માટે દાવાનું કારણ હજી ચાલુજ છે, અને તેથી આ અપીલને મુદતનો કાયદો બિલકુલ લાગુ પડતો નથી.

વ્યવહારાદિના કાયદા કાનુન બાંધનાર તમારા વડીલો હતા. તેમણે અમુક જાતીએ અમુક ધંધા અથવા કર્મ કરવાનો શુદ્ધ બુદ્ધિ વડે અને રૂડા હેતુથી બંધ બાંધ્યો. એ બંધન વડે અમારા અસીલોને ભાગ અનેક તરેહના હુનર કરવાનું આવ્યું. એ બંધન તોડી ન શકાય એવાં થઈ પડવાથી જેમ મારા અસીલોને એમાંજ લાગુ થઈ રહેવાની જરૂર થઇ, તેમ તમારે તેમના ઉદર પોષણ સારૂ તેમના કસબને આશરો આપવાની ફરજ છે, તમારા વડીલોએ કરેલો કરાર તમે પોતેજ પેહેલ કરીને તોડોછો એ જેમ તમને લાંછન આપનારૂં છે તેમ તે કારીગરોને તથા દેશ સમસ્તને નુકશાનકારી છે.

હરેક દેશમાં કારીગરોને આશરો આપવાના કરાર હજી સુધી પાળવામાં આવે છે. મોંહકતરીકે માલ ખરીદ કરવો એટલુંજ નહીં પણ તેમને અનેક રસ્તે ઉત્તેજન આપવું એ આપણી ફરજ છે એમ ત્યાંના લોકો સમજેછે, તમારા જેવું કારીગરો પ્રત્યે બેદરકારપણું બીજા કોઈ દેશમાં જોવામાં આવતું નથી.

ધન્ય છે તમારા કરતાં પરોપકારી અંગ્રેજોને કે જેમણે વગર અરજીએ કારીગરોની દાદ સાંભળી. લાર્ડ રિપન જેવા દયાળુ અને માયાળુ વાઈસરાયને કારીગરોની અધમ સ્થિતિ જોઇ અતિશય લાગ્યું. પોતાના દેશનું જેમાં અહિત થાય એવું હતું તોપણ તેની દરકાર ન રાખીને હિંદુસ્તાનના કારીગરોને ઉત્તેજન મળે એટલા સારૂ તેમના માલનોજ સરકારી કામ કાજમાં ઉપયોગ થવા સારૂ ઠરાવ ઉપર ઠરાવ કાઢવામાં આવ્યા. આ ઉપરથીજ કારીગરોનો દાવો સાબીત થાય છે; પણ તમે તેમને ગણકારો છો ક્યાં?

તમારા તરફથી તકરારની ખાતર કદાચ એમ કહેવામાં આવશે કે કારીગરો અમને રૂચતો માલ બનાવે નહીં અને તે સસ્તો પડી શકે નહીં તો અમે તે શા સારૂ ખરીદ કરીએ? તેનો પ્રથમ ખુલાસો એકે તમારી અને તેમની વચ્ચેના ચાલતા કરાર પાળવા સારૂ તમારે ખરીદવો જોઇએ. બીજો ખુલાસો એકે તેમાં તમારૂં પોતાનું હિત પણ રહેલું છે. તમે કારીગરોનાજ સંબંધમાં ટુંકી નજરે જુઓ છો તેથી પરિણામનું ખરૂં ચિત્ર તમારી આંખના માંહેલા પડદામાં પડી શકતું નથી. દેશની સ્થિતિ દિન પર દિન ગરીબ થતી જાય છે. વાણિઆ અને બીજા વેપારીઓ વેપાર રોજગારનો તાલ નથી એમ કહે છે. બ્રાહ્મણોને કોઇ પોપતું નથી અને ખેડુતોને અંનવસ્ત્ર મળતાં નથી. એમ તમે સર્વે બુમો પાડો છો તેનું એક મોટું કારણ તમારા કારીગરોનીજ પડતી છે એમ જરૂર સમજજો. દાખલા માટે ધારો કે એક કસ્બાને જોઇએ તેટલું તમામ કાપડ વિલાયતથી આવે

છે તો તેનું વેચાણ કરવાને બે ચાર દુકાનો બસ થશે પણ એ સઘળું કાપડ જો એજ ગામમાં તૈયાર થતું હોત તો તે વડે કેટલીક દુકાનો ચાલત તે તપાસી જુઓ. રૂ પીંજવા, કાંતવા, વણવા અને તે સૌ વેચવા સાટવામાં કેટલાં માણસનું ગુજરાન ચાલત વારૂ?

ત્રીજો ખુલાસો એ છે કે કારીગરો જો સારો માલ તૈયાર કરતા નથી તો તેઓ સારો માલ કરે એવા ઉપાય યોજો. કાંધું કરીને એક કણબીને ત્યાં ભેંસ બંધાવીનેજ શાહુકાર બેસી રહેતો નથી. કણબી ભેંસની માવજત કરે છે કે નહીં તથા ભેંસને પૂરતી રીતે ઘાસ, દાણો, બાફણું વગેરે મળે છે કે નહીં તે ઉપર તે હમેશ નજર રાખે છે, કેમકે જો શાહુકાર બે દરકાર રહેતો કાંધું બરાબર ભરાય નહીં અને ઉભયતાને નુકશાન પહોંચે. આવીજ રીતનો સંબંધ તમારી અને કારીગરોની વચ્ચે રહેલો છે એમ કહીએ તો તે સંભવીત છે. તમારા ઘરમાં તમને રૂચે એવી રસોઇ થતી નથી એ કારણસર તમે રાંધનાર બૈરાંને તજી દેશો અગર બીજે ઠેકાણે સારૂ ખાવાની લાલચે ભટકતા ફરશો એમ બનનાર નથી. તમારો ને કારીગરોનો સંબંધ વંશપરંપરાથી નિકટનો ચાલ્યો આવે છે. તમે સૌ એક દેશી અથવા એક કુટુંબી છો. એક બીજાનું હિત પરસ્પરની મદદ ઉપર રહેલું છે માટે વખતે અણગમતું પણ ચલાવી લેવું પડે.

ચોથો ખુલાસો એવો છે કે મારા અસીલોનો માલ હલકો ને મોંઘો છે માટે તમે કરાર તોડયો એમ જે દલીલ બતાવો તે સર્વે વાતે પાયાદાર હોય એમ હું માનતો નથી. દેખીતાં ઈદ્રવર્ણાથી તમે મોહી પડયા છો એ દુર્ભાગ્યની વાત છે. સારા ખોટાનો પાકો વિચાર કર્યા વગર પરદેશી બહારના ચળકાટ ઉપર તમે પતંગીઆની પેઠે પડવા માંડયા એ ખરેખર ખેદકારક છે. રૂપનો ખોટો ભાસ હોય તેને રૂપાળું ગણવું, ચાર દહાડાના ચાંદરણાથી મોહિત થવું, ગુણના કરતાં રૂપને વધારે આપવું, ગુણનુંજ કામ હોય ત્યાં પણ રૂપને વધારે ધાવું એ કંઇ નહીં પણ તમારી ન્યાય બુદ્ધિમાં ખામી બતાવી આપે છે. મોઘું એટલે શું અને સોંઘું તે શું એ વિષે તમે પુખ્ત વિચાર કર્યો જણાતો નથી. તમે પોતે ધીમે ધીમે એવી તંગ હાલતમાં આવતા જાઓ છો કે તેથી તમારી વૃત્તિ હલકાને તકલદી માલપર જાય એ સ્વાભાવિક પણ અલ્પ બુદ્ધિનું પરિણામ છે. એ માર્ગ પકડવાથી આબાદી નહીં પણ અધમ સ્થિતિજ થવાની.

પાંચમો ખુલાસો એ છે કે કારીગરોને તરછોડવાનું કારણ જો મોંઘો ને જાડો માલજ હોય તો ઉપર કહ્યા પ્રમાણે તેને સુધારવો એ તમારી ફરજ છે. તેઓની બુદ્ધિ નાશ પામી ગઇ છે કે તેમનામાંથી કારીગરી નાબુદ થઇ ગઇ છે એમ નથી. જો તેમને ઉત્તેજન મળે તો તેઓ કહો તેવો માલ તૈયાર કરી તમને રંજન કરી શકે. પરદેશી સંચે તથા ભભકા ભરેલા પ-

દાર્થ હાથે તૈયાર કરતાં પ્રથમ કદાચ તે થોડા મોંઘા પડે તોપણ તેમને ઉત્તેજન આપવાની ખાતર તે ખરીદવા જોઇએ. અહીંયાં અર્થવિદ્યાનું નકામું ડંફાણ ઘોચી ઘાલશો તો એ પરદેશી અર્થવિદ્યા આપણા દેશને અનર્થનું કારણ થઇ પડશે એ ખચીત સમજજો. સર્વ દેશને સર્વ કાળે અને સર્વ સ્થિતિમાં લાગુ પડે એવી અર્થવિદ્યા પૂર્ણ નથીજ. અને તે દરેક દેશને માટે જૂદી હોઈ શકે.

આ અપીલ ઘણી લાંબી કરીને હું તમને કંટાળો આપવા ચાહાતો નથી. મેં મારા અસીલોના લાભમાં જે જે મુદ્દા વગર સનંદી વકીલને કાયદા કાનુનના અપૂર્ણ જ્ઞાનની અંદર જડી આવે તે ઉપર બતાવ્યા. એ ઉપરથી તમને એટલું તો જણાયા વગર રહેનાર નથી કે મારા અસીલોની ફરીઆદ નાપાયાદાર નથી. વળી તમારામાંના ઘણા ખરા મારી વાત કબુલ કરે છે અને કેટલાક તો તેનો સ્વિકાર પણ કરે છે અને એ કારણોથી પણ અસીલોના દાવો તમારા સર્વે ઉપર સમગ્ર લાગુ પાડી શકાય. જેઓ મારા અસીલોની હિમાયત કરે છે તેઓ મૂઠીભર હોવાથી ફક્ત ટકટકાટ કે ધમપછાડા કર્યા સિવાય જાદે કરી શક્યા નથી. તેમણે શરૂઆત કરી છે પણ તેની અસર હજુ અસીલોના લાભમાં થોડીજ જણાઈ છે; તેમણે કહીં કહીં બીજ વાવ્યાં છે પણ પાણીના સીંચન વગર તેઓ કરમાઇ જશે, વાડ વગેરેથી રક્ષણ કર્યા વગર તેઓ ભેલાઇ જશે, નીંઘા વગર તેઓ ગરચાઇ જશે; ખેડ ખાતર ને માવજત વગર તેઓ ઊછરશે નહીં.

છેવટ અરજ એ છે કે કારીગરોની સ્થિતિ ઉપર તમારી દયાવૃત્તિ ફેરવી જુઓ. તેમને અધમ ખાડામાંથી કાઢવામાં તમે મદદ કરો. તમારા ભાઈઓ અધમ હશે તો તમારી ઉત્તમ સ્થિતિ હશે તોપણ તમારે નીચું જોવું પડશે. તમારી ઊત્તમ સ્થિતિ નથી કેમકે તમારી સ્થિતિનો મોટો આધાર કારીગરોની સ્થિતિ ઉપર છે. તમે બાહારના ડોળથી ન અંજાઓ, તમે લાભાલાભનો વિચાર કરો. શાણી સરકારના કાન ઉઘડયા પણ તમારે તો ઉંટ ઉપર નગારાં વાગેજ જાય છે. તમે શુદ્ધબુદ્ધ ઠેકાણે લાવી દેશી માલ વાપરવાનો નિશ્ચય કરો, તેને સુધારવા યત્ન કરો, તેના બનાવનારને ઉત્તેજન મળવા તમારી કમાઈમાંથી કાંઈ પણ વાપરો, તમે સમજીને બીજાઓને ઊપદેશ કરો, અને લોકોના ગાડરીઆ પ્રવાહનું વલણ પાછું સ્વદેશહિત તરફ ખેંચી લાવો, એજ ગરીબની વિનતિ, એજ સેવકની વિજ્ઞાપના, એજ બંદેકી અરજ, અને એજ તાબેદારની માગણી છે.

અંક ૧૬ મો.

ઉગારો.‡

મહેનત કરીને સુમાર્ગે મેળવવું અને મેળવેલું વિવેકથી ખરચવું એ મનુષ્યનું સંસારમાં મુખ્ય કામ જણાય છે. પેદા કરવાની શકિત માણસમાં જન્મ પર્યંત રહેતી નથી. નાનપણ રમવામાં અને પેદા કરવાનાં સાધન-વિદ્યા વગેરે સંપાદન કરવામાં જાય છે. તરૂણાવસ્થાનો શરૂ ભાગ અનુભવ મેળવવામાં રોકાય છે. ઘરડપણમાં અશકિતને લીધે ઘણું કરીને કમાઈ શકાતું નથી મતલબ કે જીંદગીની મધ્ય અવસ્થાજ માત્ર ઉત્પન્ન કરવાને સારી રીતે શકિતમાન હોય છે.

પેદા કરવાનું જીંદગીના થોડા ભાગમાં છે અને ખરચવાનું આખી જીંદગીમાં લાગુ રહે છે કોઈ કહેશે કે નાનપણમાં આપણું ખરચ ખૂટણ માબાપથી કે બીજાથી નીકળે છે પણ એતો ઉછીના વહેવાર જેવું છે આપણું પોષણ નાનપણમાં જેમ બીજાથી થયું તેમ આપણે આપણા બાળ બચ્ચાંને તેમની બાલ્યાવસ્થામાં પોષવાં પડશે.

પેદા કરવાનું જેવું અનિશ્ચિત છે તેવું ખરચ ખૂટણનું બહુધા કરીને નથી. તમે બે પૈસા મેળવી શકો કે નહીં પણ વખત થયે પેટ તો માગશેજ. શરીરને જેવું તેવું પણ લૂગડાં વડે ઢાંકવું પડશે, રહેવાને નબળું ઝુંપડું જોઇશે, સંસારના કેટલાંક નિયમિત ખરચ અશકિત છતાં પણ કરવાની ફરજ પડશે.

આ પ્રમાણે સંસારની રચના હોવાથી માણસે સાવધ રહેવું જોઇએ. કમાવાને યોગ્ય થવા જેવાં સાધન મેળવવાં, સારામાં સારો લાભ થાય અને પોતે કરી શકાય એવો ધંધો ખોળી કાઢવો, સમયસુચકતા, અગમ બુદ્ધિ અને ડહાપણ વડે તે ધંધો ચલાવવો એ જેમ કમાઇને માટે આવશ્યક છે તેમ સંસારનું ખરચ ખૂટણ કરકસરથી ચલાવવું. કમાઇમાંથી ભવિષ્યનો વિચાર કરી ઉગારો પાડવો અને ઉગારાનો વધારો થાય એવા ઉપાય યોજવા એ પણ સંસારમાં સારી સ્થિતિએ રહેવા માટે અતિ અગત્યનું છે.

કેમ જાણ્યું કે બારે દહાડા આપણી કમાઇ સારી રહેશે. વેપારમાં અણધારી ખોટ આવે. વર્ષ એક બીજાને ખાતાં આવે, અપંગ થવાય કે પાંગોઠાં ચાલી શકે નહીં, બોહોળો વસ્તાર પેટ પડે, સગાં સાગવાં કે ભાગદાર દગો કરે, રાજકદંડ થાય વગેરે બાબતોનો માણસે અગાઉથી વિચાર કરવો જોઇએ. અનિશ્ચિત કમાઈ થોડો કાળ કરીને આખી જીંદગીનાં નિશ્ચિય અને અનિશ્ચિત ખર્ચ તે ઉપર કરવાનાં છે. એ વિષે વિચાર કરીશું તો કમાઇ-

---

‡ સંગ્રહ સેવિંગ-લખનાર હરગોવિંદ દ્વારકાંદાસ.

માંથી પૈસા બચાવી તેનો સંગ્રહ કરી રાખવાની જરૂર છે એમ માલમ પ-ડ્યા વિના રહેશે નહીં.

ભવિષ્યનો વિચાર જાનવર પણ કરી રાખે છે. આગળ ચોમાસું આ-વશે અને ખાવાને દાણા મેળવવા મુશ્કેલ પડશે એમ સમજી કીડી જેવું નાનું પ્રાણી અનાજના કોઠાર અગાઉથી ભરી રાખે છે. મોસમ વખતે મધમા-ખીઓ મધ સંગ્રહ કરવા મંડી જાય છે. અને બીજી રૂતુઓમાં પોતાને અ-ડચણ ન પડે એટલા સારૂ મોટા પૂડા મધથી ભરી રાખે છે.

પરંતુ ઘણા માણસને આવા હલકા પ્રાણી જેટલો પણ વિચાર થતો નથી એ નવાઇ જેવું છે. ઘણે ઠેકાણે તજવીજ કરતાં તમને માલમ પડશે કે માણસ એક હાથે મેળવે છે અને બીજે હાથે ઉડાવે છે. મિયાંભાઇની પેઠે રોજનું કમાએલું રોજ ભોર મૂકે છે અને આવતી કાલે કેમ થશે તેનો વિચાર કરતા નથી. સંગ્રહ કરવાની જરૂર તેમની નજર આગળ આવતી-જ નથી. મજુર, કારીગર, વસવાયાં, ખેડુત વગેરે લોકોમાં સંગ્રહ કરવાની ટેવ ઘણી થોડી જોવામાં આવે છે. તરૂણાવસ્થામાં કમાવાનું જોર હોય છે પણ એ અવસ્થા ઉદ્ધત અને ઉડાઉ હોવાથી માણસ ઘણીવાર જુવાનીમાં કમાએલું ખોઇ કે ખર્ચી નાંખે છે. “ કીડીના મોમાં કાળીંગડાં ” ની પેઠે એકાએક સારી નોકરી કે સારો રોજગાર પ્રાપ્ત થાય તે જુવાનીઆથી ઘણું કરીને જેરવી શકાતો નથી.

પૈસાનો ઉગારો પાડવો એ પૈસા મેળવ્યા બરાબર છે એવી અંગ્રે-જીમાં કહેવત ચાલે છે. એક મજુર ચાર આના રોજના લાવી તેમાંથી ત્ર-ણ આના ખર્ચે તો તેને એક આનાનો ઉગારો પડ્યો કહેવાય. હવે જો તેણે ચારે આના ખર્ચ કર્યા હોત તો એક આનો મેળવવા માટે તેને બીજે દાહાડે રોકડીમાં કામ કરવા જવું પડત, મતલબ કે રોકડીમાં મહેનત કરી એક આનો મેળવવો અને મજુરીમાંથી આનો બચાવવો એ આ ઠેકાણે સરખું થઇ રહ્યું.

કરકસર અને સંગ્રહ કરવાની સમજ આપણા લોકમાં નથી એમ ક-હેવાનો મારો હેતુ નથી. આ બાબતમાં આપણો દેશ બીજા ઘણા દેશ ક-રતાં ચડે એમ છે. આપણે અહીં આ બાબતનું અર્થશાસ્ત્ર અનુભવ સિદ્ધ છે, અને તેને ઘણા સમજુઓ હજુ પણ અનુભવે છેજ; પરંતુ હલકા વ-ર્ગોનું આ બાબતમાં લક્ષ ઘણું ઘટયું છે, અને બીજા વર્ગોમાં સમાગમ વડે તથા બીજા કેટલાક કારણથી એ ઉપર ધ્યાન ઓછું અપાય છે. એ માટે આ વિષયનું વિવેચન થવાની જરૂર છે.

ઉગારાની અગત્ય સૌ સમજે છે પણ ઘણાથી ઉગારો થઇ શકતો નથી. અને ઘણા જોઇએ તેટલો ઉગારો પાડતા નથી. જેઓ એવાછે તે-મણે ખરા મનથી ઉગારાને માટે મહેનત કરવી જોઇએ. કોઇપણ જાતની

સારી ટેવ ખરા મનથી તેની પાછળ પડયા શિવાય પડતી નથી. ઊપર જણાવેલી ભવિષ્યની હરકતો ધ્યાનમાં લેતાં કમાઇમાંથી અર્ધ અથવા વધારે બચાવવાની જરૂર છે. જેમની કમાઈ છેક થોડી છે તેમનાથી એટલું બચાવાય નહીં એ ખરૂં છે. એવા માણસોએ પોતાની કમાઇનો ત્રીજો ચોથો કે નિદાન કંઈપણુ અંશ બચાવવો જોઈએ.

ઉગારો કેમ જળવાય અને તેનો કેવો ઉપયોગ કરવો એ બાબતમાં ઘણીવાર માણસ છકડ ખાય છે અને છેતરાય છે. વિશેષે કરીને નોકરી ચાકરી કે મહેનત મજુરી કરનાર તથા ખેડુ વગેરેને વધારે હરકત પડે છે. જેઓ વેપાર રોજગાર કરનારા છે તેમને પોતાનો ઊગારો વેપાર રોજગારનાના ભંડોળમાં વાપરવાનું બની આવેછે. બીજાઓ જેઓ સારૂ બચાવી શકે છે તેઓ બચાવેલાં નાણાંને અનેક રસ્તે કામે લગાડે છે, એટલે કોઇ દાટી મૂકે છે, કોઈ દરદાગીના કરાવે છે, કોઇ અનામત થાપણુ મૂકે છે, કોઇ જમીન લેછે, કોઇ કંપનીઓના શેર કે સરકારની લોન લેછે વગેરે.

બચાવેલાં નાણાંનો ઉત્તમ ઊપયોગ તો એજ છે કે જે વડે “નાણું નાણાને તાણી લાવે” એમ થાય. બચાવેલાં નાણાં વેપાર રોજગારમાં રોકાય અને તે નફો કે વ્યાજ તાણી લાવે એમ થાય તે સર્વોત્તમ કહેવાય. સમૂળગાં નાણાં ન તણાઇ જાય કે નફાને બદલે નુકશાન ન થઈ બેસે એ બાબતનો વિચાર નાણાં રોકતા અગાઉ અલબત કરવો જોઇએ. જે માર્ગે વૃદ્ધિ ન થાય તે માર્ગે બચેલાં નાણાં રોકવા એતો કનિષ્ટ પ્રકાર છે, પરંતુ જેઓ બચાવતાજ નથી અગર ઊંધાં અવળાં કરી બેસે છે તેમના કરતાં તેવે માર્ગે રોકનારા ચઢીઆતા છે એમ સમજવું.

ઉગારા વડેજ માણુસની તેમજ દેશની મિલકત થાયછે, અને તેથીજ એ મિલકત વધી શકે છે. જે માણુસ કે દેશ ઉત્પન્ન કરે તેટલુંજ ખર્ચી નાખે તે કોઈ દિવસ સધન થાય નહીં, સ્થાવર જંગમ મિલકત નાણાંસંચય કર્યા શિવાય સાંપડી શકે નહીં, માટે જેઓ સંચય કરતા નથી તેઓ દેશને બોજા સમાન છે. વળી સંચય કરેલું નકામું રોકી રાખવાથી વેપાર રોજગારમાં વૃદ્ધિ ન થાય અને તેથી દેશની આબાદીમાં તે ઉપયોગી થઇ પડે નહીં.

વેપાર રોજગારની આપણી હાલની હાલત વિચિત્ર છે. દેશમાં ઉદ્યોગનો ઉઠાવ નથી અને પરદેશના વ્યાપારમાં કસ નથી તેથી પૈસાદાર વ્યાપારીઓ પણુ રોજગાર કરતાં બીહે છે. ઘણા વેપારીઓની હાલત તંગ છે તેઓ વેપાર કરવા ઇચ્છતા હોય તોપણુ લોક તેમને નાણાં ધીરતાં આચકો ખાય છે. આમ હોવાથી લોકનું વલણુ જમીન અથવા સરકાર કે બેંકો તરફ જાય છે. જમીનમાં પણુ ઘણો કસ રહ્યો નથી અને એ ઊપર પડાપડી થઈ કે લાભ નહીં સરખો થઇ જશે.

નોકર ચાકર જે નાણાં ઉગારે પાડે તેને રોકવા માટે સરકારે સેવિંગબેંક

(સંગ્રહ કરવાની પેઢી) કાઢેલી છે. હાલ તેમાં પાંચ આના વ્યાજ મળે છે અને અમુક નાણાની રકમ ગમે તે માણસ મૂકવા આવે તે જમા કરવામાં આવે છે. ત્રણ હજાર કરતાં વધારે નાણાં એક માણસને ખાતે તેમાં જમે મંડાતાં નથી. આ સરકારી પેઢીઓ સંચય કરેલાં નાણાં રોકવાને સારી ને સલામત છે. જેઓ જાણે છે તેઓ એનો લાભ લે છે પણ ઘણા માણુસોને એની પૂરી માહીતી નથી. ઘણાક સરકાર સાથે સંબંધ રાખવામાં ડર ખાય છે અને એ દુકાન જીલ્લામાં એકજ હોવાથી તેનો લાભ ઘણા લોકોથી લઇ શકાતો નથી.

આવી બેંકો જુજ ઊગારો પાડનારને તો ઉપયોગી થવી મુશ્કેલ છે. જે માણુસ ચાર આના કમાઈને તેમાંથી એક આનો બચાવે તેણે બચાવેલા આનાને શું કરવું? જો તે ઘરમાં રહેવા દે તો વપરાઇ જાય. પાસે કે નજીકમાં પૈસા છતાં ન વાપરવા એ દૃઢ મનનું કામ છે. એવું દૃઢ મન ઘણાનું હોતું નથી અને તેથી એવા બચેલા પૈસા ગમે તેમ ચાલ્યા જાય છે. એવા લોકોએ એક હડકો—ગલ્લો કે એવું કાંઇ કરી રાખવું જોઇએ અને તેમાં દરરોજ કંઇ પણ નાખવું અને પાકી હરકત વગર તેમાંથી કાંઇ કાઢવું નહીં એવો ઠરાવ કરવો જોઇએ. પોતે ખરચાળ હોય તો પોતાના ઘરમાં જે ખરચે નહી ને ખરચવા ન દે એવું હોય તેના હવાલામાં તે આપવું. કેટલીક મુદ્દતે એક રકમ થાય એટલે જો પ્રતિષ્ઠિત શાહુકાર હોય તો તેને ત્યાં વ્યાજે મૂકવી; વ્યાજ ન મળે એમજ હોય તો અનામત રાખવી, દાગીનો કરાવવો કે કંઈ પણ નાણાં ઉપજી શકે એવું વેચાતું લેવું.

સુધરેલા દેશોમાં ગરીબ લોકોને માટે સેવિંગ બેંકો હોય છે તેમાં નાની નાની રકમો પણ જમે માંડે છે અને થોડું વ્યાજ પણ આપે છે; એથી ગરીબ લોકોને બચાવવાની લાલચ થાય છે. પૈસો બચે છે, અને તે વેપાર રોજગારમાં આ રીતે વાપરી શકાય છે. આપણે અહીં એવી બેંકો નથી એ ખેદકારક છે, એવી બેંકો કાઢી શકાય અને તેમાં કમાઈ પણ થઈ શકે. આબરૂદાર શેઠીઆ એવું કામ આદરે તો એક જાતનો ધંધો જાગે અને લોકને લાભ થાય. લોકોને વિશ્વાસ પડે તો તેઓ ખસુસ નાણાં ભરવા આવે. આ કામ જેમ અગત્યનું છે તેમ તેમાં સ્વાર્થને પરમાર્થ બંને રહેલા છે.

જેઓ સારૂં બચાવી શકે છે તેઓએ દેશની આબાદી થાય એવા નવા નવા હુનર કાઢવામાં પૈસા રોકવા જોઇએ. એથી સ્વાર્થ ને પરમાર્થ બંને સધાશે. સરકારી સેવિંગ બેંક અને લોનો બધાને માટે બસ નથી. બધાએ એકજ તરફ વળવું એ ઠીક નથી. એવા વ્યાજખાઉ કામથી દેશની ઉત્પન્ન શક્તિમાં અને પરિણામે આબાદીમાં વધારો નથી. માટે સારો માર્ગ તો એજ કે જોઇન્ટ સ્ટાક કંપનીઓ (ઘણા માણસોનો પંત્યાળો વેપાર) શેર ભરીને જૂદા જૂદા કામને માટે કાઢવી. એવા ઘણા ઉદ્યમ છે કે જેમાં-

થી નફો મળી શકે. થોડી થોડી રકમો ઘણા કામ પાછળ રોકી હોય તો સરવાળે નુકશાન ન આવે. માટે આવું આવું કામ સમજુ લોકોએ આદરી બેસવું ઘટે છે.

અંક ૧૭ મો.

મદ્યપાન (દારૂ.)*

અંગ્રેજ લોકો આ દેશમાં આવવાથી આ દેશમાં જે ફાયદાઓ થયા તે સર્વના ગુણ પાછા હઠાવનાર અથવા તેનાથી થતા લાભનું ફળ નહીં મળવા દેનાર મધુપાનનો દુર્ગુણ દેશીઓમાં પેઠેલો છે. હું એમ નથી કહેવા માગતો કે અંગ્રેજો આવતા પહેલાં આ દેશમાં લોકો મધુપાન બીલકુલ નહીં કરતા હતા. હલકા વર્ણના અને કવચિત ઊંચ વર્ણના કેટલાક લોકો પણ છાનીછપનીથી ગુપ્ત રીતે દારૂ પીતા હતા; પણ તેમની સંખ્યામાં હાલના વખતમાં વધારો ઘણો થયો છે, એટલુંજ નહીં પણ પ્રથમ આ દેશમાં થતા મદ્યપાન કરતાં ઘણો કડક, વિષારી અર્કનો દારૂ પીવાનો પ્રચાર ઉંચી કોમમાં પેઠો છે એ મહા હાની કારક અને ખેદ જનક વાત છે. ઉંચી પ્રતનો વિદ્યાભ્યાસ દારૂ પીવાનો અભ્યાસ કર્યા વિના પૂર્ણ થતો નથી અથવા સુધારાના સાથી થવામાં મદિરા સંસ્કાર આવશ્યક છે એવા જે લોકો ભણેલા અને અધિકાર વાળા છે અથવા જેઓને બીજી રીતે સભ્ય અને આબરૂદાર એ વિશેષણ છાજે એવા લોકોમાં બેસવાને પણ દારૂ પીવાનો અભ્યાસ હોયા વિના કોઇ માણસ લાયક થતો નથી. એવી થોડી મુદ્દત પહેલાં લોકોની સમજ હતી એમ કહીએતો ચાલે અને એ સમજ હજુ પણ કેવળ નિર્મૂળ થઈ છે એમ નથી. આથી એમ કહેવાનું નથી કે ઉંચી જાતની કેળવણી મેળવેલા બધા લોકો દારૂ પીનાર (મદ્યપી) છે અથવા એ દારૂ બધા જુવાન લોકોમાં પેઠો છે. પણ એટલું તો કહેવાને હરકત નથી કે એ દારૂનો એટલો પ્રસાર આપણા લોકોમાં થયો છે કે તે અટકશે નહીં તો આ દેશની ભાવી સ્થિતિ કેવી દુર્બળ અને ખરાબ થશે એનું અનુમાન કરવું અશક્ય છે. જે યુવાન વિદ્વાનોએ વિદ્યાભ્યાસ કરવામાં વર્ષોનાંવર્ષ ગુજાર્યાં અને ભણીગણીને આ આર્યભૂમિની સેવા બજાવવા જેઓ તૈયાર થયલા તેઓમાંના કેટલાકનો ગ્રાસ આ રાક્ષસ રૂપી મદિરાએ કર્યો છે એ આપણે જોયું છે. આ દુષ્ટ વ્યસન માણસને વીંટળાવાથી તેના પૈસાની, શરીરની અને આબરૂની હાની થાય છે. એનાથી તેને બીજા દુર્ગુણ પણ વળગે છે. તે માણસની બુદ્ધિ, શક્તિ અને

---

* લખનાર રઘનાથરાવ મહાદેવ કેલકર.

કામ કરવાની અથવા લોકોપયોગી કામમાં પડવાની ઉત્સાહશક્તિ પણ જાય છે. અરેરે! જે જુવાન રત્ન આ દેશની સ્થિતિ સુધારવાના કામમાં મોટા ઉપયોગી થઇ પડત તેવા કેટલાક આપણા હાથમાંથી જઇ દુષ્ટમૃત્યુના ભક્ષ થયા છે. કેટલાક વ્યાધિ ગ્રસ્ત થઈ કામના રહ્યા નથી. અને ઘણું કરી તે એવા દુરાચરણીઓને સાજા થવાનો સંભવ થોડોજ હોય છે. એ પણ આ દેશને મોટી હાની છે. એ વાતનું સ્મરણ થવાથી કોઇ પણ દેશને કમકમાટ ઊપજ્યા વગર રહેશે નહીં.

પ્રાચીન કાળમાં આ દેશના લોકો જ્યારે ઉંચી સ્થિતિમાં હતા ત્યારે તેઓ મદ્યપાન કરતા નહોતા. શાસ્ત્રમાં (કાયદામાં) એટલે સુધી સખ્તાઇ હતી કે જો મદ્યનો બિંદુ શરીર ઉપર પડે તો તેટલું માંસ કાપી નાંખવું. મુસલમાનોના કાયદામાં પણ એમજ છે. મદ્ય એ મહા નિંદ્ય પદાર્થ ને મદ્યપી મોટો પાપી ગણેલો છે. આ દેશની સ્થિતિ જ્યારે બગડતી ચાલી ત્યારે કેટલાક તાંત્રિકો ધર્મને બહાને અનાચાર પ્રવર્તક થયા. તેમણે શક્તિ પૂજા કરવામાં મદ્યપાન દાખલ કર્યું. એ દુષ્ટ લોકોએ મદ્યનું નૈવેદ કરવાથી અને તે પ્રસાદ લેવાથી મોક્ષ મળે છે ઇત્યાદી જુઠાં અને લુચ્ચાઇનાં વચનો પ્રસાર કર્યાં. પણ એ મહા પાપીઓનેજ શંકરમુનીએ હરાવ્યા તથા એ ચાલ અટકાવ્યો. જો કે એ મહા દુષ્ટ મત નિર્મૂળ થયો નથી તોપણ તે ઘણું કમી થઇ ગયું છે, અને કદાપિ કોઇ થોડા લોકો એ મતાનુયાયી હશે તોપણ તે ગુપ્ત. અમે અમુક કામ કરીએ છીએ એવું ખુલ્લી રીતે તેઓ બીલકુલ કહી શકતા નથી ને તેમના ઉપર વિશ્વાસ પણ કોઇ રાખતું નથી.

આ દેશમાં મજુરી કરનારા ભીલ, ધાણકા, કોળી ઈત્યાદી નીચી કોમના લોકો દારૂ તથા તાડી પીએ છે, પણ એ લોકો જે દારૂ પીએ છે તે હલકો અને શરીરને ઘણી ઈજા કરે એવો હોતો નથી. તેની સાથે કેટલાક લોકોનું મત છે કે એવી રીતે મજુરી કરનાર લોકો જો દારૂ પીએ તો તેથી તેમના શ્રમનું પરિહરણ થાય છે. એ વાત ખરી છે કે ખોટી તેનો નિશ્ચય કરવાનો આ નાના નિબંધનો હેતુ નથી; પણ એટલું તો કહેવું જોઇએ કે એવા લોકોએ પણ વધારે દારૂ તો પીવોજ નહીં ને બીલકુલ ન પીએ તો ઘણુંજ સારૂં. દારૂ પીવાથી માણસ બેભાન થાય છે ને તેથી કદાચ એ લોકોને શ્રમ ઓછો થવાનું લાગતું હશે, પણ શ્રમ પરિહાર થવાને બીજાં ઘણાં સાધનો છે. આ નિબંધનો મુખ્ય હેતુ ઉંચા વર્ગના લોકો દારૂ પીએ છે તે પ્રમાણે નહીં કરવો ને તેમાં પણ અર્કનો (સ્પિરિટ) દારૂ વાપરે છે જે વિષવાળો છે તેનો ઉપયોગ બીલકુલ નહીં કરવો એ માટે બે શબ્દ કહેવાનો છે.

પેહેલાં તો એ વાત છે કે કોઇ પણ માદક પદાર્થ સુજ્ઞ પુરૂષે ખાવો અથવા પીવો ન જોઇએ. આપણે સારી બુદ્ધિવાળા છતાં માદક પદાર્થનું સે-

ન કરીને ગાંડા બનવું એનાથી આશ્ચર્ય બીજું કયું છે. જે લોકો દારૂ પીએ છે તેમના મોંની એટલી તો દુર્ગંધ આવે છે કે સારા પુરૂષોને તેમની નજીક બેસવાનો પણ કંટાળો આવે છે. દારૂ પીનારા લોકો રસ્તામાં, કે ગટરમાં બેભાન થઇને પડે છે એ વાત નિત્યે જોવામાં આવે છે ત્યારે એવા દુષ્ટ વ્યસનનો સંગ કરવો એ કેટલું ખોટું છે. એટલુંજ નહીં પણ વિલાયતી અથવા યુરોપના દેશોમાંથી આવેલા દારૂમાં ક્ષારો ઘણા હોય છે. ઉંચાદારૂ જેમ કે શેમ્પેન વીગેરે પાકેલા ફળોના બનાવે છે તે ઘણા મોંઘા હોય છે. ને તે સાધારણ રીતે અહીંના બજારમાં ઘણા વેચાવા આવતા નથી, કેમકે ભારે કીમતના હોવાથી તેનો ખપ ઘણો થતો નથી. એક શોધક લખનાર લખે છે કે ખરા દારૂ જે પાકેલી સારી દ્રાક્ષના બને છે તેના જેવો રંગ તથા વાસ કેટલીક જાતના ક્ષારના અર્ક કાઢવાના યંત્રમાં નાંખી અર્ક કાઢે છે, જેથી તે દારૂનો સુવાસ અને રંગ સારા દારૂ જેવો આવે છે. પણ એમાં ક્ષારનો પણ અર્ક આવે છે જે વીષરૂપી થઇને મનુષ્યના શરીરને મોટી હાની કરે છે. આપણા લોકોમાંથી કેટલાક લોકો જે વિલાયતથી એવી રીતે કૃત્રિમ બની આવેલો દારૂ પીએ છે તે એટલાજ હેતુથી કે યૂરોપીઅન લોકોના એ ગમતના પદાર્થો છે. પણ એ રીતે ગાડરીઆ પ્રવાહની માફક વર્ત્તવું એ બુદ્ધિવાન પુરૂષોનું કામ નથી. એ અર્કના બધા દારૂઓ ગરમ છે. આપણો દેશ ઉષ્ણ હવાનો છે ને તેથી એ ઉષ્ણ હવાના પ્રાણીઓ ઉપર શીત હવા કરતાં ખોટી અસર પણ ઘણી કરે છે; તેમાં હિંદુ અથવા મુસલમાન કે જે લોકો દારૂ પીનારા ઘણું કરીને હોતા નથી તેવા લોકો નવો સવો પીવા માંડે છે ત્યારે તેમનાં કાલજાં ઉપર ગરમીની અસર થઇને વધારે વધારે પીવા લાગે છે એમ એક પારસી મિત્રથી સાંભળ્યું છે. એ વધારે પીવાથી કેવું હાનીકારક પરિણામ થાય છે તે આપણે ઘણા ઉદાહરણમાં જોયું છે ને સાંભળ્યું છે.

એમ કેહેવામાં આવે છે કે દર વર્ષ એક લાખ ચોવીસ હજાર માણસો યુનાઈટેડ કિંગ્ડમ (ઈંગ્લાંડ સ્કૉટલાંડના સંયુકત રાજ્ય) માં ફકત અર્કનો દારૂ પીવાથી મરે છે. આ કેવું ભયંકર પરિણામ? શું આપણે એવાં પરિણામ સાંભળીને એનાથી પાછું હઠવું છાજતું નથી? આપણે આપણા દેશના પુરાણોમાંથી પણ એવા દાખલા ઘણા જોયા છે. યાદવવંશી યોદ્ધાઓનો સમૂલંક્ષય દારૂથી કેવો થયો એ વાત આપણા પુરાણોથી આપણે સારી પેઠે જાણીએ છીએ.

ઇંગ્લાંડ દેશના દારૂ પીનારા લોકોને ફ્રાન્સના લોકો અતિ હલકા ગણે છે ને ઇંગ્લાંડમાં પણ સારા લોકો છાકટાઓને તેવાજ ધીકારે છે. એક કુંવારી સ્ત્રીએ પોતાના આશકો (પ્યાર કરનાર પુરૂષો) વિશે વાત કરતાં કહ્યું કે મારા ઉપર પ્યાર કરનાર લોકોમાંથી જે લોકોનો સંબંધ મેં છોડયો

તેમાંના બે જણને સોડા સાથે બ્રાંડી પીવાની ટેવ હતી એટલાજ ઉપરથી છોડયા હતા. મતલબ કે દારૂ સાથે ક્ષાર એ શબ્દ ઘણોજ ધિકારવા લાયક છે. આપણા લોકો જ્યારે પ્રથમ પીવાનો અભ્યાસ કરવા માંડે છે ત્યારે એક લખનાર લખે છે કે તે પ્રથમ શેરી અથવા પોર્ટવાઈન એવા સૌમ્ય દારૂ પીવા માંડે છે જેમાં ૧૩ થી તે ૧૫ ટકા સુધી ક્ષારનો અંશ હોય છે. પણ થોડા દિવસ પછી તેમની તેથી તૃપ્તિ થતી નથી ને પછી તેઓ બ્રાન્ડી જેમાં ૫૩ અથવા વધારે ટકા ક્ષાર હોય છે તેવા પીવા લાગે છે ને પછી તે દુષ્ટ મદ્ય તેમને હાની કરે છે.

બ્રિટિશ (અંગ્રેજ) સરકારનો પ્રસિદ્ધ હેતુ દારૂ પીવાનો પ્રસાર કમી કરવાનો છે એમ સરકારના એ સંબંધમાં જે જે પ્રસિદ્ધ થયલા ઠરાવો છે તેમાં લખેલું છે. સરકાર દારૂ વેચવાની દુકાનો ઉપર મોટા કર લે છે. દરેક ઠેકાણે દારૂ ન ગળાય એવા બંદોબસ્ત કરે છે. પણ આપણે જોઇએ છીએ તો દારૂનો પ્રસાર દિવસે દિવસે ઘણો વધતો જાય છે. લોકો દેખાદેખી પીવા લાગે છે ને પછી તે વ્યસન ચોટે છે. અંગ્રેજો એમ નથી કહેતા કે તમે દારૂ પીઓ અને તમારા શરીરની, પૈસાની, આબરૂની તથા ધનની ખુવારી કરો. ઉલટા દારૂ પી છાકટા થનારાઓને તેઓ ધિક્કારે છે. પહેલાના લોકો જે તેમની થોડી પ્રાપ્તિમાં સદ્ગુણે ચાલી પૈસા બચાવી શકતા હતા તેમાંથી હાલમાં કેટલાક લોકોની પ્રાપ્તિ ઘણી છતાં તેઓ દુર્વ્યસનથી પૈસા બચાવી શકતા નથી ને કેટલાકતો માંદા પડયા કે બીજી કોઈ હરકતથી નોકરી ઉપર જવાને અસમર્થ થાય તો ટૂંક મુદ્દતમાં તેમની સ્થિતિ દયા કરવા જોગ થઇ પડે છે. ઘણા જુવાનીમાં અલ્પાયુષી એ દુર્ગુણે ગુજરી જાય છે ને પછવાડે કુટુંબીઓની ઘણી ખરાબ સ્થિતિ થાય છે. પચાસ વર્ષ પેહેલાં પરદેશી દારૂ આ દેશમાં કેટલો આવતો ને હાલ કેટલો આવે છે એ જો આપણે તજવીજ કરી જોઈશું તો આપણને દારૂનો ખપ કેટલો થયો છે તે જણાઇ આવશે. અરેરે! એ કેવી શોચનીય સ્થિતિ છે. આ વાત ઉપર દેશી ભાઈઓએ ધ્યાન આપવું જોઈએ ને એ દુર્ગુણનો સમુલો ત્યાગ કરવો જોઈએ એવી મારી પ્રાર્થના છે.

અંક ૧૮ મો.

રડવા કૂટવાના હાનીકારક ચાલ વિષે.*

સર્વ કોઇ જાણે છે કે નામ તેનો નાશ, જેને જન્મ છે તેને નિશ્ચય મરણ પણ છે. જગત નિયંતાનો એ ધારો આપણને ગમે તેવો દુઃખ-

* લખનાર મહાસુખભાઇ હરગોવિંદદાસ મુંબાઇ.

દાયક લાગતો હોય, પણ જરાવાર વિચાર કરતાં માલૂમ પડશે કે તેમાં તેણે બહુ ડહાપણ વાપર્યું છે. નિયંતાએ આ દુનિયામાં કોટયાધિકોટિ જીવ ઉત્પન્ન કર્યા છે, તે સઘળાને જો મરણ ન હોત, તો તેઓને સૂઈ રહેવાની કે બેસવાની તો નહિ, પણ ઉભાં રહેવાની જગા કયાં મળી શકત? કેમકે નવા નવા જીવ ઉત્પન્ન થતાં તેમાં વધારોજ થયા કરત. જે જીવવંતને આજે એક જગાએથી બીજી જગાએ હરતાં ફરતાં તથા કામકાજ કરતાં જોઈએ છીએ, તેમને પાષાણરૂપે એક જગામાં સ્થિર પડેલાં જોવાં પડત. વળી જો મરણ ન હોત તો, દરિદ્રિ, આંધળાં અને લૂલાં પાંગળાં આદિનો અંત કયારે આવત? અને તેમનું ભરણ પોષણ કરનાર સઘળાનું પાળણ પોષણ પણ શી રીતે કરી શકત! વિદ્વાન દાકતરો માત્ર મનુષ્યને માટેજ એવી ગણતરી કરે છે કે, જો દશ વરસ સૂધી મનુષ્યોમાં જન્મ થયાં કરે અને મરણ ન થાય તો, આ દુનિયામાં મનુષ્યને રહેવાની જગા મળી શકે નહિ. જ્યારે મરણ વગર એક દસકામાં ફક્ત મનુષ્યથીજ દુનિયાં ઉભરાઈ જાય, ત્યારે તેમાં કોટયાધિકોટિ ઉત્પન્ન થતા જીવજંતુ અને પશુપક્ષ્યાદિ કયાં રહે? અને તેમની પ્રાણાધાર વસ્તુઓ કયાં ઉત્પન્ન થાય? માટે પરમકૃપાળુ પરમેશ્વરે જેનો જન્મ તેનું નિશ્ચય મરણ, કરવામાં અપાર ડહાપણ વાપર્યું છે. એમ છે તો મરણથી આપણને દિલગીર થવાનું કારણ શું? બીજાં પ્રાણી કરતાં ઇશ્વરે મનુષ્યમાં બુદ્ધિનો ગુણ વધારે બક્ષેલો છે માટે, તે તેના યોગે કરીને પરસ્પરના સંબંધનો, સાધનાનો અને જરૂરનો સારાસાર વિચાર કરી શકે છે તેથી તેઓ વધારે ખુશી કે દિલગીર થાય છે.

મનુષ્યને દિલગીર થવાનાં મુખ્ય કારણ અને ગૂજરાતી હિંદુઓની દિલગીરી બતાવવાની રીતભાતનું વર્ણન કરતાં પહેલાં, મનુષ્યના મંદવાડ આરંભે તથા તેની જીંદગીના અંતકાળ સમયે, તેના સંબંધીઓનો તેના પ્રત્યે શો ધર્મ છે તે પ્રથમ જાણવાની આવશ્યકતા છે.

અકસ્માત્ મરણ આગળ આપણે નિરૂપાય છીએ. પણ જે માણસ કેટલાક દિવસ સૂધી માંદગી અને દુઃખ ભોગવીને મરણ પામે છે, તેના પ્રત્યે તેના નિકટ સંબંધીઓનો ધર્મછે કે, તેનું ઔષધ અને પોતાથી બની શકતી તેની ચાકરી કરવી. પણ કેટલાક પુરૂષો તેના દુઃખના કાંઇ ઉપાય લેવાને બદલે રડવા અને કૂટવા મંડી જાય છે. એમ કરવાથી તેને થતા દુઃખમાં વધારો થાય છે ને પોતે પણ માંદા પડે છે તેથી અંતકાળે તેને છોડી દૂર બેસેછે. વળી કેટલાક તો વહેમ તથા રૂઢીને વશ થઇ તેનું બિછાનું ઉપડાવી તેને ભોંયપર નાંખે છે! અને કેટલાક તો દુઃખી માણસનો જીવ ગભરાટમાં પડતાં, તેને ઊકળતા કે થંડા પાણીએ નહવરાવી, તેના ગભરાટમાં વધારો કરે છે એટલુંજ નહિ, પણ તેને એક ભીજવેલી જગામાં, જેને "ચોકો" કહે છે તેમાં સુવાડી, તેના પ્રાણના લેનાર જમ પહેલાં ગેર સ-

મજુતિર્થી પોતે જમડા થઇ પડે છે! વળી કેટલાક તો એવી પણ ચતુરાઇ કરવા મંડી જાય છે કે જુઓ છો શું? ઉપાડો? ઉપાડો! ખરેખર આવા સંબંધીઓને તેના સ્નેહી નહિ, પણ શત્રુ કહેવા જોઇએ. આવા સંબંધીઓની દિલગીરી તે ખરી દિલગીરી નહિ, પણ ખાલી ઢોંગ સમજવા. ખરા સંબંધીઓનો પોતાના દુઃખી ભાંડુ પ્રત્યેનો ધર્મ એથી જૂદીજ તરેહનો હોયછે. તેઓ તેને દુઃખના આરંભથી તે અંતકાળ સૂધીના દુઃખમાં વળગ્યા રહી મદદ કરે છે. તેઓ તેને વધારે દુઃખી દેખી ગભરાતા નથી પણ ધીરજથી તેના દુઃખના ઉપાય લેછે. વળી રડવા કૂટવાના ભયાનક અવાજથી તેને દુર રાખી ઇશ્વરભક્તિમાં તેના મનને રોકી, મૂઆ પછી તેને મોક્ષ મળે, એવા ઉપાય યોજે છે.

ગીતામાં કહ્યું છે કે,

श्लोक.

अंतकाले चमामेव स्मरन् मुक्तकलेवरं ॥

यः प्रयातित्यजनू देहं सयाति परमांगातिं ॥

અર્થ—જે માણસ પરમેશ્વરનું સ્મરણ કરતાં મરે છે તે ઉત્તમ ગતિને પામે છે. માટે તે વખતે જો તેની આગળ ઇશ્વર ભજન કર્યું હોય તો તે ભગવાનને પામ્યા વગર રહે નહિ માટે મરણ વેળાએ મરનારનાં સગાં વાહાલાંએ રડવા કૂટવાથી કલ્પાંત ન કરી પ્રભુની અકળ માયા અને શક્તિને સંભારવાં

મરનાર માણસ જ્યાં સૂધી સાવધ હોય છે, ત્યાં સૂધી તે પોતાને થતી અડચણો દૂર કરવાને કહે છે; પણ જ્યારે દુઃખમાં ગરકાવ થવાથી તેની વાચા તદન બંધ પડે છે, ત્યારે તેની પાસે બેઠેલા તેના સંબંધીઓ, તેને તળાઇમાંથી જમીન ઉપર નાંખી વધારે દુઃખ દે છે. જો આ વખતે તેની વાચા બંધ પડી ન હોત તો, જરૂર તે પોતાના દુઃખમાં વધારો કરનારને ગાળો ભાંડત, કે તેમની સાથે લડત, પણ વાચા બંધ થઇ એટલે બિચારો શું કરી શકે? અરે! જે સંબંધીઓ તેના મૂઆ પછી તેના સુખના અને વૈભવના રાગડા તાણી રડે છે, તેને પહેલેથી તેના સુખાસનમાંથી ઉઠાડી ભોંય નાંખતાં કેમ વિચાર આવતો નહિ હોય? કોઇપણ માણસમાં જરા જીવ છતાં, તેને ચંડા કે ઊકળતા પાણીએ નહવરાવી ભીંજાએલી જમીનપર નાંખવો. એ, તેનો અધુરો જીવ લેવા સરખું છે. ડાહ્યા માણસોને તો ઘટે છે કે, તેમણે તેને મરણાંત સૂધી ભારે તળાઇમાં નહિ તો સાદી તળાઈમાં સૂવાડવો જોઈએ. જો તળાઈમાં મરી જવાથી તેના જીવની મુક્તિ થતી ન હોય, તો ઉત્તમ રસ્તો એ છે કે, તેને ઉનના ગાદલામાં સૂવાડવો. ઉનને આપણા શાસ્ત્રમાં પવિત્ર ગણેલું છે તેથી તેમાં સૂઈ જે મરણ પામશે

તે ઉત્તમગતિને પામ્યા વગર રહેશે નહિ.

હિંદુશાસ્ત્ર પ્રમાણે મરનારના મડદાને બાળવું જોઇએ. મૂડદાને બાળવાની રીત સર્વોત્તમ અને સર્વ દેશના વિદ્વાન લોકોએ માન્ય રાખેલી છે. મૂડદાને બાળવા લેઇ જતા પહેલાં ઠાઠડી તૈયાર કરી તેમાં તેને સૂવાડી બાંધેછે કેટલાકમાં તેને એક વાંસડે ખેંચી બાંધવાનો ચાલ હોયછે! અને કેટલાકમાં તેને બે વાંસડે બાંધે છે. તેમાં પહેલીકરતાંબીજી રીત વધારે સારી છે. કેટલીક નાતમાં મૂડદાને કે તેના કોઇ ભાગને ખુલ્લો મૂકીને લઇ જવાનો ચાલ હોય છે. આ ચાલ બિહામણોછે, માટે મૂડદાને સારીરીતે ઢાંકીને માનથી લઇ જવું જોઇએ છીએ. આથી મરનારનું તેમજ પોતાની કોમનું પણ માન જળવાયછે. મૂડદાને ખાંધે લેઇ ચાલનારાઓ ઠેઠ સ્મશાન ભૂમિ સુધી ભયાનક શબ્દોના મોટા અવાજતી દોડધામ કરીને મરનારના તથા તેના સંબંધીઓના માનમાં કેટલોક ઘટાડો કરે છે. આ પ્રમાણે મૂડદાને લઇ દોડવાનું કાંઇ વાજબી કારણ જણાતું નથી. માટે સર્વ નાતિલા-ઓનો ધર્મ એ છે કે તેને સ્મશાને પોહોચાડવાના માનમાં પોતે ભાગ લેવો.

હવે પ્રેતને સ્મશાને પહોંચાડવા જનારાઓની અગવડનો પણ કાંઈક વિચાર થવો જોઇએ છીએ. તેમને વિશ્રામ લેવા યોગ્ય જગો હિંદુઓના સ્મશાનમાં કવચિતજ હોય છે. ખરેખર એ ઘણું દુ:ખદાયક છે. શીઆળાની કકડતી તાઢ, ચોમાસાનો મારમાર વરસાદ, અને ઉનાળાના ચૈત્ર વૈશાખના તપતા તાપને લીધે ઘણા સ્નેહીઓ મૂડદાની પાછળ સ્મશાને જવું જોઇએ તેમ જઇ શકતા નથી. ઘણાઓને મરનારના ઘર આગળથી, કેટલાકોને પોળ કે શેરી આગળથી, અને કેટલાકોને રસ્તામાંથીજ પાછા વળવાની ફરજ પડે છે. માટે ધનવાન ગ્રહસ્થો કે ગામ લોકે મળીને સ્મશાનમાં ધર્મશાળા કે લોકોને આશાએશ મળે એવું મકાન જરૂર બંધાવવું જોઈએ. બીજે ઠેકાણે ધર્મશાળા બંધાવવામાં જેટલું પુણ્ય છે તે કરતાં આમાં ઓછું પુણ્ય નથી.

હવે, મૂળ મતલબ ઉપર આવતાં જણાવું છું કે કેટલાંક માબાપ પોતાનો નિર્વંશ જવાથી રડે છે, તો કેટલાંક આશ્રિતજનો પોતાનો પાળનાર મરી જવાથી કૂટે છે. કેટલાંક પોતાનાં સંબંધીઓમાં તેની ખોટ પડવાથી રડે છે, તો કેટલાંક પોતાને શોભાવનાર તેના ઉત્તમ ગુણને રડે છે. કેટલાંક પોતાના જીવની મુક્તિ અર્થે રડે છે, તો કેટલાંક ભવિષ્યના સ્વાર્થને માટે રડે છે. આવી રીતનો સંબંધ એક બીજાની સાથે જોડાવવાથી તે માંહેના કોઈના પણ મરણથી દિલગીરી થાય, અને રડવું આવે એ સ્વાભવિક છે. પણ તે સઘળું મર્યાદામાં થવું ઘટે છે કારણ કે આ દુનિઆમાં જગત નિયંતાના નિયમ પ્રમાણે અસંખ્ય જીવ ઊત્પન્ન થાય છે અને મરે છે. તેમાંથી ગમે તો તેની પાછળ જીવ પછાડીને રડો પણ તે મળનાર નથી. ઇશ્વરે આ વિશ્વમાં હજારો જાતનાં જીવવંત પ્રાણીઓ બનાવ્યાં છે. તથા તેમના ઉપભોગને સારૂ તરેહવાર જણશો તૈયાર કરી રાખી છે. જો તેનો વિચાર

આ દુનિઆનું રસાતાળ વાળવાનો અને કોઇપણ જાતનો નિર્વંશ કાઢવાનો હોત તો, આ વિશ્વની આવી રચના તે શું કરવાને રચત? આપણને આપણા એક પાળનાર કે આપણા સંબંધીના ગુજરવાની દિલગીરી થાય છે; પણ જો સર્વ પ્રાણીઓનો નિર્વંશ જાય તો. તે સર્વ શક્તિમાન પરમેશ્વરની એ સર્વ રચના વગર ઉપયોગી થઈ પડવાથી, તેને કેટલી ફિકર થાય તેનો વિચાર કરો! તેણે મરણ જન્મ માણસના સુખના અર્થેજ નિર્માણ કર્યાં છે. વળી આપણે પણ આ નાશવંત દુનિઆમાંથી એક દિવસ પરલોકમાં પધારવાના છીએ, એટલું જાણવા છતાં અમર્યાદપણે અને પોતાને નહિ ઘટતી રીતે દિલગીરી જાહેર કરવી, એ જેવી મૂર્ખાઈ અને અપરાધી બનવા જેવી ગાંડાઇ તે બીજી કયાં? કબીર કહે છે કે,

(પદ).

કાળકા અજબ તડાકા એ.
તું કયા જાને લડકા એ; ટેક.
નવબી મરગએ દશબી મરગએ,
મરગએ સહસ્ર અઠયાસી;
તેત્રીસ કોટિ દેવબી મરગએ.
પડે કાળકી ફાંસી. કાળ૦ ૧
પીર મરગએ પેગંબર મરગએ,
મર ગએ જંદા જોગી;
જતી સતી સન્યાસી મરગએ,
મરગએ બૈદન રોગી. કાળ૦ ૨
તીન લોકપર છત્ર બીરાજે,
સો લુંટા કુંજ બીહારી;
કહત કબીરા સોબી મર ગએ.
રઇયત કોન બિચારી. કાળ૦ ૩

હિંદુસ્તાનના કેટલાક ભાગમાં, તેમાં પણ વિશેષે કરીને, ગૂજરાતી હિંદુઓમાં મૂઆ પાછળ રડવા કૂટવાનો ચાલ, શાસ્ત્ર વિરૂદ્ધ અને દેશને લજાવનારો હોવા છતાં વધારે ને વધારે જોશમાં ચાલતો જોવામાં આવે છે. માટે એવા ચાલનો જરૂર અટકાવ થવો જોઇએ છીએ. હિંદુઓના કેટલાક રીવાજો જેમ સારા અને પસંદ કરવા જોગ છે. તેમજ કેટલાક રીવાજો ખોટા અને નુકશાનકારક હોવાથી ના પસંદ કરવા જોગ પણ છે. ના પસંદ કરવા જોગ રીવાજોમાંનો આ એક રીવાજ મરણ વખતે રડવા કૂટવાનો ક્રુર અને બીજી કોમના લોકોમાં હાંસી કરાવનારો છે. સર્વ જાતના માણસોમાં હિંદુઓ વિશેષ દયાળુ કહેવાય છે. તેઓ એક નાનામાં નાના પ્રાણીથી તે ઝાડ જેવા જડલ જીવ ઉપર પણ દયા રાખવાના ગુણમાં જન-

ણીતા થયેલા છે. જેઓ દયાના ગુણથી આટલા જાહેર છે, તેઓને પોતાનાંજ જાનવાળાના કે સ્નેહીના મરણથી વધારે દુ:ખ લાગે એ સ્વભાવિક છે. હરકોઇ માણસને પોતાના થોડા દિવસના સંબંધીના છૂટા પડવાથી સ્વાભાવિક રીતે દિલગીરી ઉપજ્યા વગર રહેતી નથી, ત્યારે પોતાના નિકટમાં નિકટ સંબંધીના ગૂજરી જવાથી તો વધારે દિલગીરી થાય. એ આપણે કબુલ કરવું જોઈએ છીએ. પણ પેટનું દુ:ખ જેમ માથું કૂટે મટતું નથી, તેમ પોતે રડી કૂટી દુ:ખી થયેથી દિલગીરી ઓછી થતી નથી; પણ જ્યારે તેને માટે ઘટતા ઉપાય લેવામાં આવે છે ત્યારેજ તે ઓછી થઇ શકે છે. એક માણસના ગૂજરી જવાથી તેના આશ્રિતજનોને તેની ગેરહાજરીથી જે દુ:ખ સહેવું પડે છે, તે દુ:ખનાં જ્યારે તેના દુરના અથવા પાસેના સંબંધીઓ ભાગ લેઈ તેને મદદ કરે ત્યારેજ, તેના આશ્રિતજનોની કેટલીક દિલગીરી ઓછી થાય. પણ જેઓ પોતાના સંબંધી પ્રત્યે એવી રીતે નહિ વર્ત્તન, મિથ્યામાનને માત્ર તેમને રડાવી કૂટાવીને દુ:ખી કરે છે, તેઓને તેમનાં સંબંધી જાણવાં નહિ પણ શત્રુ સમાન ગણવાં. એતો વહાલાં શેનાં? પેલા જન્મનાં વેરી!

ગૂજરાતીઓનો રડવા કૂટવાનો ચિતાર તો ચિતર્યો જાય એવો નથી! એ દુ:ખદાયક રીવાજ હાલમાં સઘળી જાતના હિંદુઓમાં વત્તા અથવા ઓછા જોશમાં ચાલતો જોવામાં આવે છે, તેમાં પણ ચડતા વર્ગના હિંદુઓમાં અને ઘણું કરીને મુંબઇ, સુરત તથા અમદાવાદ જેવાં સુધારો બતાવનારાં કેટલાંક શેહેરો કરતાં, ભાવનગર, કચ્છભૂજ તથા માંહેના ભાગના નાના મોટા કસ્બા અને ગામોમાં, તો તે ઘણીજ ભય ભરેલી અને દયા ઉપજવા જોગ ચાલ જણાય છે. હિંદુ બઇરાં તેમાં વિશેષે કરીને ગૂજરાતી બઇરાંની કૂટવાની રીતથી વાંચનાર, જોનાર, તેમજ સાંભળનાર અજાણ્યા નહિ હોય. ઘણા ગામોમાં ગોળાકૃતિમાં ઉભાં રહી હાથને છાતી અને ઝાંઘ બંને સાથે અફાળીને કૂટવાની રીત હોય છે, વળી ઘોઘા, ભાવનગર અને તેની આસપાસના ગામ જેવું કૂટણું તો બીજા ભાગોમાં કવચિત્જ થતું હશે! તેમનું કૂટણું તે કૂટણું! અને રાજીઆ તથા પરજીઆ તે તેમનાજ! કેટલાક ગામની સ્ત્રીઓ લાજ કાઢીને કૂટે છે, અને કેટલાક ગામની સ્ત્રીઓ તો માથાપરનો પણ છેડો ઉતારી કમ્મરે બાંધીને ધબડ ધબડ છાજીઆં લે છે. જે ઘરમાં મરણ થયું હોય, કે જેને ઘેર મોકાણ માંડી હોય, તે ઘરની સ્ત્રીઓના તો ભોગજ સમજવા! તેમાં પણ ઘર કૂલીન કે જેનું કુટુંબ બોહોળું હોય તેનાં તો પૂરણ પાપ!! કૂટવા સારૂ આવતી બીજી સ્ત્રીઓનો એક વખત કૂટેથી જેમ છૂટકો થાય છે તેમ ઘરની સ્ત્રીઓનો થતો નથી! તેને તો વખતે વખત કૂટવા આવતી દરેક સ્ત્રીની સામા ઉભા રહી કૂટવું પડે છે! કૂટવામાં કાંઇ ઉણું પડયું તો પછી જોઇ

નો તે ભિચારીના તમાસા ! એ કહણુ કાળજાની છે કે, તેને રડતાં કૂટતાં આવડતું નથી, એવી છાપ લોકોમાં પડવાની! અને તેની ઠેકાણે ઠેકાણે નિંદાયુક્ત વાત થાય તે તો જુદી.

રડવા કૂટવાની આવી હીચકારી. નિર્લજ અને નફટાઇ ભરેલી ચાલ ગૂજરાતીઓના ભવિષ્ય સિવાય બીજામાં લખેલી નથી. એ ચાલ કેટલીક જાતની ગૂજરાતી સ્ત્રીઓમાં એટલે સુધી જોવામાં આવે છે કે, તેઓ પોતાના શરીરના બેશરમ દેખાવની પણ કશી દરકાર રાખતી નથી! કેટલીક સ્ત્રીઓ તો સઘળી લાજ મરજાદા એક બાજૂપર મૂકીને માથું તથા છાતી ઉઘાડાં રાખીને, જોશભેર એટલે સુધી કૂટે છે કે તેઓની છાતીમાં લોહી ભરાઇ આવે છે, સોજો ચડે છે, અને વખતે ચાંદી પણ પડે છે, રે! એટલુંજ નહીં પણ કોઈ કોઈની છાતી ફાટીને માંહે ચીસ પડે છે એથી તેમને ઘણા દિવસ સુધી ભારે વેદના ભોગવતી અને રીબાતી જોઇએ છીએ, વળી આથી તેમના કુટુંબીઓમાં પણ ઘણી ખોટી અસર થાય છે અને તેમનાં છોકરાં છૈયાં તેવાં દુઃખનો ભોગ થઇ પડે છે. તેમના વિલાપ તે વિલાપજ! તેમનું રટણ તે રટણની હદ! એ વખતનો દેખાવ ઘણો ભયભિત અને દયા ઉપજવા જોગ હોય છે એટલુંજ નહિ, પણ તે નિર્દય અને વજ્ર જેવી છાતીને પણ પીગળાવી અશ્રુપાત કરાવે છે?

દિલગીરી બતાવવાનો ચાલ સઘળા લોકોમાં હોય છે, તથાપિ ગુજરાતીઓ જેટલો સ્વભાવિક અથવા કૃત્રિમ ચાલ કોઈ પણ કોમના લોકોમાં હોતો નથી. હિંદુઓમાં રડી કૂટીને શોક બતાવવા ઉપરાંત તેવી બીજી પણ નાની નાની રીતભાતો ઘણી છે. તેઓ કેટલાક દિવસ સુધી મિષ્ટ ભોજન જમતા નથી. રોજના ખોરાક કરતાં તુચ્છ—નહિ જેવો-ખોરાક ખાય છે. કેટલાક વખત સુધી પુરૂષો ધોળો તો સ્ત્રીયો કાળો પહેરવેશ પહેરે છે; કેટલાક પુરૂષો મૂછ મૂડાવે છે તો કેટલીક સ્ત્રીઓ શૃંગાર સજતી નથી વગેરે. જો કે તેમની તે નાની નાની રીતભાતોમાં પણ કેટલીક ઘણી કઢંગી હોય છે, તોપણ અમર્યાદપણે રડવા કૂટવા જેટલી ગાંડાઈ તેમાં જોવામાં આવતી નથી. જે દુષ્ટ ચાલ બંધ કરવામાં સુખશાતા રહેલાં છે, જે દુષ્ટ ચાલ બંધ પાડવાથી કોઈ તરેહનું નુકશાન નથી; પણ જે દુષ્ટ ચાલે નહિ ચાલવાથી પોતાના ધર્મનું વચન પળાય છે, અને જે દુષ્ટ ચાલે નહિ ચાલવાથી પોતાની અને પોતાના કૂળની લાજ જળવાય છે, તે દુષ્ટ ચાલે ચાલવા જેવી બેવકુફાઇ તે બીજી કયી?

લગ્ન સમાન હરખ નહિ અને મરણ સમાન શોક નહિ. માટે જુવાન કે વૃદ્ધ સંબંધીના મરણથી દિલગીરી થાય, રડવું આવે, પણ તે પાછળ જણાવવા પ્રમાણે હદમાં થવું જાઇએ. જેઓ આ નાશવંત સંસારમાં સુખ દુઃખ ભોગવી વૃદ્ધ થએલાં છે, સ્વધામ પધારવાની તૈયારીમાં છે તે-

એોની પાછળ તો તેવી દિલગીરી જણાવવાની જરૂર નથી પણ હરિભજન કરવાની જરૂર છે. જે જનો પોતાનાં છોકરાંને પાળી પોષીને મોટાં કરે છે, જે જનો પોતાના આશ્રિત જનોને મદદ કરે છે, અને જે જનો પોતાના વંશની વૃદ્ધિ અર્થે પોતાની પ્રજા મૂકીને મરણ પામે છે, તે તેની ઇચ્છા પોતાની પાછળ આંસુ પડાવી નિર્ગતિને પામવાની નથી પણ સ્વર્ગે જવાની હોય છે. માટે તેમની પ્રજાનો, તેમના સંબંધીઓનો, અને તેમના આશ્રિત જનોનો તો ધર્મ એ છે કે, પોતાની પર તેના થયેલા ઉપકારનો બદલો વાળવાને, તેને સ્વર્ગ પ્રાપ્ત થાય એટલા સારૂ, તેના મૂઆ પાછળ હરિભજન કરવું. જેઓ પોતાના સંબંધીના મરણના દિવસથી ઓછામાં ઓછા દશબાર અખંડ દિવસ અને ત્રણ, છ કે બાર મહિના સૂધી દિવસમાં બે વાર કૂટે કે મોં વાળીને રડે છે. તેઓ તેને સ્વર્ગથી ઉલટી જગોએ પહોંચાડવાનો દોષ, પોતાની ઊપર વહોરી લે છે. આ ચાલ સુધરેલા લોકોમાં હોતો નથી. તેઓ ગૂજરાતીઓની પેઠે મરનારને ત્યાં કેટલાક દિવસ સૂધી ભેગા થાય છે ખરા, પણ તેઓ રડી કૂટીને ગૂજરાતીઓની પેઠે ગુણી જનોનો તિરસ્કાર પોતાની ઉપર ખેંચતા નથી; પણ મરનારના મોક્ષાર્થે ઈશ્વરની પ્રાર્થના કરે છે. તેઓ મરનારના સંબંધીઓના દુઃખતા મનને દિલાસો આપી, તેમની ખબર અંતર પૂછેછે.

કેટલાક લોકો લોકાચાર પ્રમાણે ગરૂડ પુરાણ વંચાવવાને બ્રાહ્મણને બેસાડે છે ખરા, પણ "ભેંશના આગળ ભાગવત" એ પ્રમાણે તેઓ સાંભળ્યા કરે છે, પણ તેનો કંઈ સાર ગ્રહણ કરતા હોય એમ જણાતું નથી. વળી તે વખતે તેમનો આકાર " બહેરા આગળ શંખ" અને "આંધળા આગળ આરસી" એ માફક થઇ રહે છે, મતલબ કે બહેરાની આગળ શંખ વાગવાથી જેમ તે સાંભળી શકતો નથી; અને આંધળા આગળ આરસી ધરવાથી જેમ તે તેમાં જોઇ શકતો નથી; તેમ જેઓના ઉપર અજ્ઞાનરૂપી પડદો પથરાએલો છે, તેઓ કોઇ જ્ઞાનીના સમજાવવાથી સમજી શકતા નથી, અને તેમની આગળ આરસીરૂપી ગરૂડ પુરાણ અથવા શાસ્ત્ર ધરવાથી પણ તેઓ તેમાં પોતાની આંખે જોઇ શકતા નથી! આપણા ધર્મ શાસ્ત્ર મિતાક્ષરામાં કહ્યું છે કે,

શ્લોક.

श्लेश्माश्रु बांधवैर्मुक्तं प्रेतो भुंक्ते यतो वशः ॥

अतो नरोदित व्याहि क्रियाःकार्याःस्वशक्तितः ॥

અર્થ—મરનાર પાછળ તેનાં સગાં વહાલાં રડી કૂટીને જે આંસુ અથવા લીંટ પાડે છે તે મરનાર પ્રેત ખાય છે. કારણ કે તે તે વખતે પરવશ

છે. માટે મરનારની પાછળ કદી રડવું કૂટવું નહિ, પણ મરનારની ક્રિયા પોતાની શક્તિ પ્રમાણે કરવી.

ગરૂડપુરાણના પ્રેત કલ્પના છઠ્ઠા અધ્યાયના ચોથા શ્લોકમાં પણ કહ્યું છે કે,

श्लोक.

अश्रुपातंनकुर्वीत दत्वा दध्ना जलां जालिं॥

श्लेश्माश्रु बांधवैर्मुक्तं तदाप्रेतोयमश्नुते. ॥

અર્થ —વળી ચીતા છાંટચા પછી તો આંસુ નજ પાડવાં. કેમકે મરનારનાં સગાં જે આંસુ તથા લીંટ નાંખે છે, તે ગંદી ચીજ એ મરનારને ખાવી પડે છે. વળી હિતોપદેશ પણ આપણા હિતને માટે કહે છે કે,

श्लोक.

शोकस्थान सहस्त्राणि भयस्थान सतानिच ॥

दिवसे दिवसे मूढ माविशांति न पंडितं. ॥

અર્થ—શોકનાં ઠેકાણાં હજારો છે ને ભયનાં સ્થાન સેંકડો છે. તે રોજ રોજ મુર્ખ ઉપર આવી પડે છે, પણ પંડિતને બાધ કરતાં નથી.

ચાબખા.

"શીદને મુઆ કેડે કુટી રૂઓરે
જરીએ વિચારી ચિતમાં જુઓ,
કુટીએ રડીએ તો મરનારો
પામે નરકનો કુવો;
ગરૂડપુરાણમાં લખીયું એવું
વાંચીને સંશય ખુઓરે,
શીદને મુઆ કેડે કૂટી રૂઓરે
જરીએ વિચારી ચીતમાં જુઓ."૪૦

રાગ ધોળ.

વાલાની વાંસે રાગ તાણી નવ રોવું,
જેથી તેને જંપ ન ઉપજે જીવમાં સમજી જોવુંરે.
વાલાની વાંસે રાગ તાણી નવ રોવું.
ગોવિંદજીએ કહ્યું ગરૂડને કુટે રડે જે કોઈ,

મરનારાને મહાદુઃખ ઉપજે ઘરે નીસાસા રોઈ;
વાહાની વાંસે રાગ તાણી નવ રોવું. ૧
લીંટ લાળ ને આંસુ ઝરે. જમચર પાએ પરાણે,
રૈરવ માંહી રૈરવનાં દુઃખથી એ દુઃખ અદકું જાણે.
વાહાની વાંસે રાગ તાણી નવ રોવું. ૨
કોઈ છાતી કુટે શીર કુટે ચુંટે કેશજ હાથે,
એ સઘળી પરીપુરણ પીડા મરનારાને માથેરે.
વાહાની વાંસે રાગ તાણી નવ રોવું. ૩
લોક વખાણે કે ન વખાણે તે સૌ સાંખી રહીએ,
જો હઇઆમાં હેત વધે તો દુઃખ તેને શીદ દઇએ રે
વાહાની વાંસે રાગ તાણી નવ રોવું. ૪
શત્રુતા સંપુરણ હોય તો રડો કુટો ન વિચારો,
જીવતાં વેર વળી ન શકે તો મરતાંને વળી મારોરે.
વાહાની વાંસે રાગ તાણી નવ રોવું. ૫
કુટયા થકી જો કાંઇ દેખો તો કુટો લઇને પાણો.
શા માટે તમે કુટી શરીરમાં રોગ ઉપજાવો આણોરે.
વાહાની વાંસે રાગ તાણી નવ રોવું. ૬
એવી શોભા મેલો અળગી વળગી રહો ગાં વહેમે,
જેથી સુખ ઊપજે એ જીવને પુન્ય કરો કાંઇ પ્રેમેરે.
વાહાની વાંસે રાગ તાણી નવ રોવું. ૭
રોશો તોપણ તે નહિ જાશો, ખોશો આંખ તમારી.
દલપતરામ કહે દીલ શોધી માનો શીખામણ મારીરે.
વાહાની વાંસે રાગ તાણી નવ રોવું. ૮

આ ઉપરથી ખુલ્લું જણાય છે કે, હિંદુશાસ્ત્રમાં રડવા કૂટવાની સખ્ત મના કરી છે, એટલુંજ નહિ, પણ વળી ચિતા છાંટયા પછી મરનારની પાછળ તેનાં સગાં વહાલાંજે રડે છે, કૂટે છે તેથી તેને કેવું પાપ લાગે છે તે પણ તેમાં જણાવ્યું છે. માટે ગૂજરાતી બાઇઓ તથા ભાઈઓ ગાડરીઆ પ્રવાહની માફક ચાલી અજ્ઞાનીઓની રડવા કૂટવાની ચાલથી પોકળ માન મેળવવાનું છોડી દઇ, શાસ્ત્રાધારે ચાલી, આ લોકના અને પરલોકના આશીર્વાદને લાયક થાઓ. એવા આશીર્વાદને લાયક થનાર તો વીરલાજ મળી આવવના! ગૂજરાતીઓની આવડી મોટી વસ્તામાં-પછી શું ગૂજરાત કે મુંબાઈમાં, એવા નર તો થોડાજ પેદા થયા હશે! તથાપિ બહ્લાબહ્લી પૃથ્વી છે. સન ૧૮૭૮ના જાનેવારી માસમાં મુંબાઇ વાસી વાણીઆની લાડ જ્ઞાતિના એક આગેવાન ગ્રહસ્થ શેઠ પીતાંબર નાનાભાઇએ, પોતાની માતુશ્રીના ગુજરી જવાના સમયે એ ઘાતકી રીવાજરૂપી બેડીનો બંધ

તોડયો હતો જેની તે વખતે સ્વતંત્ર તથા સુધારાના સાહ્યકારી વર્ત્તમાન પત્રોમાં વાહવાહ થઇ રહી હતી. તે વાંચનાર ભૂલી ગયાં નહિ હોય. તેમણે ગૂજરાતીઓમાં રડવા કૂટવાનો જે બૂરો અને અતિહાનિકારક ચાલ લાંબી મુદ્દત થયાં ગાડરીઆ પ્રવાહની માફક ચાલતો આવ્યો હતો, તે બંધ પાડવાની પહેલ કીધી હતી એટલુંજ નહિ. પણ પોતાની માતુશ્રી પાછળનું ક્રિયા ખરચ વટીક શાસ્ત્રાધારે કર્યું હતું. આથી લોકોમાં તેમની કેટલીક ચર્ચા વધી પડી હતી, તથા કેટલાંક અજ્ઞાન લોકો તો તેમના શુભ કામની ફતેહના આડે આવવા સારૂ બકવા અને ભાંડવા મંડયાં હતાં, પણ એ હિમ્મતવાન નરે તેવા લોકોના ઝુંડથી જરા પણ ડગી નમ્યું આપ્યું નથી! શાબાશ છે, એવા નરને!

વળી અમદાવાદના પ્રખ્યાત નગર શેઠ પ્રેમાભાઈ હિમાભાઇ તો એ ચાલ ફકત પોતાના ઘેરથી બંધ કરીનેજ બેસી રહ્યા નથી, પણ પોતાના દીકરાની દીકરી હીરાકુંવર પોતાની ભરયુવાવસ્થામાં સ્વર્ગવાસી થયાં તે સમયે, પોતાની નાતમાં ઘણા વખતથી ચાલતા આવેલા રડવા કૂટવાના રીવાજમાં સ્તુતિ પાત્ર સુધારા કર્યા છે. જે દિવસે મરણ થાય તેજ દિવસે કૂટવું, પછીથી કૂટવું નહિ. સગાંવહાલાંએ કાણ લઇ જતાં, રસ્તાપર કે કોઈ બીજે ઠેકાણે કુટવું નહિ, પણ કાણ લઇ જનારના ઘરમાં કુટવું. વિગેરે સુધારા કરી ગૂજરાતીઓ ઉપરનું ભૂંડું કલંક ભૂસી નાંખી તેમની લાજનો બચાવ કરી આપ્યો છે. શાબાસ છે, આવા સ્વદેશહિતવર્ધક નરને!

ઉંચ વર્ગના હિંદુઓમાં હાલ આ રીતની પહેલ, ઉત્તરોત્તર શેઠ પીતાંબર અને નગરશેઠ પ્રેમાભાઇ જેવા પાકી વયના અને જુવાન વખતના, પણ સમજુ, બુદ્ધિશાળી અને અનુભવી ગ્રહસ્થથી નીકળેલી જોઇ કયો દેશશુભેચ્છક નર તેઓની વાહવાહ કર્યા વગર રહેશે?

વડોદરા પાસેના સાવલી ગામમાં સુમારે પચાસ વરસપર થઇ ગયેલા પ્રખ્યાત કવિ ધીરાની ધૈર્યતાને પણ શાબાસ છે. એ કવિને માટે એવું કહેવાય છે કે, એક જોદ્ધા સરખા પોતાના જુવાન દીકરાના સમયે, રીવાજ પ્રમાણે મળી સ્ત્રીઓએ રાજવીથી જે ભારે કૂટણું ચલાવ્યું તે તેનાથી ખમાયું નહિ, ત્યારે તેણે મળેલી સ્ત્રીઓને સદુપદેશ દીધો કે રડી કૂટીને કલ્પાંત કરવાથી છોકરો પાછો આવવાનો નથી; પણ એથી તો તે અસદ્ગતિને પામશે. આવી રીતના સદુપદેશથી એ કવિએ તે ઘાતકી ચાલ બંધ કરાવી, કૂટવા મળેલી સઘળી બઇરીઓ પાસે પોતાની જોડેલી નીચલી કવિતા ગવરાવી.

રાજીઓ.

કઠણ છૂટીરે કળી કાળની રે મરણ મોટેરો માર,
એમાંથી કોઇ નવ ઉગરે; કોઇ નરપતિને રંકરે

હેતે હરી રસ પીજીયે ગુણ ગાઇયે ગોવિંદરે.
શિવજીના તાપને તારવા, ઉરમાં રાખીએ આનંદરે,
જીવો માણીગર બંધવા. ટેક.
જાયા તે જાવાના સહુ જાસે જાણનાર રે,
મુઆ તેને તમે શું રૂઓ, રોનાર નથી રહેનારરે,
હેતે હરીરસ પીજીયે. ગુણ. ૧
માળી આવ્યોરે ફૂલો વેડવા, કળીઓ કરે છે વિચારરે,
આજનો દીન રળીઆમણો, કાલે આવશે આપણો કાળરે,
હેતે હરી રસ પીજીયે. ગુણ. ૨
કોનાં છોરૂં કોનાં વાછોરૂ, કોનાં માયને બાપરે,
અંતકાળે જવું પ્રાણી એકલું; સાથે પુન્ય ને પાપરે,
હેતે હરી રસ પીજીયે. ગુણ. ૩
દાસ ધીરો રમે રંગમાં રમે દિવસને રાતરે,
સતગુરૂએ મારગ દેખાડીઓ, લીધો સાધુઓનો સાથરે,
હેતે હરી રસ પીજીયે. ગુણ. ૪
દેહ દુર્લભ છે આપણી જાતાં લાગે નહિ વાર રે,
આકડાના તુરની ગોડે ઉડશે; કોઇ મારગડો દેખાડશે
હેતે હરી રસ પીજીયે, ગુણ. ૫
મારૂં મારૂંરે તમે શું કરો જાતાં લાગે નહીં વાર રે,
આશા મેલીને જાતા રહ્યા, મોટા દેવ દૈત રાયરે,
હેતે હરી રસ પીજીયે. ગુણ. ૬

મારા આર્ય બંધુઓ! જ્યારે તમે સારી વિદ્યા સંપાદન કરીને વિચાર કરતા થયા છો. જ્યારે તમારામાં સારાસાર સમજવાની શક્તિ આવી છે, સ્વજાતીપર રૂઢી રૂપી દુરાચારની બેડી ઠોકાયાથી જ્યારે તમારૂં કોમળ કાળજું શેકાય છે. અને જ્યારે દેશનું ભલું કરવાની ઉત્કંઠા તમારામાં વધતી જાય છે, ત્યારે તમે તમારા અને દેશના લાભની ખાતર અજ્ઞાનીઓથી પ્રાપ્ત થતા અલ્પ માનનો ભોગ આપીને, તથા વહેમી અને હઠીલા લોકોના જરા જરા ઠપકાને પાત્ર થવું પડે તો તેમ થઇને, પણ તમે તમારા સેંકડો સ્વજાતિલાંને તે રૂઢીની બેડીમાં છૂટાં નહિ કરો? કરશોજ.

કૂટવાનો ચાલ બંધ કરવામાં કાંઇ મુશ્કેલી વેઠવી પડે તેમ નથી, છતાં તેવો ચાલ પણ બંધ કરવાને કંઇ દેહેશત લાગતી હોય, તો ભલે શેઠ પીતાંબર અને રાવબહાદુર પ્રેમાભાઇ તથા આપણા ગૂર્જર કવિ ધીરાનો દાખલો પકડી ચાલો, પણ ગાડરીઆ ટોળાની પેઠે ચાલતા આવેલા ચાલે ન ચાલો. તમે તપાસ કરો કે તે ચાલે નહિ ચાલવાથી શું હરકત થાય છે? તમે તપાસ કરો કે તે ચાલે નહિ ચાલવાથી પોતાના ક્યા જરૂરના લાભ

જળવાતા નથી? અને વળી તપાસો કે તે નિર્દય ચાલ બંધ કર્યાથી દિલગીરી બતાવવાના બીજા માર્ગ આપણામાં છે કે નહિ? આ ઉપરથી મારૂં કહેવું એમ નથી કે તમે મરનારને હાથે ધર્મદાન ન કરાવો; મારૂં કહેવું એમ નથી કે તમે પોતાના સંબંધીના મરણની દિલગીરી ન કરો; મારૂં કહેવું એમ નથી કે તમે મરનારના ઉપકારોને યાદ ન કરો; મારૂં કહેવું એમ નથી કે તમે કોઇ તરેહનો શોક ન બતાવો; અને મારૂં કહેવું એમ નથી કે જેમ "ઉંદરડી મૂઇ ને આભડછેટ ગઈ" તેમ માણસ માટે ગણો. પણ મારૂં કહેવું તો એજ છે કે, પોતાના સંબંધીના મરણથી જે દિલગીરી થાય તે મર્યાદામાં ઘરના ખૂણામાં કરો; મારૂં કહેવું તો એવું છે કે તમે ખુલ્લા અંગે કૂટી–લાજ શરમ કોરે મૂકી–તમારી મરજાદાનો ભોગ ન આપો; મારૂં કહેવું તો એવું છે કે, તમે જાહેર રસ્તા અને નદી કે તળાવપર કૂટી તમારા શરીરને ઘાતકી રીતે દુઃખ ના ઘો; મારૂં કહેવું તો એવું છે કે, તમે લોક મત વિરૂદ્ધ ચાલી ધર્મ વચનનું ઉલ્લંઘન ન કરો; મારૂં કહેવું તો એવું છે કે, તમે મરનારના સંબંધીયોને દાઝાપર ડામ દેવાની પેઠે કૂટાવો નહિ, પણ તેમના દુઃખતા દીલને દીલાસો આપી તેમનું સમાધાન કરો; તમે મરનારની નિર્ગતિ થવા રાજીઆ ગવરાવી છાજીઆં લેવરાવો નહિ, પણ તેની મુક્તિ થવા બનતો વખત હરિભજન કરો; તમે ગરૂડપુરાણ વંચાવો છો તો તેનો ભાવાર્થ સમજીને રડવા કૂટવાની ગાંડાઈ દૂર કરો; તમે મરનારના આશ્રિત જનોને વધારે દુઃખી કરવા, તે વખત તેના ઉપકારોને ન સંભારો, પણ તેમને દુઃખમાંથી છોડાવવા ઘટતો પ્રયત્ન કરો.

આપણા પ્રસિદ્ધ પંડિત ગટુલાલજી વી૦ ઘનશ્યામજીએ સન ૧૮૭૭ના ફેબ્રુઆરી મહિનાની તારીખ ૧૧મીને દિવસે, મુંબઈના માધવબાગમાં હિંદુઓની એક મોટી "આર્યસુધર્મોદય" સભામાં, હિંદુઓમાં રડવા કૂટવાના ચાલ વિષે ભાષણ આપ્યું હતું. તે પ્રસંગે તેમણે પણ તે ચાલને જાહેર રીતે ધિક્કારી તે પર સખ્ત ટીકા કીધી હતી એટલુંજ નહિ, પણ તે બુરા અને હાનિકારક ચાલને એકદમ બંધ પાડવાને પોતાનો વિચાર જાહેર કીધો હતો. વળી તે ચાલ લોકમત તથા શાસ્ત્રથી પણ કેટલો વિરૂદ્ધ છે; તથા તેથી નાના પ્રકારનાં શું શું દુઃખ સહન કરવાં પડે છે, તથા સ્ત્રીઓ અને પુરૂષો પોતાની મરજાદાનો ભોગ પોતેજ કેવી રીતે આપેછે તે સ્પષ્ટ રીતે જણાવ્યું હતું.

આપણામાં જાહેર રીતે રડવા કૂટવાનો ચાલ ક્યાંથી અને ક્યારથી દાખલ થયો એ કંઇ નકી થઈ શકતું નથી. પણ હાય શબ્દ અરબી ભાષાનો છે, તેથી હિંદુસ્તાનમાં આરબોનું રાજ સ્થાપન થયા પછી, એ રીત હાલના દેખાવે ગૂજરાતીઓમાં દાખલ થઈ હોય એવું અનુમાન થાય છે. તે

પછી જ્યારથી મુસલમાનોનું રાજ ગૂજરાતમાં સ્થાપન થયું ત્યારથી તે રીત લોકોમાં વધારે ફેલાવા લાગી. આ આપણા દેશના ભવિષ્યની કેટલી અધમ સ્થિતિ કે છોકરી પાંચ સાત વરસની થઈ ત્યારથી તેની મા તેની રૂડી નીતિ કે ભણવા ગણવાનું નહિ શીખવતાં "ટાં--ટાં મારી ઢબુ કેમ મોઈ" કરીને રડવા કૂટવાનું પહેલું શીખવે છે ! વળી જ્યારે છોકરીઓ આઠ દશ વરસની થયે અલુણાવ્રત કરે છે ત્યારે તો તેમને તેનોજ મહીમા !! એ ચાલ શાસ્ત્રથી તથા લોક મતથી કેટલો વિરૂદ્ધ છે. તેથી નાના પ્રકારનાં શાં શાં દુઃખ સહન કરવાં પડે છે. અને તેટલાજ માટે તેને સત્વર બંધ પાડવાની કેટલી જરૂર છે એથી આપણે જાણીતા થયા; પણ હવે, આપણને જે જાણવાનું છે તે એજ કે, તે રીવાજ રૂપી કટ્ટા શત્રુનો કોટ તોડવાની ફરજ કોની છે? અને તે કેમ તોડી શકાય?

એવા ક્રુર રીવાજનો અટકાવ કરવાની પ્રથમ ફરજ દરેક માણસની પોતાની અને પોતે જે નાતમાં હોય તે નાતના શેઠીઆની છે. એથી ઊતરતી બીજી ફરજ સરકારની છે. લોકોની વચમાં અને જાહેર રસ્તામાં કે ઘરને ખૂણે જાનવરને ઘાતકી રીતે દુઃખ દેનારને શિક્ષા કરવાનો આપણી નીતિમાન સરકારે કાયદો કર્યો છે તે થકી આપણે અજાણ્યા નથી! વળી એવી ચાલ ચલાવનારાઓને હાલમાં શિક્ષા પણ થતી આપણે સાંભળીએ છીએ, તો જે માણસો જાહેર રસ્તાપર અને ગલીઓમાં ઉભાં રહી, હજારો માણસોની સમક્ષ પોતાના શરીરને ઘાતકી અને કમકમાટ ભરેલી રીતે દુઃખ દે છે, બીજા માણસોને ચીતરી ચઢાવે છે, તેઓને અટકાવી શકવાની અને શિક્ષા કરવાની શું સરકારને સત્તા નથી? છે. એ તો તમે હિંદુસ્તાનના ફોજદારી કાયદા ઉપરથી પણ જાણોજ છો, પણ આ લખનાર આશા રાખે છે કે, એવા બુરા, લજામણા અને ઘાતકી રીવાજપર પોતાની સરકારનું ધ્યાન ખેંચતા પહેલાં પોતે અને પોતાની નાતના શેઠીઆ સત્વર તેનો અટકાવ કરશે. હરકોઇ સંસારી સુધારો પોતાની મેળે દાખલ કરવામાં જેટલું માન અને શોભા છે તેટલું પરહસ્તે કરવામાં નથી.

હવે જમાનો બદલાવા લાગ્યોછે, સઘળું નહિ તો ઘણું ખરૂં ઉલટાનું સુલટું થવા લાગ્યું છે. અજ્ઞાનતા નાશ પામીને જ્ઞાનનો પ્રકાશ પડવા લાગ્યો છે. કુધારા રૂપી દુરાચાર અને અનીતિની હાર થઇ, સુધારારૂપી સદાચાર અને સુનીતિની ફતેહ થવા લાગી છે, માટે પ્રિય આર્યો! હવે એજ પ્રમાણે ઇશ્વર ઈચ્છાએ થોડે થોડે આપણે આપણા બૂરા રીવાજરૂપી સઘળા કટ્ટા શત્રુઓનો પરાજય કરી વિજય મેળવીશું, અસ્તુ.

મ૦ હ૦ દાણી.
મુંબઇ.

અંક ૧૯મો.

નામું.*

ઊપજ ખરચનો હિસાબ રાખવાની કેટલી જરૂરછે તે સૌ કોઇ જાણે છે. તથાપિ ઘણાક એમ સમજેછે કે જે વેપાર રોજગાર કે ધીરધાર કરતો હોય તેને આપ્યું લીધું ભૂલી ન જવાય માટે નામું રાખવું અગત્યનું છે. ધીરધાર કરનારને તો નામા વગર ચાલેજ નહિ, પરંતુ જેમને ધીરધાર કરવાની હોતી નથી તેમને પણ નામું રાખવાની જરૂર છે.

નોકર ચાકરોની બહુ કરીને એવી સમજ હોય છે કે “ અમે ક્યાં વેપાર કરીએ છીએ, અમારે કોને હિસાબ બતાવવો છે, અમારામાં કોનો ભાગ લાગ છે, અમારામાંથી કોણ ખાઇ જનાર છે કે અમે નામું રાખવાની માથા ફોડમાં પડીએ, રોજ ઉઠીને એવી નકામી કરમકૂટ કરવાની ને કાગળ બગાડવાની અમારે કંઇ જરૂર નથી. પગાર કે રોજી મળે છે તેમાંથી ખરચ થતાં જે વધ્યું તે આપણું.”

ઘણું કરીને દરેક માણસને થોડી કે ઘણી આપ લે તો કરવીજ પડે છે. ઉધાર ઉછીનું આપવા લેવાની તેને જરૂર પડે છે. નામું ન રાખવાથી એવે પ્રસંગે ભૂલ થાપ ખાધાના દાખલા થોડા નથી.

નામું તો આરસી છે. આપણી કમાઈ ધમાઇ અને ખરચ ખૂટણનું સ્વસ્થ ચિત્ર એ આરસી બતાવી આપે છે. આપણે ઉડાઉ થયા છીએ કે કંજુસ તેનું ખરૂં સ્વરૂપ નામારૂપી આયના સિવાય આપણા જાણવામાં બરોબર આવતું નથી.

આપણો હિસાબ બીજાને બતાવવાનો હોય કે નહિ, તોપણ તે નિયમસર રાખીને બરાબર તપાસવાની આપણી ફરજ છે. આપણી રહેણી કરણીનું સ્વરૂપ જો ધ્યાન આપીશું તો એથી આપણને સમજાશે, અને હવે પછી સારી રીતે રહેવાની ચીવટ મળશે.

આપણી કમાણીમાંથી ભાગલાગ લેનાર કાયદેસર કોઇ હોય કે નહિ તોપણ નામું રાખવાની જરૂર છે. આપણે જે કંઇ મેળવીએ છીએ તે બધું સ્વછંદપણે ખરચી દેવાનો આપણને હક નથી. આપણી આસપાસ વીંટાઇ રહેલાં આપણાં સગાં સહોદરનો આપણી કમાણી ઉપર થોડો કે ઘણો હક છે. આપણાં થએલાં કે થનાર સંતાન હકદાર ભાગીયાં છે. તેમને આપણો હિસાબ આપવાને આપણે ધર્મથી બંધાયલા છીએ. જે કારણથી આપણે પ્રાણી માત્રને મદદ કરવા બંધાયલા છીએ તે કારણથી સગાં સંબંધી ન છતાં પણ તેમનો આપણી મિલ્કત ઉપર કંઇપણ દાવો રહે છે, તે સઘળાંના

---

* લખનાર હરગોવન દ્વારકાંદાસ કાંટાવાળા.

સંબંધમાં આપણે કમાણીના પ્રમાણમાં ખરચ ખૂટણ કરીએછીએ કે કેમ, અને પછીનાંને માટે પ્રમાણમાં બચાવીએ છીએ કે કેમ, તે હિસાબ રાખ્યા વગર આપણુને પોતાનેજ બરાબર માલમ પડે નહિ.

ઘરમાં નોકર ચાકર ન હોય, ઘરનાં સઘળાં માણસો હાથનાં ચોખાં હોય ને ખરચ ખૂટણ આપણે હાથેજ કરતા હોઇએ તો કદાશ કોઇ ખાઇ જનાર ન હોય એમ બને. તથાપિ માણસ કરતાં પણ ભયંકર ને ન સાચવી શકાય એવી આપણી પોતાનીજ અનેક પ્રકારની **ટેવો** અને **બેકાળજી** આપણું ખાઈ જનાર અને ચોરી જનાર છે. હિસાબ રાખવાથી એમને જરૂર પ્રતિબંધ મળશે.

નિયમસર નામું રાખીને જે વર્ષ આખરે ખરચની ફોડ કરી જુએ છે તેને નામું રાખતાં જે માથાફોડ થએલી તેના કરતાં ઘણો વધારે આનંદ થાય છે, અને કાગળ બગાડવામાં જે સહેજ ખર્ચ થયું હોય તેના કરતાં ઘણો વધારે લાભ પણ એથી થયા વગર રહેતો નથી. એ વર્ષમાં પોતે શેમાં શેમાં જોઇએ તે કરતાં વધારે કે કમી ખરચ કર્યું, કયું ખરચ કમી જાસ્તી કરવાની જરૂર છે ને કરી શકાય એમ છે, આપણે વાજબી રીતે કેટલું બચાવવું જોઇતું હતું ને કેટલું બચાવી શકયા, એ નામાની ફોડ ઉપરથી સ્પષ્ટ સમજાય છે; અને આગળ વધારે નિયમિત થવાની ચાનક મળેછે.

જેમ વર્ષ પૂરું થયે જમા ખરચની ફોડ કરી જોવાથી લાભ થાય છે, તેમ આવતા વર્ષમાં શું શું ખરચવું તેનો અડસટ્ટો કરી રાખવાથી ને તે પ્રમાણે ચાલવાનો યત્ન કર્યાથી ફાયદો થાય છે. દરેક સુધરેલી સરકાર આ પ્રમાણે **અડસટો** જેને અંગ્રેજીમાં **બજેટ** કહે છે, તે કરી રાખે છે. એવું દરેક માણસ પોતાના ઘરને માટે કરી શકે કે નહિ અને તેથી લાભ થાય કે કેમ એવો વિચાર કેટલાંક વર્ષપર મને પોતાને આવ્યો. મેં તે પ્રમાણે અડસટ્ટો દરેક જાતના ખરચનો વિચારથી ને કંઇક ઉદારપણે બાંધ્યો. ઉદારપણે બાંધવાનું કારણ એટલુંજ કે તે વગર હરકતે પાળી શકાય. એમ કરવાથી મને ઘણો લાભ માલમ પડયો. ગત વર્ષ કરતાં તેમાં ઓછામાં ઓછું ¼ ખરચ **કમી** થયું એથી સઘળી જાતનો ખરચ નિયમમાં આવ્યો અને ઘરનાં સૌ માણસોને નિયમિત થવાની જરૂર પડી. વર્ષ આખરે ફોડ કરી જોઇ તો કરેલા અડસટ્ટામાં માત્ર સહેજ સાજ ફેર પડયો હતો. બીજે વર્ષે પહેલા વર્ષ કરતાં પણ થોડું કમી ખરચ થયું. અને કરેલો અડસટ્ટો વધારે ખરો પડયો.

આવી વાતો કેટલાકને હસવા જેવી લાગે છે. ને કેટલાક એમ ધારે છે કે આપણે તે કયાં હજારો લાખો રૂપિઆનાં ખરચ ખૂટણ કરવાં છે કે વળી તેનાં બજેટ કરો, તેના હિસાબ રાખો, ને તેની ફોડ કરીને તપાસો; **પણ ઘર સંસારનો ખટલો તે નાના પાયાપર રાજ્ય ખટલો છે,, રાજ્ય**

કર્તા તો ધારે તો પોતાની ઊપજ વધારી શકે, પણ આપણી આવક વધારવાનું બહુ કરીને આપણા હાથમાં નથી. માત્ર આપણું ખરચ નિયમિત રાખવાનું આપણા હાથમાં છે તે છતાં તે ઉપર પણ જો આપણે ધ્યાન ન આપીએ તો આપણે મોટી ચૂક કરીએ છીએ એમ સમજવું.

નામું રાખવું તો તે નિયમિત રાખવું જોઇએ, ને વખતસર લખવું જોઇએ. જેઓ ખરી કાળજી રાખનારા છે તેઓ તો નામે ટપકાવ્યા સિવાય કોથળીમાંથી નાણું કાઢતાજ નથી. હમણાં લખીશું, રાતે લખીશું, એમ જેઓ આળસ કરે છે, તે વખતે ગોથું ખાય છે. કહેવત છે કે "સંભારીને નામું લખે, ઉંટ ચઢીને ઉંઘે." ઇત્યાદિ.

નામાની ને રોકડ સીલીક હમેશ મળવી જોઈએ. એક પાઇનો હિસાબ બંધ ન બેસે તો નાણાવટી પાશેર દીવેલ બાળે ને આખી રાતનો ઉજાગરો કરે; પણ ગમે તેમ માંડી વાળે નહિ. સરકારમાં પણ પાઇ પૈસાની ભૂલ સારૂં રૂપિઆના રૂપીઆ ખરચી નાખેલા, લાંબી મુદ્દત પત્ર વ્યવહાર ચલાવેલા અને કેટલાક દંડાએલા ને બરતરફ થએલા છે. પાઇ પૈસામાં શું? ન મળે તો ખરચ ખાતે લખો વાળો એમ જેઓ ચાલવા દે તેઓને માથે નિયમ ભંગ કર્યાનો દોષ આવે છે. તેમનામાંથી દ્રઢતા નાશ પામે છે, અને એ કંઇ જેવું તેવું નુકશાનછે, એમ ન સમજવું.

હું એમ કહેવા નથી માગતો કે ઘણાં અગત્યનાં કામ કરવાનાં હોય તે છતાં પણ પાઇએ પાઇનો વિગતવાર હિસાબ લખવામાં તમારો વધારે અગત્યનો કાળ ખરચી નાંખો. ઘણાને તો કાળ એટલો બધો અગત્યનો હોતો નથી; પણ જેઓને તેમ હોય, તેમણે પણ પોતાના ઘરનો હિસાબ રહે એવી ગોઠવણ જરૂર કરવી જોઈએ. પોતે નહિ તો પોતાના કોઇ વિશ્વાસુ માણુસ પાસે રખાવવો, અગર પોતે મુખ્ય મુખ્ય બાબતોનો હિસાબ રાખવો અને પરચુરણ ખરચ કરવાનું પોતાની સ્ત્રીને કે બીજાને સોંપવું ને તેનો સામટો ખરચ લખી દેવો.

પરચુરણ ખરચની બાબતમાં મારી યુક્તિ આ પ્રમાણે છે, અને તે હું ઘરનું બજેટ બાંધતા અગાઉ ઘણાં વર્ષથી ચલાવું છું. શાક, ઘી, દૂધ, તેલ, દિવેલ, મશાલો વગેરે જે વારે વારે છૂટક છૂટક મગાવવું પડે છે તેને માટે હું પ્રતિમાસ અમૂક રકમ મારી સ્ત્રીને હસ્તગત કરી તે સાગટી પરચુરણ ખરચ ખાતે હિસાબમાં લખી વાળું છું. એ રકમ ઉપર મારી સ્ત્રીનો પૂર્ણ અખતીઆરી રાખી છે, એટલે તેની મરજીમાં આવે તેમ તે વાપરે અને તેમાંથી જે કંઇ બચાવે તે તેનું પોતાનું થાય. ફકત તે બાબતનો તેણે વિગતવાર હિસાબ રાખવો ને મને બતાવવો. આથી નિયમિત હિસાબ રાખવાની અને કરકસર કરી રૂપિઆ બચાવવાની તેને ટેવ પડી. અલબત જોઈએ તે કરતાં કંઇક વધારે રકમ હું આપું છું કેમકે એમ

કરવાથી તે કંજુસાઇ ન કરતાં કરકસર કરીને મનરંજન થાય એવી રકમ બચાવી શકે. આ રકમમાંથી આજ સુધીમાં તેણે સેંકડો રૂપીઆ બચાવી પોતાના ને છોકરાં છૈઆંના દરદાગીના કરાવ્યા છે. આથી તેને એક જાતનું સ્વતંત્રપણું મળ્યું છે, ને મને નુકશાનને બદલે લાભ થયો છે. મારી આવક જેમ વધે છે, તેમ પ્રમાણમાં એ રકમ પણ હું વધારતો જાઉં છું. કોઈવાર એમ પણ કરૂં છું કે તે જેટલી રકમ બચાવે તેટલી બીજી મારે દાગીના કરાવવામાં આપવી.

જેમ પરચુરણ ખરચનો હિસાબ રાખવાની ફરજ સ્ત્રીને માથે છે તેમ ધોબી ને કપડાં આપ્યાં હોય તે, દૂધનું પત્રક, ચાકર નોકરને રાખ્યા કાઢયાની તારીખો વગેરે નોંધવાનું પણ જો તે ભણેલી હોય તો તેનેજ શિર રાખ્યું હોયતો આપણી તેટલી મહેનત કમી થાય. આવી બાબતો પણ નામાના સંબંધનીજ છે. જેઓ એવી નોંધ રાખતા નથી, તેમને ઘણીવાર અડચણ પડે છે. ધોબીએ એકાદ કપડું ઓળવ્યું કે બદલ્યું, તો નોંધ વગર કેમ ખબર પડે? એજ રીતે દૂધનું ને બીજી બાબતોનું સમજવું.

મને હિસાબ રાખવાની મૂળથી ટેવ હતી, પરંતુ શરૂઆતમાં તે ઉપર બહુ કાળજી રાખતો નહિ. એટલે હિસાબ અનિયમિત રહેતો, અને તેથી મને ઘણું સોસવું પડયું છે. આ અનુભવ સિદ્ધ બાબતો દૃષ્ટાંત રૂપ થઇ પડશે, એમ વિચારીનેજ માત્ર જાહેરમાં આણી છે.

જેમ સરકારી આફીસોમાં ને દરેક મોટે ઠેકાણે કે સમજુ લોકને ત્યાં સરસામાન, દરદાગીના, લૂગડાં લત્તાં વગેરેની નોંધ રાખવામાં આવે છે, તેમ દરેક જણે પોતાને ત્યાં તેની નોંધ રાખવી જોઇએ. એ વગર કંઈ ચીજ ગઇ આવી તો તેની ખબર પડતી નથી. શું શું છે, ને શું જોઇએ તેપણ એ વગર એકા એક માલમ પડતું નથી. આવી નોંધો રાખવી એ પણ હિસાબનો એક ભાગ સમજવો.

કેટલાકને નામું લખતાં આવડતું નથી, અને તે શીખવાનો યત્ન પણ કરતા નથી. નામું લખવું એ વેપારીનું કામ છે. કંઇ મુત્સદ્દી વર્ગનું નથી એમ તેઓ કહે છે. પણ ઘણું કરીને સઘળા મુત્સદ્દીઓને નોકરીના સંબંધમાં થોડું ઘણું નામા સાથે કામ પડે છે. જે ખાતામાં તેઓ નોકરી કરતા હોય તે ખાતામાં તેમને હિસાબી કામ સાથે થોડો કે ઘણો પ્રસંગ પડે છે, અને તેવે સમે જેઓ એ કામમાં સમજતા નથી, તેઓ પોતાની હાંસી કરાવે છે; મોટા મોટા ગણિતના હિસાબ કરી જાણે, અને સહેલું પણ ઉપયોગી, હિસાબી કામ ન જાણે એ શરમ ભરેલું ને નુકશાનકારક કહેવાય. હિસાબી કામ મુત્સદ્દીપણાનો ભાગ છે.

“ભણ્યો ગણ્યો તે નામું લખે ના ભણ્યો તે દીવો ધરે” એવું તો આપણે નાનપણથી સાંભળીએ છીએ ને શીખીએ છીએ. તો પણ ભણ્યા

ગણ્યા છતાં વિશેષે કરીને નોકર લોકોમાં નામું લખવાની આદત થોડી જોવામાં આવે છે. ભણતરનો પહેલો ને અગત્યનો ઉપયોગ જો વિધાર્થીઓ ભણી રહ્યા પછી કરે નહિ તો તેઓ દોષવાન ઠરે છે.

અંક ૨૦ મો.

નાતવરા. *

જેમ કમાવામાં આવડ જોઇએ તેમ ખરચ કરવામાં પણ આવડ જોઈએ, જે નીતિસર ખરચ કરી જાણે નહિ, તે અજ્ઞાનમાં ખપે છે, ને જગતમાં પોતાની હાંસી કરાવે છે. ઘણું ખરચે તો ઉડાઉમાં ખપે, ને કમી ખરચે તે કંજુસ ઠરે. હરેક કામકાજમાં જેમ વચલો રસ્તો સહીસલામત છે, તેમ ખરચ ખૂટણમાં પણ તે સહીસલામત છે. જેઓ એ માર્ગે ચાલે છે, તેઓ વ્યવહારમાં નીતિવાન અથવા વિવેકી ગણાય છે.

એકલું કમાઈજ જાણવું એતો ફક્ત વૈતરૂં છે. આખો જન્મારો વૈતરાની પેઠે અહોરાત મહેનત કરી કમા કમા કરવું એમાં પુરૂષાર્થ નથી. કમાવા કરતાં વિવેકથી ખરચ કરવામાં વધારે પુરૂષાર્થ, સુખ, અને આનંદ રહેલાં છે.

પોતે અને પોતાનાં સંબંધી ખાઇ પી સુખશાતામાં રહે તેને માટે માણસ મહેનત કરી પૈસા મેળવે છે. આ કમાણીનો મુખ્ય ઉદ્દેશ છે; પરંતુ પોતેજ કમાઇને ખાઈ જાણવું એમાં કંઈ વિશેષ નથી. કમાણીનો અમૂક ભાગ દાન ધર્મમાં ખરચવો એ ખરૂં જોઇએ તો માણસની પહેલી ફરજ છે. પોતે ખાવા કરતાં બીજાને ખવાડવામાં આપણને વધારે આનંદ થાય છે. જે બીજાને ખવાડી જાણતો નથી ને ખાઇ ખાઈને પોતાની જાત વધારવામાંજ સમજે છે, તેની લોક નિંદા કરે છે. અતિથિનો આદરસત્કાર, મેમાન પરોણાની ચાકરી, સગાંસંબંધી નાતીલાં જાતીલાંને જમાડવાં વગેરેની ઉત્પત્તિનું મૂળ આવાં કારણોમાં મુખ્યત્વે રહેલું છે.

માણસ માત્ર સમાગમ, આનંદ, અને યશનું ભૂખ્યું છે. માણસ બીજાના સમાગમ વગર એકલું રહી શકતું નથી. એ કારણથીજ લોકો ગામ વાશીને ભેગા રહે છે. અને જેઓ એક જાતના કે નાતના હોય તેઓ બનતા સુધી એક વગે રહેવાનો યત્ન કરે છે. જ્યારે તેઓ ભેગા મળે છે; ખાય છે, પીએછે, ત્યારે તેમને આનંદ થાય છે. આવો આનંદ કંઈ દરરોજ કરવો પાલવે નહિ. કોઈ ટાણે ટચકેજ બની શકે. આ કારણથી ટાણેટચકે નાતો જમાડવાનો રિવાજ પડયો હશે એમ સંભવે છે. માણસ

*લખનાર હરગોવન દવારકાંદાસ કાંટાવાળા.

પશનું ભૂખ્યું છે, માટે નાત જાતના લોકને સારૂં સારૂં જમાડી સંતોષી તેઓની વાહ વાહ સંપાદન કરવાને ઉશ્કેરાય એ સ્વાભાવિક છે.

ઘેર શુભ પ્રસંગ આવવો એ સંસારમાં આનંદની સીમા છે. એ વખત માણુસ હરખથી છલકાઇ જાય છે, અને તે કેવો પણ કંજુસ છતે એ પૈસા તોડી નાખવાને ઉશ્કેરાય છે. આ સ્વાભાવિક લાગણીની સામે શીખામણ દેવાનો પ્રયત્ન અસ્વાભાવિક હોવાથી નિષ્ફળ થાય છે. માણુસ હદમાં રહીને સંસારનો લાવો લે એ ચલાવા યોગ્ય છે. એવું દરેક દેશમાં થાય છે, થયા કરશે, અને થવું જોઇએ.

જે નાતમાં આપણે પેદા થયા, જેમાં આપણાં સગાં સહોદર રહેલાં છે, જેમાં આપણે સારાં સારાં વસ્ત્રાભુષણ પહેરી મહાલીએ છીએ ને ભાણું માંડીએ છીએ. તે નાતને પ્રસંગ આવે જમાડવી એ એક રીતે આપણી ફરજ છે, એટલુંજ નહિ, પણ નાતવાળા આપણા ઉપર વાજબીપણે તેનો દાવો કરી શકે છે. ખાવું ખવડાવવું એતો ઊછીના વ્યવહાર છે. ખાવા ખવરાવવા વગર ઘેર શુભ ટાણું આવ્યું માલમ પણ કેમ પડે. પૈસાની સાથે જશ કમાવાની પણ માણુસને જરૂર છે. કમાઈ કમાઇને કોઠાર ભર્યાથી જગત જાણે પણ શું?

રાજકીય, ધાર્મિક, અને સંસારી એ ત્રણ પ્રકારની ધામધુમ અને તેથી ઊપજતાં સુખ દુઃખ દરેક પ્રજાને પ્રાપ્ત થાય છે. આપણા દેશમાં માઠાં ભાગ્યે રાજકીય ધામ ધુમ શુન્ય થઈ છે અને ધાર્મિક ધામધુમ ડહોળાઇ જવાથી મનને થોડુંજ ખેંચી શકે છે. આ કારણથી આપણે અહીં હાલમાં તો માત્ર સંસારી ધામધુમજ રહેલી છે. જ્યાં જશો ત્યાં લોક નાતજાતની ને વિવાહવાજનનીજ વાતો કરતા જોવામાં આવશે. જમવાખાવાની ધામધુમ દરેક ઘેર મોટા મહત્વની થઇ પડેલી જોવામાં આવે છે. વિશેષે કરીને બૈરાં છોકરાંને તો તે એક અપૂર્વ લાવો થઇ પડયો છે. એને નાબુદ કરવાની આશા ફોકટ છે. અને તેને માટે યત્ન કરવો અઘટિત છે.

એ માટે પરમેશ્વરે પૈસા આપ્યા હોય તો નાત કરતાં કંઈ આલે (અધિક) નથી. શુભ પ્રસંગે નાતને સંતોખવી એથી રૂડું બીજું શું ! અવસર આવે પણ સગાંવહાલાં ને નાત જાતના લોક ઉમરો ન દેખે એમાં શી વડાઇ? ખરચ્યા વાવર્યા, વગર કમાયું જાણે પણ કોણ? જેઓ પારકે ઘેર કોળીઓ વોંઝતા હોય તેઓ પોતાને ઘેર ઊજળો અવસર આવે ત્યારે મોં ધોઇ જાય એ શરમ ભરેલું કહેવાય.

આ પ્રમાણે નાતવરાની ઉત્પત્તિ ને જરૂરીઆત બતાવી પણ એના સંબંધમાં કેટલાક વિચાર કરવાના છે. હરેક કામ વિવેકની હદમાં રહીને કરવામાંજ શોભા છે. કોઇ માણુસ દાન ધર્મ કરવું એ સારૂં છે એમ જાણી પોતાની પાસે જે કંઈ હોય તે સઘળું કૃષ્ણાર્પણ કરી બેસે, અને

વિશેષમાં તે મળે તેટલું કરજે કાઢીને ધર્મ કરે તેને તમે કેવો કહેશો? એ-જ રીતે નાતજાતના કામમાં પણ જે ગજા ઉપરાંત ખરચ કરે તેઓ ફૂલ-ણુજીમાં ખપી નિંદા પામે ને ખરાબ થાય એમાં શી નવાઇ?

નાતવરાનો સુખદાયક સંપ્રદાય હાલમાં ઘણાને દુ:ખદાયક થઇ પ-ડયો છે. બીજા દરેક રિવાજની પેઠે નાતવરાનો રિવાજ પ્રથમ કારણ પૂ-ર્વક નીકળ્યો અને હદમાં રહ્યો પણ પાછળથી તેનો વિસ્તાર ચારે તરફથી વધતો ચાલ્યો. માણસે તેને આનંદને માટે પેદા કર્યો છતાં તે દુ:ખદાયક થઇ પડયો અને માણસને માથે ચઢી બેઠો. હાલ તે ઘણે ઠેકાણે બોજા રૂપ બંધન થઇ પડયું છે. અને તે એટલા વિસ્તાર વાળું છે કે ગરીબ લો-કનો તો નાંખી નજર પણ પહોંચતી નથી.

જો નાતવરા આનંદને માટે છે તો તે શુભ પ્રસંગેજ હોવા જોઇએ એમ સૌ કોઇ કબુલ કરશે; પરંતુ હાલમાં જ્યારે આપણે નાતોના રિવાજ ત-રફ નજર ફેરવીએ છીએ ત્યારે આપણને શું માલમ પડે છે? જેમ લગ્ન પ્રસંગે નાતો જમાડવામાં આવે છે તેમ મરણ પ્રસંગે પણ નાતો જમાડ-વાનો ચાલ પડયો છે. મરણ પ્રસંગ એ શુભ પ્રસંગ તો નર્થીજ, ત્યારે એવે સમે નાતો જમાડવાનું શું પ્રયોજન? મરણ સમે નાતો જમાડવાનું શાસ્ત્ર-માં કહ્યું હશે કે શું? ડાહ્યા શાસ્ત્રવાળા એવું કહેજ નહિ. શાસ્ત્રમાં તો એવે સમે ધર્મદાન કરવું, બ્રહ્મભોજ કરાવવું વગેરે કહેલું છે.

ત્યારે આપણે એવું શા માટે કરીએ છીએ? ફક્ત રિવાજ પડયો માટે? એવો ખરાબ રિવાજ શા માટે પડયો હશે એમ કોઈને શંકા ઉત્પન્ન થશે તો તેનું એમ ભાસે છે કે બ્રહ્મભોજ વધતાં વધતાં નાત સૂધી પહોં-ચ્યું હોય, અગર ઘરડાં વરડાંનાં મરણ વિવાહ સમાન ગણાય છે માટે તેવે પ્રસંગે જમવા જમાડવાનો સંપ્રદાય શરૂ થયો હોય. ગમે તેમ હો, પણ માણસ મરે એ કંઇ લાકડું ભાગતું નથી. મરણ સમે આનંદ થવો એતો અજુગતું લાગે છે, માટે એવે પ્રસંગે નાત જમાડનારની તેમજ આભૂષણ પહેરી જમવા આવનારની કરણી નિંદાયુક્ત ભાસે છે.

પણ વાત આટલેથી અટકી નથી. ઘણી નાતોમાં નાના છોકરાંના ને જુવાન જોધનાં ત્રાહચ ત્રાહચના મોત ઉપર પણ નાતને જમાડવી પડે છે. કારીનાં મરણ સમે ઘરનાં સૌ ઘેંસ જાવળી પીને રહેતાં હોય, દરરોજ રડા પીટ થઇ રહી હોય, રડવા કૂટવામાં છાતીઓ ફાટી લોહીની ધારા વહેતી હોય, રાત દિવસ મહા ઉદાસીમાં ને રોવા કૂટવામાં જતો હોય, એવે વિ-પરીત પ્રસંગે તેમની પાસે ઘઉં, ઘી ને સાકર મંગાવવાં, જેમ ઘેર વિવાહ આવ્યો હોય તેમ જમણવારની તૈયારીઓ કરાવવી, સારાં સારાં લૂગડાં લ-ત્તાં પહેરી હાથમાં જળપાત્ર લઇ લગ્નમાં મહાલવા જતાં હોઈએ એમ તે-મને ત્યાં જઇ આંગણા આગળ ભાણું માંડવું અને આનંદભેર માથું નીચું

કરી મિષ્ટાન ઉડાવવાં, એ શું જમનારનું નિર્દયપણું નથી બતાવતું! અને એથી શું મયતવાળાંને આપણે ત્રાસદાયક નથી ભાસતાં? જેમ ગીધ પક્ષી મૂડદાને જોઈ આનંદ પામે અને પોતાને મિષ્ટાન્ન મળ્યાં એમ સમજી તેના ઉપર બેસી ઉજાણી કરે તેના જેવું એ કંટાળો ઉપજાવનારૂં છે, પણ માણસની દયાળું લાગણીઓ રૂઢીએ કરીને ઘસાઈ ગઇ હોય એવું આવે પ્રસંગે ત્રાહીતને લાગે છે અને તેની નજરમાં આપણે ગીધ પક્ષી કરતાં પણ ભૂડાં જણાઇએ છીએ.

રૂઢીનું જોર કેવું બળવાન છે? તે ઇશ્વરે મૂકેલી સ્વાભાવિક લાગણીઓને તોડી શકે છે, એ જન સ્વભાવને બગાડે છે અને જન મંડળને ભયંકર બનાવી દે છે. દુષ્ટ રૂઢીએ આખી પ્રજાઓ ખરાબખસ્ત કરી નાખી છે તે આવીજ રીતે. એ માટેજ ખરાબ રૂઢીના દાસ થવું ને ગાડરીઆ પ્રવાહની પેઠે વિચાર કર્યા વગર તે અંધ રંડા દોરે તેમ દોરાયા કરવું એ સમજુ પુરૂષને છાજતું નથી.

"સ્ત્રીની અઘરણી ને માબાપનો દહાડો એ કંઈ ફરી ફરીને આવતાં નથી" એવી કહેવત ચાલી છે, અને એ કહેવતને અનુસરીને પોતાની શક્તિ હોય કે નહિ તો પણ માણસ એવે ટાણે જમણવાર કર્યા વગર રહેતું નથી. અઘરણી સમે સ્ત્રી પોતાનું ધન આપવા તૈયાર થાય છે એટલુંજ નહિ પણ પોતાનાં ઘરેણાં–રે સૌભાગ્યવતીનો શણગાર જે કાંટો, લોળીઉં તે સુદ્ધાંપણ–આપવાને તત્પર થાય છે. ઘણી ઘરબાર વેચી સાટીને કે કોઈના દોઢા સવાયા કરજે કાઢીને પણ સીમંત ઉપર કે માબાપના મરણ સમે નાત જમાડવા ઉભો થાય છે.

અઘરણી ઉપર નાત કરવાની શાસ્ત્રમાં મના છે, એ વખતનું જમવું નખેદ છે. ઘણા ધર્મનિષ્ટ લોકો અઘરણીની નાત જમતા પણ નથી એમ છતાં આવી અઘટિત રીત પરંપરાથી આપણે અહીં ચાલી આવી છે એનો અટકાવ કરવાનો કોઇ વિચાર કરતું નથી.

જે કરવાનો ધર્મના કારણથી બાધ છે અને જે કરવાને આપણું મન પણ પસંદ કરતું નથી તેનો અટકાવ તો જરૂર થવો જોઇએ.

વરા કરવા એ ઘણી નાતોમાં ન છૂટી શકાય એવું બંધન થઈ પડયું છે. સરકારના કર—ટાકસમાંથી છૂટી શકાય, પણ આ નાતના ટાકસમાંથી કોઇ છુટી શકતું નથી. હાથ પહોચતો હોય કે નહિ તો પણ અમૂક પ્રસંગે હરેક માણસે નાત કરવીજ જોઇએ એવી તેને માથે ફરજ આવી પડી છે. જમણવાર કરવી એ માણસની ખુશી ઉપર રાખવું જોઇએ, અને પ્રથમ તો એમ હતું તથા હાલ પણ કેટલીક વિચારવાન નાતોમાં એજ પ્રમાણે ચાલે છે. જેને બે પૈસાની પ્રાપ્તિ હશે તેતો નાતમાં ખરચ્યા વગર રહેનારજ નથી, કેમકે જશ સૌને વહાલો છે.

કેટલાક એમ કહેછે કે "નાત બંધન રૂપ છેજ નહિ, નાત કોઇને કહેવા જતી નથી ને કોઇને બારણે આવીને બેસતી નથી. વરો ન કરનારને કોઇ નાત બહાર મૂકતું નથી, કે દંડતું નથી. માણસ પોતાની મરજીમાં આવે તો વરો કરે." વરો ન કરવાથી નાત શિક્ષા કરતી નથી એ વાત ખરીછે, પરંતુ શિક્ષા કરતાં જાદે વરો ન કરનારને સોસવું પડે છે. એટલે એ બાબત બીજાં જ્યારે મહેણાંટુણાં દેછે ત્યારે તેને મરવા જેવું લાગે છે. નાત સમગ્ર કંઇ કહેતી નથી પણ નાતનું ઘણું કરીને દરેક માણસ પ્રસંગ આવે ટપ્પો મારે છે ને નિંદા કરે છે. એ બધાનો અટકાવ કરવા સારૂ માણસ ન મળતે છતે પણ નાતવરાને માટે તણાઇ મરે છે.

વળી કોઇવાર એમ કહેવામાં આવે છે કે માણસ મહેણાંથી ને નિંદાથી ડરીને તણાઇ મરે ને હાથે કરીને હેરાન થાય એમાં કોઇ શું કરે? એ બાબતમાં નાતવાળા શું કરી શકે? દરેક સમજુ માણસ હિંમત રાખીને એવા કામમાં હામ ભીડે તો તેને તણાઇ મરવું ના પડે અને નાતમાં ધીમે ધીમે સુધારો પણ થાય. પણ એમ સામાન્યપણે બની શકવાનું નહિ. નિંદાથી સૌને થોડું કે ઘણું ડરવું પડે. ગરીબને લપડાક મારીને પણ મોં રાતું રાખવું પડે. નાતમાં ગૃહસ્થાઇ, મોટાઇ, કૂળ, સૌનો આધાર વિશેષે કરીને વરા કરવામાં રહેલો, તેથી ગરીબને પણ એ હાનિકારક પ્રવાહમાં તણાવુંજ પડે. સારા ઇરાદાથી એટલે નાતમાં સુધારો દાખલ કરવાના હેતુથી કરે તો પણ ગરીબને તો વગોવાવુંજ પડે. લોકતો એમ કહે કે એને મળતું નહોતું માટે નાત ન કરી. જ્યાં મોટમની ચડસાચડસી ખરચ ઉપરજ આધાર રાખે, ત્યાં બનતા સુધી કોઈ પણ ખરચમાં પાછી પાની કાઢવા તત્પર ન થાય એ દેખીતું છે.

ગરીબ કરતાં પૈસાદાર હોઇને નઠારા ચાલનો અટકાવ કરવાના હેતુથી કોઇ અમુક નાતવરો ન કરે તો તેને માથે ન મળ્યાનું આળ ન આવે અને પૈસાના તથા સગાં સંબંધીના બળે કરીને તે ઘણે દરજ્જે ફાવી શકે. પણ અજ્ઞાન પૈસાદાર દુરંદેશી થઇ નાતના ભલા સારૂ પહેલ કરવાને ભાગ્યેજ ઉભા થશે. તેઓ નિંદાથી ડરે છે, મોટાઇ સારૂ મરી જાય છે, અને પોતાનો તાત્કાલિક સ્વાર્થજ માત્ર વિચારે છે. હિંમતવાન કેળવાએલા ગૃહસ્થો જેઓ પૈસે ટકે સુખી હોય તેઓજ (આવા કામમાં પહેલ કરવાની જરૂર તથા ફરજ સમજે છે) માત્ર ધારે તો પહેલ કરી શકે અને ઘણું કરીને તેમાં ફાવી પણ શકે, પણ એવા માણસો દરેક નાતમાં એટલા થોડા હોય છે, અને તેમનું વજન પણ એટલું કમી હોય છે કે તેઓનો દાખલો બીજા લે અને નાતનો રિવાજ તૂટતો જાય એમ બનવું મુશ્કેલ લાગે છે. જો રિવાજ ન તૂટે તો એક જણનું ભરેલું પગલું નાતના હકમાં લાભકારક નીવડે નહિ.

ત્યારે અઘટિત નાતવરાનો સામાન્ય અટકાવ કેમ થાય? એ બાબતમાં દરેક માણસ કરતાં નાત સમગ્રે વિચાર કરે તો વધારે ઠીક પડે. નાતના શેઠીઆ જો મન લગાડે તો આ કામનો સૂધારો જરૂર થાય તેમણે નાત ભેગી કરી સૌને ગળે ઉતરે એ રીતે સમજ પાડવી અને બધાને પસંદ પડે એવો ઠરાવ કરવો. ઠરાવ કરીનેજ બેશી રહેવું નહિ, પણ તેનો અમલ સૌ કોઈ બરાબર કરે એવી પેરવી કરવી. ઘણીવાર શેઠીઆ ઠરાવ કર્યા પછી પોતેજ તે તોડે છે અગર તેમના લાગતા વળગતા કે જથાવાળા લોક ઠરાવ તોડે છે ત્યારે તેઓ મુંગે મોઢે બેશી રહે છે. જેમ રાજ્ય કર્ત્તા અપક્ષપાતી જોઇએ તેમ શેઠીઆ પણ પક્ષપાત વગરના જોઇએ. તેમણે સૌને સામાન્ય ગણુવા, અને સૌ પાસે બાંધેલા ઠરાવ પળાવવા. એકવાર નિયમનો ભંગ થવા દીધો તો તે નિયમ સર્વ કોઇ તોડે છે. એટલુંજ નહિ, પણ પછી શેઠીઆઓનો ભાર વક્કર ઘટી જાય છે. ધારો કે પંચ સમસ્તની સંમતિ લેઇ શેઠીઆઓએ એવો ઠરાવ કર્યો કે આવતા વર્ષની શરૂઆતથી કોઈએ સીમંતની નાત ન કરવી અગર જવાન મરી જાય તેની નાત ન કરવી. પોતાને ત્યાંજ એવો બનાવ બને તો નિયમ પાળવાની પોતેજ પહેલ કરવી. કોઇ નિયમ ભંગ કરી નાત કરવા ઉભો થાય તો તેને વરો કરવાની પંચે રજાજ ન આપવી. રજા વગર નાત થઇ શકશે નહિ. રજા વગર કરવાની કોઈ ઉધત્તાઇ કરે તો કોઇએ જમવા ન જવું અને તેને અમુક શિક્ષા કરવી. પંચની ખરી સખતાઇ દેખે તો કોઇપણ માણસ નિયમ તોડવા ઉભો થાયજ નહિ.

અમુક પ્રસંગે કેટલેક ઠેકાણે એક કરતાં વધારે નાત કરવાનો રિવાજ હોય છે, એવે ટાંણે એકજ નાત કરવી એમ જો નાતવાળા ઠરાવ કરે તો તેથી પણ એકંદર સારો લાભ થાય અને લોકો બબડે પણ નહિ. વળી નાતવરા અવસર આવે તેજ વખતે કરવાનો રિવાજ ઘણી નાતોમાં છે તે અટકાવવો જોઇએ, અને જેને જ્યારે મળી આવે કે અનુકુળ પડે ત્યારે વરો કરે એવો બંધ બાંધવાથી પણ ફાયદો થશે. અવસર વખતે કોઈનો હાથ ઘણો ભીડમાં હોય કે તેને બીજી અડચણો હોય તે છતાં પણ તેને હેરાનગતીમાં નાંખવો એ બરાબર નથી.

કેટલીક નાતોમાં સમજુ શેઠીઆઓએ નાતવરા કમી કરવાની પહેલ કરી છે એ ઘણી ખુશીની વાત છે. એવા દાખલા બીજાએ લેવા જોઈએ. કેમકે જમાડવાનો રિવાજ ઘણો વધી પડયો છે, અને લોકોની હાલત ખરાબ થતી ચાલી છે. વેપાર રોજગાર ઘટી ગયો છે, ખેતીવાડીમાં કસ રહ્યો નથી, નોકરી ચાકરી માલ વગરની થઇ પડી છે, એટલે કમાણીનો હરેક માર્ગ સાંકડો થયો છે. અને ખરચ ખુટણની નીકો ધસારો લાગી લાગીને પહોળી થઇ ગઇ છે, અને કેટલેક ઠેકાણે તો તે ફાટીને ચોતરફ ફેલાઇ પણ ગઇ છે.

નાતવરાનો રિવાજ આપણા જેટલો વધી પડેલો કોઇ પ્રજામાં જણાતો નથી. એ બાબતમાં આપણા જેવો સખત પ્રતિબંધ પણ કેથે જોવામાં આવતો નથી. દક્ષણી લોક ધારે તો પાંચ સોધાંમાં પરણેતર કરાવી શકે અને જેને મળે તે એ પ્રસંગે હજારો રૂપીઆ ખરચી નાખે; મતલબ કે એમને કોઇ તરહેતું બંધન નથી. અને નાતવાળા નિંદા પણ કરતા નથી. આપણા લોક જ્યારે નિંદા કરવાનું ને મહેણાં મારવાનું છોડી દેશે ત્યારેજ સંસારી બાબતમાં ખરો સુધારો થઇ શકશે.

આપણે ગૂજરાતી ઘેલા લોક નાતવરામાં ને વિવાહ વાજનમાં કેટલું ખરચી નાખીએ છીએ તેનો વિચાર પણ કોઈ કરતું નથી. ખરૂં જોઇએ તો કાચું સોનું પાકે એવા ફળદ્રુપ ગૂજરાતમાં જ્યાં ખેડુતો ઉદ્યમી ને કુશળ વસે છે, જ્યાં સાહસિક અને સફરી વેપારીઓ દેશ દેશાવરથી નાણું તાણી લાવવાને શક્તિવાન છે, જ્યાં હજી પુષ્કળ દેશી રાજાઓ રાજ્ય કરેછે, જ્યાં સામાન્ય રીતે સઘળા લોક મહેનતુ છે, જ્યાં ખાવા પીવામાં ને ઓઢવા પહેરવામાં સાદાઇ ને કરકસર જોવામાં આવેછે, ત્યાં લોકોની સ્થિતિ પૈસેટકે તર જોવામાં આવતી નથી તેનું મોટું કારણ જમણવાર વરઘોડા આદિનાં લખલૂટ ખરચ છે. દરેક સાધારણ વસ્તારીને ઘેર ઘણુંકરીને ત્રણ ચાર વર્ષે આવું ખરચ આવી પડયા વગર રહેતું નથી. અને તેની સ્થિતિ પ્રમાણે તેને ચારસેં પાંચસેંથી માંડીને બે ત્રણ હજાર રૂપીઆ ખરચવા પડે છે. આપણે સાધારણ પક્ષે એક હજાર રૂપીઆ લેઇએ તો દર વરસે અઢીસેં ત્રણસેં રૂપીઆ તેને આવા કામ માટે જોઈએ. સાધારણ માણસનું વાર્ષિક ઉત્પન્ન બસેં ને પાંચસેંની વચ્ચે ગણાય. હવે વિચાર કરો કે પોતાની કમાણી ઊપર નાતવરાનો કેટલો મોટો બોજો આવી પડે છે.

ચારસેં પાંચસેં ઘરની મોટી નાતવાળા વાતો કરે છે કે અમારે ઘણું કરીને છ મહિના જમવાનું મળે છે. ધારો કે તેઓ ગણ્યા વગર કહે છે, તેથી તેમાં ફેર હશે, અગર ઢાળ વહેવાર ને સગેસાગવે જમવાનું પણ તેમાં આવી જતું હશે તેથી આપણે એનું અર્ધ કરીને ત્રણ મહિના લેઈએ. આવી મોટી નાત જમાડવાનું ખરચ ગોળના વાળેલા લાડુ કરે તોપણ સુમારે પાંચસેં રૂપીઆ થાય અને ઊંચું જમણ કરેતો રૂપીઆ એક હજાર જોઇએ. આપણે સરેરાશ ખરચ રૂ.૭૦૦) લેઇએ. ત્રણ મહિનાની ૯૦ નાતો ગણીએ તો તેનું ખરચ ૬૩૦૦૦ રૂપીઆ થાય. આંકડાની સરળતા સારૂ ને એમાં પણ કાંઇ વધારે પડતું મૂક્યું છે એમ ન કહેવાય માટે આપણે ૬૩૦૦૦ ને બદલે ૫૦૦૦૦ રૂપીઆ લેઇએ. એકજ નાતને માટે એ કેવડી રાક્ષી રકમ છે? ધારો કે દરેક કુટુંબની સામાન્ય ઉપજ રૂ. ૨૦૦)નીછે (એથી વધારે તો ઘણું કરીને હોયજ નહિ) એટલે આખી નાતનું વાર્ષિક ઉત્પન્ન રૂ.૧૦૦૦૦૦)નું થાય. તેમાંથી અરધું તો તેને નાત-

વરામાં ખરચવું પડે! બાકીનું અર્ધું તેને નવ માસના રોટલા ખરચમાં ઉપડે એટલે એ નાત પૈસા વાળી કોઇ કાળે પણ થાય ખરી? ૫૦૦૦૦ રૂપીઆનું ખરચ પાંચસેં ઘરે ફાળવો તો ઘરદીઠ ૧૦૦ રૂપીઆ આવે, ને ઘરની સરેરાશ વસ્તી ચાર માણસની ગણીએ તો માથાદીઠ ૨૫ રૂપીઆ થાય. માથાદીઠ ૨૫ રૂપીઆ એ કેવડો મોટો ટાકસ? સરકારનો બોજો માથા દીઠ પાંચ રૂપીઆ પણ પૂરા પડતા નથી અને નાતનો બોજો પચીસ રૂપીઆ પડે. એ શું? સરકાર પાંચ રૂપીઆ લે તે જુલમી ગણાય અને નાતના પચીસ રૂપીઆ વિષે કોઈ વિચાર કરતું નથી! નીચી નાતના લોક ધારો કે ઊંચી જાતના જેટલું ખરચ કરતા નથી તેથી આપણે માથા દીઠ પચીસને બદલે ફક્ત દશ રૂપીઆ લઈએ ને ગૂજરાતની વસ્તી ૭૦૦૦૦૦૦ ગણીએ તો ગૂજરાતમાંથી પ્રતિવર્ષ સાત કરોડ રૂપીઆ "ફક્ત" નાતના એક રાતના વાળુમાં ખરચાય એ કેવી ઘેલાઈ! એ કેવું વિનાશકારી કામ !! બિચારી ગૂજરાત એથી પાયમાલ થાય એમાં શી નવાઇ. ગૂજરાત માંહેલા અંગ્રેજ, ગાયકવાડ અને તમામ દેશી રાજ્યોની ઉપજ ભેગી કરીએ તોપણ સાત કરોડ રૂપીઆ મુશ્કેલીથી થાય.

"વાણીઆ વરઘોડે અને બ્રાહ્મણ વરે" એવી કહેવત ચાલે છે પણ હાલમાં તો સઘળું ભેળસેળ થઇ ગયું છે. દરેક નાતનું ખરચ વધી પડયું છે. રૂઢીને વધતાં વાર લાગતી નથી. પણ તેને ઘટાડવી ઘણીજ મુશ્કેલથઇ પડે છે. કણબી લોક પહેલાં જમણમાં લુલીઉં કરતા અને તેને તેઓ બહેતાળું, ચુંવાળું એવું માર્મિક નામ આપતા–બહેતાળું એટલે મણના આટામાં બશેર અને ચુંવાળું એટલે ચાર શેર ઘી ફક્ત નાખવામાં આવતું. એને ઠેકાણે હાલ તેઓમાં તામડીએ ઘી અને ગોળ સાકર ઊછળે છે. લુલીઆનું તો નામ પણ લોકો ભૂલી ગયા. મોંઘવારીના વખતમાં તેઓ બે પૈસા સારૂં કમાયા તેથી વાયરે ચઢયા. હાલમાં સોંઘવારી થઇ પણ, પડેલો ચાલ તો ચાલુજ રહ્યો છે. ઘેર છાંટો ઘીનો પણ ન દેખે, આછું પાતળું ખાવા પામે અને પેટે પાટા બાંધીને અહોરાત માથાતોડ મહેનત કરી બે પૈસા મેળવે તે નાત જમાડવામાં ભોર મૂકે, પૈસા પૂરા ન હોય તો કરજ કાઢે ને વ્યાજ ભરીભરીને તાલકું તૂટી જાય. આ બિચારો સંસારમાં જન્મીને શું સુખ પામ્યો? એણે શું ભોગવ્યું ને શી મોજમાણી!

આ સઘળી બાબતોનો વિચાર દરેક માણસે ને દરેક નાતના આગેવાનોએ જરૂર કરવો જોઇએ. પાણી પહેલી પાળ બાંધી ખરચના અસહ્ય સપાટામાંથી માણસોને બચાવવા જોઇએ. જે હજારો રૂપીઆ જમણમાં જતા રહે છે તેનો થોડો ભાગ પણ જો કોઇ નાતના સુધારાના કામમાં વાપરવામાં આવે તો કેટલો લાભ થાય. જો હાલના ખરચનું અર્દ્ધ ખરચ નાતશાહીબંદોબસ્તથી કમી કરવામાં આવે તો પ્રતિ વર્ષ હજારો રૂપીઆનો

બચાવ હરેક નાતમાં થાય અને કેટલીક મુદતે નાતો તરીને ઊંચી આવે.

પણ લોકોને ભાન કયાં છે? ભવિષ્યનો વિચાર કોણ કરે છે? પારકાની નાત જાતની ને દેશની પડી છે કોને? હમણાં તો મિષ્ટાન્ન ઉડાવવાનાં મળે છે, ટુંકી ટુંકી મુદતે મોં મીઠાં થાય છે, ને મહાલવાનું મળે છે કેની? પણ હજામ ભાઈએ વરો કરીને કહ્યું હતું તેમ "સૌ તમારૂં તમારીવડે છે" નાતો જમીને રાજી શાને થાઓ છો! બીજાને ઘેર જમીને તમે જેટલું કરજ કરો છો તે બ્યાજ સાથે અને વખતે દોઢું બમણું જરૂર આપવું પડશે. આપવાની શક્તિ નહિ હશે ત્યારે આંકશીઆં ઊંચાં આવશે, દરદાગીના વેચવા પડશે, ઘરબાર તજવાં પડશે, ને તમે "રાન રાન ને પાન પાન" થઇ રખડી મરશો; માટે તમારૂં ને તમારાં છોકરા છૈઆંનું સારૂં વાંચતા હોતો નાતવરા કમી થાય એવા ઉપાય યોજો.

અંક ૨૧ મો.

એક† માતબર મંડળીની જરૂર.

લોકો ટાઢ તડકામાં અસૂર સવાર દૂર દેશાવર બિહામણાં રાનમાં કે ભયંકર દરિયે આથડે છે, ને માથા તોડ મહેનત કરેછે તે સૌ બહુ કરીને પેટને માટે છે "પેટ કરાવે વેઠ" એ ખોટું નથી, ભણવું ગણવું ને નોકરીચાકરી કરવી એ પણ પેટ ભરવાનાં સાધન છે; એમ લોકો માને છે" દેહરખો ધર્મ" એમ શાસ્ત્રવાળા કહે છે. આત્માના કલ્યાણનાં સાધન મેળવવા માટે પણ દેહના રક્ષણની જરૂરછે. દેહના રક્ષણ સારૂ પૈસાની અગત્ય છે, અને પૈસા કમાવવા સારૂ ઉદ્યમ રોજગાર જોઇએ,

આપણા દેશમાં ઉદ્યમ રોજગાર ઘટતો જાય છે, અને તેથી નિર્ધનતા વધે છે, એમ વિદ્વાનો અનેક પ્રકારની તપાસોથી સાબીત કરી શકે છે એટલુંજ નહિ પણ એ દુઃખદાયક બનાવ આપણે નજરોનજર જોઇએ પણ છીએ. દરિદ્રતાનાં પરિણામ કેવાં ભયંકર છે તે અહીં વિસ્તારવાની જરૂર નથી; પરંતુ આટલું તો કહેવું જોઇએ કે જો લોકો કે સરકાર તરફથી ચાંપતા ઉપાય લેવામાં નહિ આવે અને આમનું આમ ચાલ્યું જશે તો, એક સૈકાની અંદર હિંદુસ્તાનના લોકોની હાલત આફ્રિકાના હબશીઓના જેવી દુઃખદાયક થશે. કેમકે તેટલા વખતમાં હિંદુસ્તાનની વસ્તી વધીને સુમારે ત્રણ ગણી થશે. જમીનનો કસ સુમારે ચારગણો કમી થઇ નિર્માલ્ય થતાં સરકારને મહેસુલ ભરવા જેટલું પણ ઉત્પન્ન કરવાને શક્તિમાન રહેશે

† લખનાર હરગોવિંદ દ્વારકાદાસ કાંટાવાળા.

નહીં. દેશનો ઘણું કરીને સઘળો વ્યાપર પરદેશીઓના હાથમાં જતાં તેમાં પણ લોકોનું થોડું ફાવશે. આવી હાલતમાં લોકો રાન રાન ને પાનપાન થઇ જાય; આફ્રિકાના હબશીઓની કે અમેરિકાના ઇંડિયનોની હાલતમાં આવી જાય; કિંવા આખી પ્રજા કે તેનો ઘણો ભાગ દુનિયામાંથી ભૂખે મરતો ને દુ:ખે ટળવળતો નાબુદ થઈ જાય તો તેમાં નવાઇ પણ શી?

પણ નવાઇ સરખું તો એ છે કે ભવિષ્યમાં માઠી હાલત થશે એવી માહીતી છતાં પણ જાણે કોઇએ ભૂતી નાંખી હોય એમ લોકો ઠંડે પેટે ટગર ટગર જોયા કરેછે. જેઓ ધારે તો કંઈ કરી શકે એવી હાલતમાં છે તેઓ પણ બુદ્ધાવતાર ધારણ કરી બેઠાછે તો હવે દાદ ફરિયાદ કરવી કોને?

ધનાઢય શ્રાવકો ખોડાં ઢોરના પોષણ અર્થે પુષ્કળ પૈસા ધર્માદા કાઢે છે પરંતુ ઢોર કરતાં ચઢતી પંક્તિનાં મનુષ્યો ખોડાં ઢોર કરતાં પણ વધારે માઠી હાલત ભોગવેછે. તેમને ઉદર નિર્વાહનાં સાધન મળે એવી ગોઠવણો યોજવા પણ તેઓ ઉભા થતા નથી. ઢોર ઉપર થતું ઘાતકીપણું બંધ પાડવા કે કમી કરવાના ઈરાદાથી મંડળીઓ ઉભી થાયછે. પરંતુ અન્ન દેવની અવકૃપા વડે અનાથ લોકો પર થતું ઘાતકીપણું ઘટાડવાના ઊપાય લેવા કોણ ઉભા થાય છે? લોકોના આત્માનું કલ્યાણ કરવા કે તેમને સ્વધર્મનો રસ્તો દેખાડવાને અનેક પંથ ઊભા થાયછે. અને એવે રસ્તે લોકો પાસે જે બે પૈસા ભેગા થયા હોય તે પણ ચાલ્યા જાયછે, પરંતુ તેમનું ભરણ પોષણ થવાનો રસ્તો સૂઝાડવા કોણ મહેનત લેછે? તેમને થોડી ઘણી પણ કેળવણી આપી દેખતા કરવાની મહેનત સરકાર ને શ્રીમંતો કરે છે પણ પેટની પૂજા થયા વગર તેમને કાંઈ સૂઝનાર નથી. માટે જે કેળવણી વડે તેઓ કમાઇનાં સાધન પ્રાપ્ત કરી શકે તે કેળવણી આપવાની ગોઠવણ કેમ થતી નથી? જો નીતિજ્ઞાન આપવા સારૂં મંડળીઓની જરૂરછે તો જેમાંથી પૈસા મેળવી શકાય એવું ઉપયોગી જ્ઞાન આપવા સારૂ મંડળીઓનો વધારે અગત્યછે, કેમકે પૈસા વિનાની દરિદ્ર હાલતજ માણસને અનીતિને માર્ગે ચઢાવેછે. જો ભાષાનું ભંડોળ વધારવા મંડળીની જરૂરછે તો દેસના દ્રવ્યનું ભંડોળ વધારવા માટે માતબર મંડળીઓની હજાર ગણી અગત્ય છે, એમ કહીએ તો તે ખોટું નથી. પ્રજાના હકો જાળવવા સ્થાનિક સ્વરાજ્યને મ્યુનિસિપાલિટિનો કારભાર કરવાં મહેનત કરવામાં આવેછે પરંતુ આબાદી વગર હકો જાળવાને અને કારભાર કરીને શું કરશો? રાજ્ય સત્તા અને મ્યુનિસિપાલિટિયો આબાદી વગર કેમ ચાલી શકશે? પૈસા વગર બિચારા લોકોને સમીસાંજે દીવાને ટપલી મારવી પડેછે. અને તમે મ્યુનિસિપાલિટિના રસ્તા ઉપર ભભકા ભરેલા દીવા સળગાવો તેમાં લોકોનું શું ઉઘડયું? જોડા વગર ઉઘાડે પગે ફરનારાંને કાંકરી કે પથરે પૂરેલી છંટકાવેલી સડકો ઉલટી આપદા આપેછે! માટે સુધરાઈની સડકોનો લાભ લઈ શકે એવી હાલતમાં

લોકને લાવવાના ઉપાય કેમ કરતા નથી ?

આ ઉપરથી એમ નથી સમજવાનું કે અનેક કાર્યને માટે જેજે મંડળીઓ ઉત્પન્ન થઇ છે કે જેજે સાધન લેવામાં આવે છે તે નકામાં કે ખોટાં છે. બધી મંડળીઓ ઉપયોગી છે. તે દેશની સેવા જૂદે જૂદે દ્વારે બજાવેછે; પરંતુ કહેવાની મતલબ એવી છે કે માઠી દશામાં આવી પડેલા દેશની હાલત સુધારવાને માટે ઠેકાણે ઠેકાણે બળવાન મંડળીઓની સૌથી પહેલી જરૂર છતાં, તે ઉપર લોકોનું લક્ષ જતું નથી અને તેવી મંડળીઓ ઉભી કરવાની યોજના દેશહિતેચ્છુઓ કરતા નથી એ અતિ ખેદકારક વાત છે.

પોતાના દેશમાં (ઇંગ્લાંડમાં) જે જે સુધારાને બહારના ભભકા ચાલે છે તે સરકાર આ દેશમાં દાખલ કરે છે, અને તેનું અનુકરણ દેશીરાજા રજવાડા કરતાં જોવામાં આવે છે. તેઓ એવા કામમાં પુષ્કળ પૈસા ખરચે છે અને તેઓ એમ સમજે છે કે એથી સરકાર ખૂશ થશે તેઓ પોતાના શોખને બહેકાવીને તેમાં અનહદ પૈસા વાપરેછે, સ્વચ્છંદપણે ઘણાક પૈસાને ઉડાવી દેછે. કોઇને ખૂશ કરવા, કોઇના દબાણથી, કે પોતાનાં ભુંગળાં ફુંકાવી, કોઈ પુષ્કળ પૈસા ખરચી નાખેછે, પરંતુ પોતાના દેશનું તો રહ્યું ; પણ પોતાની પ્રજામું ભલું કરવામાં તેઓ કેટલો થોડો ખરચ કરેછે ? પ્રજાની આબાદી વડે રાજની આબાદી છે એ વાત તેઓ ભૂલી જાય છે. પરદેશી રાજને જીતાયલા દેશનું ખરૂં હિત શામાં રહ્યુંછે તે વખતે માલમ પડતું નથી અને તેથી સારે ઇરાદે ખરચેલો પૈસો પણ વખતે બરબાદ જાય છે પરંતુ દેશી રાજથી એવી ભૂલ થવાનો સંભવ નથી. કેળવણી પામીને દેખતા થએલા રાજાઓ તથા કેળવાયલા દિવાન પૈકી ઘણા પ્રજાની ખરી આબાદી વિષે બેદરકાર જોવામાં આવે છે, એ તે કેળવણીનો વાંક કે પ્રજાના કર્મનો !

સુધરેલા દેશો વેપાર રોજગારની વૃદ્ધિ વિષે ઘણી કાળજી રાખે છે. તેઓ જાણેછે કે પ્રજાની મોટાઇ પૈસા ઉપર આધાર રાખે છે, અને પૈસો રોજગારમાંજ રહેલો છે. ત્યાં રોજગાર વધારવાની જેવી રાજ્યને ચિંતાછે તે કરતાં વિશેષ ચિંતા લોકો પોતેજ રાખે છે. વણજ વેપારના ઉત્તેજન અર્થે અનેક પ્રકારની માતબર મંડળીઓ તેઓ ઠેકાણે ઠેકાણે સ્થાપેછે. કેટલીક મંડળીઓ ખેતીવાડીનો સુધારો કરવા મચેલી છે, અને જે કોઇ પાક વધારવાની નવી જાતના ખાતરની કે નવાં ઓજાર યંત્રની યુક્તિ શોધી કાઢે તેને તેની મહેનત તથા શોધના પ્રમાણમાં ઇનામ ઇલકાબ આપવામાં આવેછે. કોઇએ જમીનનું પેટ ચીરી તેમાંથી ઊપયોગી ખનીજો શોધી કાઢે તેમને મદદ કરવાનું માથે લીધુંછે. કોઇ યંત્ર કળામાં શોધ કરી નવાં યંત્રો યોજી કાઢે અથવા જૂનામાં સુધારો કરે તમને, કોઇ રસાયણ શાસ્ત્રના પ્રયોગો કરી નવા કીમિયા ખોળી કાઢનારને, કોઇ લોકોના મોજ શોખ સારૂં નવા

નવા ને ચિતાકર્ષક પદાર્થો બનાવે તેમને, અને કોઈ ધંધા રોજગારને ઉત્તે-જન મળે એવાં સાધનો ખોળી કાઢનારને મદદ આપવા તૈયાર છે.

આ મહાભારત કાર્યો કરનાર મંડળીઓ જેમની થાપણ લાખો રૂ.ની હોય છે. તેમની સાથે આપણા દેશની કોઈ પણ મંડળીઓ સરખાવી શકાય એમ છે? ખરૂં જોઈએ તો એવી જાતનાં કામ કરનાર માતબર મંડળી એક પણ આ દેશમાં નથી. કોઇ કોઇ ઠેકાણે હમણાં હમણાં સે-હેજ ઉઠાવણી થઈ છે. પરંતુ તેની પૈસાની હાલત ભિખારચોટ જેવી હોય છે, એમ કહીએ તો ચાલે.

ઉપર જણાવી એવી મંડળીઓ આપણા દેશમાં જોઇતી નથી એમ તો કોઇ કહી શકશે નહિ. આપણા લોકો એ જાતની થોડીક મંડળીઓ પણ ઉભી કરવાને સમર્થ નથી એમ પણ કહી શકાતું નથી, કેમકે હજી આપણા દેશમાં કેટલાક રાજા રજવાડા ને શ્રીમંત લોકો રહેલા છે, કે જે-ઓ ધારેતો એવા કામમાં કીમતી મદદ આપી શકે, ત્યારે એવી મંડળી-ઓ કેમ ઉભી થતી નથી? મને લાગે છે કે એ ઉપર હજી લોકોનું પૂરતું લક્ષ ગયું નથી, પ્રજાના આગેવાનો જેમ બીજા કામો પાછળ થોડા ઘણા આગ્રહથી મંડયા છે; તેમ તેઓએ આ કામ પાછળ આગ્રહ બતાવ્યો નથી. શક્તિમાન ગૃહસ્થો પાસેથી વજનદાર આગેવાનો તરફથી હજી આગ્રહપૂ-ર્વક માગણી થઇજ નથી એ માટે મારા ધારવા પ્રમાણે આ કામમાં પ્રજાના આગેવાનોજ દોષિત ઠરે છે, તેમણે આળસ છોડી સૌથી પ્રથમ કરવાનું કામ તુરત આદરવું ઘટે છે.

કોઈ કહેશે કે હજારો લાખો રૂ. એકઠા શી રીતે થઇ શકે? મોટી મોટી રકમો ભરનાર આ સમામાં કોણ છે? હું કહું છું પૈસાનાં કામ પણ યુક્તિસર થઇ શકે, એકદમ ન થાય તો ધીમે ધીમે થાય. મોટી મોટી ર-કમો ભરનાર ન મળે તો નાની નાની ભરનાર ઘણા મળે. "પંચકી લકડી એકકો બોજ" એ વાળું પણ છેવટ થઇ શકે. ગૂજરાત વર્નાક્યુલર સોસ-ઇટીની થાપણ શી રીતે થઇ? મુંબઇ પ્રદર્શનના જામીનગીરી ફંડમાં લાખો રૂ. કેમ ભરાયા? લોકોપયોગી ભવ્યમકાનો ઉદાર ગૃહસ્થો કે રાજાઓ શી રીતે બંધાવી આપે છે? પાંજરાપોળ ખાતે લાખો રૂપિઆનાં ભંડોળ શી રીતે થાય છે? કોઇ એમ કહેશે કે એમાંનાં ઘણાંખરાં કામોમાં અંગ્રેજોનો હાથ હોવાથી તે બનેલાં અને પાંજરાપોળ તો ધર્મની બાબત છે. આ વાત ખરી છે; પરંતુ વજનદાર દેશી આગેવાનો પણ ધારે તો ઘણું કરી શકે અ-ને કદાચ કેટલીક ઉઠાવણીઓમાં તો ભલા અંગ્રેજ અમલદારો પણ સામેલ થશે. અમદાવાદ અને સુરતની રેલ વખતે દેશી ગૃહસ્થોએ અંગ્રેજોની મદદ વગર ઘણું કર્યું હતું. નામાંકિત પુરૂષોની યાદગીરી માટે જે ફંડોની ઉઠા-વણી થાય છે, તે બહુધા એકલા દેશીઓજ કરે છે; માટે આવાં કામ દેશી

અગ્રેસરો ધારે તો કરી શકે એમ હું માનુંછું. તેઓ જો દેશી રાજાઓને અને સુધરેલા કારભારીઓને આગ્રહથી વીનવે તો તેઓ સારા મદદ કર્યા વગર રહે નહિ.

ગૂજરાત ઘણા પ્રાંતો કરતાં હજી સારી હાલતમાં છે. તેમાં પૈસા સંબંધી ઉઠાવણીને માટે વધારે સગવડ છે તે છતાં, તેમાં આવી ઊઠાવણી હજી થઇ નથી, ઘણા પ્રાંત કરતાં વેપાર રોજગારનો વધારે લાભ ગૂજરાતને થઇ શકે તેમ છે. તો તેની ફરજ પણ છે કે, તેણે વેપારની આબાદી માટે યોજનાઓ કરવી. ગૂજરાત ફળદ્રુપ દેશ છતાં તેના ખેતીવાડીના સુધારા માટે કેટલું થોડું કરવામાં આવ્યું છે? નડીઆદની ખેતીવાડીને ઉત્તેજન આપનારી મંડળી ગરીબ અવસ્થામાં હોવાથી થોડુંજ કરી શકે છે. ગૂજરાતની કારીગરી ઘટતી જવાથી વેપારમાં ઘટાડો થાય છે છતાં, તેને ઉત્તેજન આપવા માટે સંતોષકારક પ્રયત્ન થોડાજ થયા છે. દેશીકારીગરીને ઉત્તેજન આપવા બાબત એકવાર ગૂજરાત ખળભળ્યો, અને હવે ટાઢોટમ થઇને બેઠો છે, દેશીદુકાનો નીકળીને બંધ પડી; ઘણે ઠેકાણે થએલી ઉઠાવણીઓ ભાગી પડી; અને વડોદરાની સભા નાણાંની તંગ હાલતને લીધે થોડુંજ કરી શકે છે.

વડોદરાની સભાએ પૈસાને માટે એક ઘણી સરળ ને ગરીબમાં ગરીબ હોય તેને પણ પરવડે એવી યુક્તિ યોજેલી છે, તે એવી કે જે સખ્સ એ સભાને એક રૂપીઓ કે આઠ આના આપે તે સભાનો હમેશનો એટલે લાઇફ મેંબર થઇ શકે, રૂપીઓ કે આઠ આના આપવા કોને ભારે પડે? હરેક સમજુ માણસ ગમે તેવી સ્થિતિમાં હોય તોપણ સભાનો લાઇફ મેંબર થઇ શકે? આવા નજીવા લવાજમથી સભા મોટી રકમ મેળવી શકે નહીં પરંતુ તેમાં બીજી ગોઠવણ એવી છે કે જે કોઇ લાઇફ મેંબર થાય તેણે નિદાન એક બીજો મેંબર મેળવી આપવો જોઇએ. જો દરેક નવા થતા મેંબર ને માથે આવી ફરજ હોય અને જો તે ફરજ બજાવે તો મેંબરોનો વેલો કેટલો લાંબો ચાલે! અને તેથી કેટલું ઉત્પન્ન થાય તેનો વિચાર સહેજ થઈ શકે. પણ માઠાં ભાગ્યે બધા સભાસદ પોતાનો ધર્મ બજાવતા ન ચાલ્યા અને દરેક સ્થળના સમજુ લોકો આવા કામમાં મદદ કરવા તત્પર ન થયા તેથી એ કામ કેટલેક ચાલ્યા પછી અટક્યું છે. સભાની બીજી યોજના એવી છે કે નવી બનાવટો માટે ઈનામની જાહેરખબરો કાઢવી, અને તેને સારૂં નાણાં જોઇએ તે માટે શ્રીમંતોની યાચના કરવી. આ કામમાં કેટલાક સખી ગૃહસ્થો અને રાજાઓએ ઉત્તેજન આપ્યું છે; પરંતુ તે પણ જોઇએ તેના પ્રમાણમાં કાંઇ નથી એમ કહીએતો ચાલે.

શું! ગૂજરાત આવાં કામ માટે લાખ બે લાખ રૂપીઆ ઉત્પન્ન ક-

રવાને સશક્ત નથી? શું! મુંબાઇના મહાન શેઠીઆ જેમની કમાણીનો આધારજ વેપાર ઉપર છે તે આવા કામમાં સારી મદદ ન કરી શકે? શું! ગૂજરાતના સેંકડો દેશીરાજ્યોમાંથી થોડા પણ ઉદાર ને પરોપકારી રાજાઓ નાણાંની મદદ કરે એવા ન નીકળી આવે? માનવંતા પ્રોફેસર દાદાભાઇએ મહેનત કરી તો ઇસ્ટઇંડિયા આસોશિએશનને માટે સારૂં ભંડોળ થયું, અને મોનિયર વિલિઅમ્સની મહેનતથી ઇંડિયન ઇન્સ્ટિટ્યુટ માટે પુષ્કળ પૈસા ભરાયા, તો આપણા સુધારકોમાં શું કોઈપણ સખ્સ ભલા પ્રોફેસર જેવો નથી? કે જે તેમના જેવી તન મનથી મહેનત લઈ એક મહત્ કાર્ય પાર પાડી દેશને હમેશના ઊપકાર તળે લાવી નાંખે? અમદાવાદની કોલેજ માટે લાખો રૂપીઆ ભેગા કરવાને દેશી અગ્રેસરો મળી આવ્યા; તો આવા ઉપયોગી કાર્યને માટે આગ્રહી અગ્રેસરોની કેમ ખોટ પડી ગઇ?

આપણે ઉદ્યમ રોજગાર વધારવા માટે ઘણું કરવાની જરૂર છે, અને તેને માટે ઘણું થઇ શકે એમ પણ છે. માત્ર ઉત્તેજન ન હોવાથી કંઈ બનતું નથી, એમ મને લાગે છે. જરૂર એટલા માટે છે કે લોક દિનપર દિન બિનરોજગાર થતા જાય છે, અને તેથી આખરે તેમને ભૂખે મરવા વારો આવશે એવી દહેશત છે. આપણે સુધરેલા દેશોનાં માતબર કારખાનાં સાથે હરીફાઈ કરવાનું રહ્યું અને તેમાં આપણે હાલ ફાવી શકતા નથી માટેજ આપણી દુર્દશા થાય છે; તેમની સાથે ટક્કર ઝીલવા જેવાં સાધન આપણે મેળવવાં જોઇએ, અને તે પ્રજા જાગૃત થઇ અસલ મહેનત નહિ કરે તો મેળવી શકાશે નહિ.

વિચાર કરશો તો આપણે કેટલું બધું કરવાનું છે તે જણાઈ આવશે. યુરોપી ઉદ્યમ સાથે સરખાવતાં આપણો ઉદ્યમ કંઇ વિસાતમાં નથી. ખેતીવાડીની બાબત લો. આપણો દેશ ફળદ્રુપ છતાં કસ ઘટતો ચાલ્યાથી ઓછો પાક ઉતરતો જાય છે, તો કસને પાક વધારવા માટે નવાં નવાં ખાતર, ચઢતી જાતનાં બીજ, ખેડમાં સુધરાવટ, ચઢતી જાતનાં ઓજાર, કૃષિશાસ્ત્રનું અને તેના સંબંધનાં બીજાં શાસ્ત્રોના જ્ઞાનની જરૂર છે. ખેતીના સંબંધમાં બીજી ઘણી વાતો આવે પણ તેના વિસ્તારને માટે જગા નથી. પૃથ્વીની અંદરની વાતો લઇએ તો તેના શોધ સારૂં આપણે હજુ શરૂઆત પણ નથી કરી, કેમકે ગૂજરાતે પોતાના પેટમાં શું શું ભરી રાખ્યું છે તે કોને માલમ છે? કદાચ તેનાં આંતરડાંમાં એવો અખુટ ખજાનો હશે કે જેથી તેના તનુજોને સૌથી વધારે ધનવાન કરી દે! પણ બેદરકાર તનુજોને તેની ગરજ ક્યાં છે? આપણો પ્રાંત પ્રકૃતિ પદાર્થો કેટલા બધા ઉત્પન્ન કરે છે? તેમાંના ઘણાક ઉપયોગી પરદેશ જાય છે ને બીજા રખડયા કરેછે, કે હલકા કામમાં આવે છે. જેજે ઘાટ હાલ કારીગરો બનાવે છે તે બેડોળ ને મોંઘા થવાથી પરદેશી સાથે પોષાતો નથી. કારીગરો સારો ઘાટ કરવાને

શક્તિમાન છે પરંતુ તેમને ઉત્તેજન બીલકુલ નથી; અને તેમની પાસે સં- ચાનાં સાધન નથી. હાડકાં ને ચામડાં સુદ્ધાં પરદેશ જવા માંડયાં, અને દે- વની મૂર્ત્તીઓ વટીક પરદેશથી આવવા માંડી ત્યાં હવે કહેવાનું શું રહ્યું?

એ માટે આપણે અહીં એકાદ પણ માતબર મંડળીની જરૂર છે. પ્રથમ ગમે તો એકજ મંડળી અજમાયશ દાખલ સ્થાપીને જુઓ કે તેથી કાંઇ ફળ થાયછે કે નહિ? ગમેતો તેને માટે હાલ મુંબઇ પ્રદર્શનના જેવા જામીનગીરી ફંડની યોજના કરો. એટલે રકમો ભરનાર અમુક મુદતે તે પા- છી લે, અને ત્યાં સૂધી તેનું વ્યાજ એ મંડળી વાપરે. પ્રદર્શનથી જેટલો લાભ દેશને થશે તે કરતાં આવી એક મંડળી વધારે લાભ કરશે. એમાં શક નથી. પ્રદર્શનનો લાભ આપણા કરતાં પરદેશી લોક વધારે લઇ જાયછે, કેમકે પ્રદર્શન આપણે અહીં જેઓ જુવે છે તેઓ કાંઇ કરી શકે એવા હોતા નથી; અને જેઓ કરી શકે એવા હોય છે તેઓ બહુધા જોઈ શ- કતા નથી; અગર કોઇ જુએછે તો તે ઉત્તેજન વગર કાંઇ કરી શકતા શ- કતા નથી, એ કારણથી પ્રદર્શન વડે આપણા દેશને જોઇએ તેટલો કે બી- જા સુધરેલા દેશના લોકોને થાય તેટલો લાભ થતો નથી, એથી એમ ન સમજવું કે પ્રદર્શન આપણા દેશને નિરર્થક છે. પ્રદર્શનથી ઘણા લાભ છે, અને તેની જરૂર છે, પરંતુ તે લાભ સંપૂર્ણ રીતે લઇ શકાય એવી ગોઠવ- ણો થવી જરૂરની છે.

છેવટ મારી અરજ એટલીજછે કે દેશ હિતેચ્છુ આગેવાનોએ ભેગા થઇ આ બાબત વિચાર કરવો. અને એક સભા સ્થાપી એ કામ પાર પાડવા માટે શાશા ઉપાય લેવા તે નકી કરવું. સભાના મુખ્યોએ દરેક મુ- ખ્ય સ્થળે બને તો જાતે જઈને અગર પત્ર વ્યવહારથી નાણાં મેળવવા મ- હેનત કરવી. આવી મહેનત લાગટ રહેશે તો હું ધારૂંછું કે તેનું ફળ સં- તોષકારક નીપજ્યા વગર રહેશે નહિ. ઇશ્વર! સર્વ સુધારકોને સત્વર પ્રેરો અને તેનું પરિણામ જલદીથી લાભકારક નીવડો!

અંક ૨૨ મો.

*પોશાક.

રક્ષણ, મલાજો, અને શોભા એ ત્રણ કારણસર માણસ કપડાનો ઉપયોગ કરે છે. બીજાં પ્રાણીની પેઠે શરીરના રક્ષણ અર્થે સારૂં આચ્છા- દન સ્વાભાવિક રીતે ન મળવાથી માણસને શરીર ઢાંકવાનાં બાહારનાં સા-

* લખનાર હરગોવિંદ દ્વારકાદાસ કાંટાવાળા.

ધન ખોળી કાઢવાની જરૂર પડી. શરૂઆતમાં તેઓ પાંદડાં, ઝાડની છાલ, વલ્કલ (છાલનાં કપડાં), ચામડાં વગેરેથી ચલાવતા. જેમ તેઓ સુધરતા ગયા ને નવા નવા શોધ કરતા ચાલ્યા તેમ તેમ તેઓએ શરીર ઢાંકવાનાં ચઢતી જાતનાં સાધન ખોળી કાઢયાં, હાલ જે વિચિત્રને ભભકા ભરેલો કીમતી પોશાક આપણે પહેરીએ છીએ તે આપણા પુર્વજોની સેંકડો વરસની શોધનું પરિણામ છે.

શરીરના રક્ષણ અર્થે કપડાં કયાં અને કેવી જાતનાં પહેરવાં એ વાત દેશસ્થિતિ, શરિરાસ્થતિ, ઉદ્યમ રોજગાર અને મહાવરા ઊપર આધાર રાખે છે. જે જાતનાં અને જેવા ઘાટનાં કપડાં ઠંડા દેશને અનુકૂળ આવે તે જાતનાં અને તે ઘાટનાં કપડાં ઉષ્ણ પ્રદેશને માફક ન આવે એ વાત સ્પષ્ટ છે. ટાઢથી રક્ષણ થવા ઘેટાં ઊપર ઈશ્વરે ઉગાડેલું ઉન પણ ઉનાળાના દહાડામાં કાતરી નાંખવું પડે છે. રોગી અને નિરોગી સ્થિતિમાં કપડાં જૂદાં જોઇએ. ઘડપણમાં જુવાની કરતાં જૂદી તરેહનાં કપડાં જોઈએ. ધમણ નજીક બેસનાર લુવારને બનાતી ડગલો નિરૂપયોગી થઇ પડે. વરસાદની ઝડીઓમાં ખેડુત ઉઘાડે ડીલે કામ કરી શકે પણ તેવી રીતે આપણે કરવા જઇએ તો માંદા પડીએ. હરેક માણસ મહાવરાથી પોશાકમાં ફેરફાર કરી શકે છે. જેઓ છત્રી વગર તડકે ફરવાનો મહાવરો રાખે છે તેમને છત્રીની જરૂર નથી પડતી. જેઓ હમેશ ઝીણાં કે જાડાં કપડાં પહેરવાનો મહાવરો રાખે છે તેમને ટાઢ તડકાની અસર તેવાં કપડાંથી પણ જણાતી નથી.

હરબર્ટ સ્પેનસર નામના અંગ્રેજ ફિલસુફે એક ઠેકાણે કહ્યું છે તે ખરૂં છે કે માણસ બહારના ભભકા તરફ અથવા શોભા ઊપર પહેલું ધ્યાન આપે છે. શોભાને માટે વધારે અગત્યની વાત તે ઘણીવાર પડતી મૂકે છે. શરીરને દુઃખ થાય તેની હા પણ ભભકો પહેલો જોઈએ. હાલના વખતમાં લોકોનું વલણ ભભકા ઊપર વિશેષ અને કપડાં પહેરવાના મુખ્ય હેતુ તરફ થોડું જોવામાં આવે છે. પહેરણ ગમે તેવું મેલું ને ગંધાતુ હોય તેની ફિકર નહિ પણ ઉપલું અંગરખું સાફ ને ધોએલું જોઈએ એમ શા માટે? કેમકે માંહેનું પહેરણ કોણ જોનાર છે? જો ડગલો બહારથી મેલો થયો તો તેને ઉથલાવીને માહેનું સારૂં પડ બહાર લાવવું કે લોકોની નજરે તે સારો દેખાય? પાઘડીનો બોતાનો ફાટીને ચૂરે ચૂરા થયેલો હોય ને મેલથી, પસીનાથી ને ધુપેલથી તે ગંધ મારતો હોય તોપણ તેને બદલવાની જરૂર પહેરનાર જુએ નહિ અને જો પાઘડીનો ઉપલો પેચ જરા ઝાંખો પડયો કે માંહે વળું પડયું તો ઝટ અંદર ઘાલી દેવાનો કે તેના પર ઝોકો નંખાવવાનો વિચાર કરશે. કપડાનો મેલ ચામડી ને અડયાથી નુકશાન છે માટે ચામડીને અડકતાં રહે તેવાં કપડાં વિશેષે કરીને સાફ જોઇએ એ ઉપર થોડાજ પૂરતું ધ્યાન આપતા હશે. બૈરીઓ ઘરમાં ઘાંચણ જેવી રહે એટલે

ગમે તેવાં ફાટાં ને ગંધાતાં કપડાં પહેરે અને બહાર નીકળવું હોય ત્યારે ભભકા ભરેલી સાડીઓ ને ચોળીઓ વાવરે એ શા કારણથી?

ભભકાની લાહેમાં જેમ શરીરના રક્ષણઉપર ધ્યાન અપાતું નથી તેમ મલાજાને પણ બાજુએ મૂકવામાં આવે છે. દહાડે દહાડે મલાજો ઘટતો જાય છે એમ આપણા લોક કહેછે તેમાં થોડી ઘણી સચ્ચાઇ છેજ. ઝીણાં ને તંગ કપડાંથી સ્ત્રીઓનો મલાજો રહેતો નથી. એ વાત દહાડે દહાડે બાજુ પર મૂકાતી જાય છે. ચણોયા સિવાય અતિ બારીક સાળુ પહેરવા એ શું નિરલાજરૂં નથી? જેમ બને તેમ તંગ ને તસ તસતી કાંચળી કરાવવાની લાહેમાં જ્યાં બબે રૂ. કાપડાની ફક્ત સિવણ થાય ત્યાં છકેલપણાની પરિસીમા સમજવી. બારીકમાં બારીક લૂગડું વાપરવાની ઈચ્છામાં જ્યાં કાંચળી બનાવવામાં જાળીક એટલે નેટ વપરાવા લાગી ત્યાં વંઠેલપણાથી આડો આંક વળ્યો એમ જાણવું. જે ભાઇ બાપ કે ધણી પોતાની બેન દીકરી કે ધણીઆણીને આવો પોશાક પહેરવાની છૂટ આપે તેમને શરમની લાગણી કમ હશે. જે પહેરવેશથી બૈરીના તમામ અંગો સ્પષ્ટ દેખાય તે પહેરવેશ ઉત્તમ એવી વ્યાખ્યા છકેલ કે છેલ પુરૂષો આપે છે. શૃંગારમાં મસ્ત થએલા કહેછે કે બિલકુલ ઢાંક્યું કે બિલકુલ ઉઘાડું સારૂં નહિ. અરધું ઢાંક્યું ને અરધું ઉઘાડું સરસ. માટે મારવાડણની કાંચળી વધારે પસંદ કરવા જોગ છે. હાલનો જમાનો કંઇક આવા વિચારમાં ઘસડાતો હોય એવાં ચિન્હ નજરે આવે છે.

પહેરવેશ કાળે કરીને બદલાતો જાય છે. જેમ જેમ બીજી પ્રજાનો સંગ થતો જાય તેમ ઘણી બાબતમાં તે પ્રજાનું અનુકરણ થયા વગર રહેતું નથી. વિશેષે કરીને રાજકિય પ્રજાની રીતભાતને લોક વધારે અનુસરે છે. મુસલમાનો સાથે પ્રસંગ પડવાથી આપણા અસલના પોશાકમાં ફેરફાર થયો છે. પરંતુ હિંદુ મુસલમાનના પોશાકમાં ઝાઝો ફેર ન હોવાથી તથા બંને પ્રજાએ એક બીજાનું પરસ્પર ગ્રહણ કરવાથી ફેરફાર ઘણો મોટો કે સરવત્ર થયો નથી. પરંતુ અંગ્રેજી રાજ્ય આવ્યા પછી જે ફેરફાર થયો છે ને થયા કરે છે તે ઘણો મોટો છે. હરેક ફેરફાર જો સારાને માટે હોય તો તે ખરેખર સ્તુતિ પાત્ર છે. પરંતુ જે કારણ વગરનો કે નુકશાનકારક હોય તે વખોડવા લાયક છે અને તેનો અટકાવ કરવા સમજુ માણસોએ યત્ન કરવો જોઇએ. ઠંડા દેશના પોશાકની નકલ શરીરના રક્ષણ અર્થે આપણને ઉપયોગી નથી. દરેક દેશનો પોશાક તેના હવામાન ને માફક આવે એવો શિષ્ટ પુરૂષોએ ઠરાવેલો હોય છે, માટે તેજ વાપરવો વધારે સારો છે. ફલાલીનના પાટલુન ને ઉનનાં મોજાં ઉનાળાના સખત તાપમાં આપણે શા ઉપયોગનાં છે? કદી કોઇ શિઆળાની ઘણી ટાઢમાં તે વાપરે તો જૂદી વાત છે. અંગ્રેજી મરદનો પોશાક નિર્લજ છે એમ સમજુ અંગ્રેજો પોતે કબુલ

કરે છે, તે છતાં તેવો પોશાક પહેરી તેમના બટલર જેવા દેખાવું ને નિર્લજ થવું એમાં શો લાભ છે? અંગ્રેજી પોશાક ખરચાલ છે અને તેથી તે આપણી સ્થિતિને બોજે એવો નથી તે છતાં પણ તે પાછળ શા માટે ખુવાર થવું? આપણા સાદા દેશની સાદી રીતોજ સારી છે. જો શોભાની વાત લઇએ તો તેમાં પણ અંગ્રેજી પોશાક ચઢીઆતો નથી. વળી શોભાતો ઘણીવાર મનની માનેલી હોયછે. જંગલી લોકો શરીર ઉપર ચિત્રામણ કાઢી નાગા ફરે ને તેમાં શોભા માને એ દેખાવ સુધરેલા લોકમાં કેવો ગણાય? પાટલુન પહેરી બાકીનું શરીર ઉઘાડું રાખે તો અંગ્રેજોમાં નાગા ગણાય, પણ આપણે ધોતીયું પહેરીને બાકીનું શરીર ઉઘાડું રાખીએ તો નાગા ગણાતા નથી. રજવાડામાં પહેલાં એક ઘાઘરો મણ દોઢમણનો હોય ને રાણી ચાલતાં હોય ત્યારે ઘાઘરાની બે ફડકો બે દાશીઓને ઉચકવી પડે તેમાં શોભા મનાતી અને હાલ વખતે ઘાઘરાની જરૂર પણ ગણવામાં નથી આવતી! એજ રીતે પહેલાં અંગરખાની બાંહ લાંબી કરે તો તે દશ વીશ હાથની થાય એવો પણ ચાલ કેટલેક ઠેકાણે હતો અને હાલ હાથનાં કાંડાંએ માંડ માંડ અડી રહે એટલીજ બાંહે બસ થાય છે. પહેલાં બાંહે લાંબી પુષ્કળ રાખતા પણ તે સાંકડી થતી અને હાલ ટુંકી રાખીને તેમાં બીજા બે ત્રણ હાથ સમાઇ જાય તેટલી પોહોળી કોથળી સરખી રાખવામાં આવે છે અને તે શોભીતી ગણાય છે. કાળો પોશાક ઘણું કરીને બધી દુનિઆમાં શોક દર્શક ગણાય છે તે છતાં અંગ્રેજોમાં તેની ઝાઝી છીટ નથી. આપણે અહીં તો કાળો પોશાક શોક દર્શક, અપશુકનીઆળ અને અપવિત્ર ગણાય છે તે છતાં કાળા ડગલા ને કાળા બુટ પહેરવામાં શી શોભા ગણાતો હશે? શોભા લોકો પાસેથી લેવાની હોય છે અને લોકો જ્યારે શોભા આપતાજ નહોય ત્યારે તેવો પોશાક શા માટે વાપરવો? કાળો પોશાક મેલ ખાઉ હોય છે તે માટે તેવા કારણથી જરૂરને પ્રસંગે કદી વપરાય તો જૂદી વાત છે.

શોભાને પણ હદ જોઇએ. એ હદ વિશેષે કરીને પોતાની સ્થિતિ વડે અને સ્થાનિક લોકના વિચાર વડે બંધાય છે. કોઇ પાંચ રૂપીઆનો કમાઉ પચાસ રૂપીઆનો ચંદેરી દુપટ્ટો ખભે નાંખે કે ઊચીબનાતનો ડગલો પહેરે કે મોટી કોરનું નાગપૂરી ધોતીઉં વાપરે કે બુટ પાટલુન અડાવે તો તે ઉલટો મજાકને પાત્ર થાય કે વહી ગયેલો ઠરે, ગુંજાશ કરતાં વધારે ખરચી હેરાન થવું અને ગાંઠના પૈસા ખરચી ચળેલામાં ખપવું એ કઈ રીતે સારૂં કહેવાય? અંગ્રેજી ઢબ પ્રમાણે અટપટા કાપ મૂકાવી ડગલા બદન શીવડાવતાં ઘણું ખરચ પડે છે એટલે વખતે ટકાની ડોશી ને ઢબવો મુડામણ થાય છે અને એથી આસપાસના ઠેકડી કરે છે તો પણ ત્રણ પાંચના આસીસ્ટંટોને ગરીબ માબાપના અંગ્રેજી ભણનાર વિદ્યાર્થીઓ મોરનાં પીછાં ઘાલી ડોળ ઘાલવા જાય તે કોઇ રીતે સંતોષકારક નથી. અંગ્રેજી શીખ-

વાની સાથેજ જાણે ડગલા, લાકડી, રૂમાલ ને બુટ મોજાં સંકળાયલાં ન હોય એમ ઉધરતા જવાનો સમજે છે;

આંધળી ને ખરચાલ ફાશન (તરાહ) પાછળ આંધળીઆં કરવાનું છોડી દો. ગાડરીયા પ્રવાહની માફક શા માટે અંજાઈને અખડાઇ પડો છો. જ્યાં જરૂર જણાય ત્યાં સુખે ફેરફાર કરો. જે ફેરફારમાં પૈસાનો, રક્ષણનો, લાજ મલાજાનો કે શોભાનો લાભ જણાય તે ભલે પસંદ કરો. પણ જેમાં લાભને બદલે નુકશાન હોય કે જેથી હાંસી થવા જેવું થતું હોય તે શા માટે કરવું. તમે ઘણા પૈસા વડે એવી નાજુક વિલાયતી લાકડીઓ પસંદ કરવા લાગ્યા ત્યારે અંગ્રેજો વાંસના સોટા ઝાલવા લાગ્યા છે. તમે મલમલ ને આલપાકાના ભાવીક થયા ત્યારે અંગ્રેજો ઢેડાઉં ખાધી પહેરવા લાગ્યાએમાં કોની સમજ ચઢતી ગણવી?

અંક ૨૩ મો.

† દીવાળી અથવા નવું વર્ષ અને તે ઉપરથી ઉત્પન્ન થયેલા વિચાર.

આપણા ગૂજરાતીઓમાંજ નહિ પણ સર્વ હિંદુઓમાં દીવાળીનો મોટો તહેવાર છે, વિક્રમાજીત સંવતનું નવું વર્ષ કારતક શુદી ૧ ને રોજ બેસે છે, ને વેપારીઓના હિસાબ પણ એ વર્ષના મેળથીજ રખાય છે. ખરીફનો પાક ઘણા ભાગે તૈયાર થયેલો હોય છે, તેથી ચામાસામાં મહેનત કરી થાકેલા ખેડૂત લોકો થોડી વિશ્રાંતિ મળી એમ માને છે, ને દીવાળીના તહેવારમાં ખાવા પીવાનું સુખ ભોગવે છે. છોકરાઓ માટે દારૂ ઉરાડવામાં તથા રોશનાઇ કરવામાં આ વખતે હજારો રૂપિઆ ખરચાય છે, ગરીબમાં ગરીબ માણસ પણ આ વખતે યથાશક્તિ ખરચ ગમતમાં કરે છે, એક બાજુ ઉપર જેવો આ તહેવાર લોકોમાં આનંદ ઉપજાવનારો છે તેવોજ બીજી બાજુ ઉપર ખેદને પણ ઉપજાવે છે. અમદાવાદ, પાટણ વગેરે મોટા શહેરોમાં એવો ચાલ છે કે દીવાળીમાં આસો વદી ૩૦ ના રોજ સુધીમાં જે ખાતાદારો ખાતું ચૂકતું કરે તેનો વ્યવહાર કાયમ રહેલો ગણાય છે. ને જેઓ પોતાની પાસે બીજાનું લહેણું હોય તે ચૂકવી નહિ શકે તેનો વ્યવહાર બંધ થએલો ગણવામાં આવે છે. વેપારીઓમાં આ અવસરે પોતાનું દેવું પતવવા માટે ઘણો તગાદો કરવામાં આવે છે, ને એનું પરિણામ કેટલીક વખત એવું થાય છે કે જે સાધારણ સંપત્તિના માણસો હોય છે તેમનું દેવાળું નીકળે છે. એવું કહે છે કે પાટણ, અમદાવાદ ઈ૦ શહેરો-

---

† લખનાર રઘુનાથ મહાદેવ કેળકર.

માં જે વેપારીઓ પોતાના શાહુકારના લહેણાનો નિકાલ કરવાની શક્તિ ધરાવતા નથી તે આ અવસરે ગામ પરગામ પોતાના શાહુકારો મળી ન શકે માટે જાય છે શું ? એવા લોકોના મનમાં દીવાળીનો તહેવાર આવવાથી આનંદ થતો હશે? ઘણા લોકો ચઢાચઢીમાં દારૂ અને દીવામાં જે પૈસા ખરચે છે તેનો કાંઈ ભાગ સારા કામમાં વાપરવામાં આવે તો કેવું?*

વેપારીઓમાં દેવા લેણાનું સરવાયું અથવા અઢાવો ઘણું કરીને આ વખતે કાઢવામાં આવે છે. આ રીત ઘણી સારી છે. આથી વર્ષના વેપારમાં નફો યા તોટો કેટલો થયો, કોનું દેવું થયું. અને કોના તરફ કેટલું લહેણું રહ્યું, એ સમજાય છે. ગયા વર્ષનો હિસાબ સમજ્યા પછી નવા વર્ષમાં શું કરવું. કેવો વેપાર કરવો ઇત્યાદિ નકી કરવાને મોટું સાધન મળે છે. મને લાગે છે કે આપણા લોકો એથી પણ થોડી મુદ્દતે લહેણું દેવું કેટલું છે એ ઉપર નજર રાખે તો વધારે સારૂં. કેટલાક ઉદાહરણોમાં એમ જણાયું છે કે વખતસર અઢાવા નહિ કઢાયાથી હજારો રૂપિઆ લોકો તરફ રહ્યા તે વિશે કાંઈ તજવીજ થઇ નહિ. તેથી નાણાં ઘલાયાં, ને તેનું પરિણામ એવું થયું કે મોટી નામાંકિત દુકાનોનો અંત આવ્યો. આપણામાં જેવો અઢાવા કાઢવાનો ચાલ છે તેવો બજેટ કરવાનો નથી, તે જો હોય તો તેથી ઘણો ફાયદો થાય‡

જેવી રીતે હિસાબનો અઢાવો જોવાથી ગયા વર્ષમાં કેટલી લેણદેણ થઇ અને તેમાં નફો થયો કે તોટો તે જણાય છે. તે પ્રમાણે આપણા દેશની એકંદર વેપારની સ્થિતી જોઇ તે ઉપરથી વિચાર કરીએ તો આપણને ઘણો ફાયદો થશે, કેટલાક વિદ્વાનો એમ માને છે કે દેશના લોકોનો ઉદ્યોગ એ દેશની પ્રાપ્તિ છે. એ ઉપરથી જો આપણે વિચાર કરીએ તો ઉદ્યોગની બાબતમાં આપણો દેશ ઘણો પછાડી પડયો છે. બધા ઉદ્યોગમાં સંપત્તિનો ઉત્પાદક ઉદ્યોગ મુખ્ય ગણાય છે, ને તે પછી પણ તેનાજ જેવી કારીગરી છે, આ દેશની જમીન રસાળ છે, તેથી અન્ન પાકે છે. તે વડે આપણો ગુજારો થાય છે, પણ એ ઉદ્યોગ જોઈ સાથે બિન ઉદ્યોગી લોકની સંખ્યા જોઈએ તો આપણી સ્થીતિ દયામણી દેખાય છે. આ દેશ એક વ-

---

* આ વિષય લખતી વખતે હું મેસાણા કસ્બામાં હતો. એ ઘણો નાનો કસ્બો છે, અહીંના વેપારીઓ મને મળવા આવ્યા હતા. તેમની સાથે દીવાળી સંબંધી વાતચીત થઇ તેમાં મને એમ જણાયું કે ત્રણ ચાર વર્ષ પહેલાં ફટાકાનો દારૂ આ ગામમાં દોઢસો રૂપીઆનો પણ આવતો નહિ. આ સાલ રૂ. ૪૫૦૦) નો આવ્યો હતો. આટલો બધો દારૂ કસ્બાના અને નજીકના ગામડાવાળાએ ફોડયો આ કેવી પૈસાની ખુવારી ?

‡ આ વિષય ઉપર નામાના અંકમાં વિસ્તારથી લખાઈ ગયું છે.

ખત એવી સારી સ્થીતિમાં હતો કે અહીંનાં લૂગડાં યૂરોપના ઘણા ભાગમાં જતાં. ઈંગ્લાંડના રાજ્યાધિકારીઓએ તો એક વખત એ દેશના કારિગરોનો ધંધો બંધ પડવાનો વખત આવવાથી હિંદુસ્થાનનું કપડું નહિ વાપરવા સારૂ એક કાયદો કર્યો હતો. હાલમાં આપણી સ્થીતિ એવી છે કે આપણે અહીંથી રૂ૧) નું રૂ ૬ શેર અથવા વધારે મોકલીએ છીએ ને રૂ૧) નું શેર અથવા અચ્છેર કાપડ વેચાતું લેઇએ છીએ. રેશમ ઉત્પન્ન કરવાને માટે તથા રેશમી કપડાને માટે આ દેશ પ્રસિદ્ધ હતો ત્યાં હવે પરદેશથી રેશમી કાપડ આવે છે, ટૂંકામાં કહીએ તો આપણી જરૂરોને માટે બનાવટી તમામ પદાર્થ પરદેશથી લાવવા પડે છે. દેશમાં પૈસા બાહરથી ફક્ત ખેતીનો કાચો માલ વેચાય છે તેથી આવે છે ને કારીગરીના સંબંધમાં સુધરેલ દેશોમાંથી જે થોડી ઘણી મજુરી આવે છે, તે પણ દિવસે દિવસ કમી થવાનો સંભવ દેખાય છે એ મોટી ખેદકારક વાત છે.

તા૦ ૧૫ અકટોબર ૧૮૮૪ના બામ્બેગેજીટમાં એક ચરચાપત્રીનો કાગળ છે, તેમાં લખે છે કે હિંદુસ્તાનની કળાકૌશલ્યના જે થોડા પદાર્થ ઇંગ્લાંડમાં જાય છે તે પણ હવે બંધ થવાની વકી છે. આ દેશમાંથી રૂપાનો નકશીનો સામાન જાય છે, તેમાં બીજી ધાતુનો ભેગ કારીગરોએ કરેલો હોય છે, તેથી ત્યાંના લોકો એ પદાર્થ લેતા નથી કેટલીક વખતે $\frac{૧}{૬}$ સુધી ભેગ હોય છે, આ ચરચાપત્રી કહે છે કે એજ કારણથી ઈંગ્લાંડની સરકાર એવા માલ ઉપરનો જકાત કમી કરતી નથી. આ વાત વધારે પ્રમાણ વાળી અમે માનતા નથી, પણ આપણા કારીગરોના ઉપર જે આરોપ મૂકવામાં આવે છે, તે તેમણે પોતાના ઉપરથી દૂર કરવાની કોશીસ કરવી ઘટે છે. શીસમના લાકડાનું કોતરકામ ને સામાન (ફરનીચર) વિલાયત જતો હતો, તે મુંબઇની કીમતના એક તૃતિયાંશ કીમતે લંડન શેહરમાં વેચાતું મળે છે. કાશ્મીરની શાલ, બંગાળાનું મલમલ અને ફુલકારી જાય છે. તેની પણ એજ હાલત છે. જેલની શેતરંજીઓ જતી તેનો રંગ થોડા દિવસમાં ઝાંખો થઈ જઇ પછીથી ખરાબ દેખાય છે, એની માગણી ત્યાંના દુકાનદારો હવે કરતા નથી. આ વાત સંભવતી છે. આ આપણા વેપારનો અઢાવો છે. એ કબુલ કરવું જોઈયે કે આ વાત તરફ આપણા લોકોનું લક્ષ થોડું ખેંચાયલું છે. પણ પૂર્ણ વેગથી ચાલતી રેલવેમાં એક માણસ બેઠો હોય, તેની બરોબરી એક પગે લંગડો માણસ હાથમાં લાકડી લેઇ ચાલી કરવાનું ધારે તેમ પરદેશીઓના વેપારની સ્થિતિ છે તેવી આપણા વેપારની એટલે એમની બરોબરી આપણાથી કરી શકાય આ વાત ઘણી અશક્ય છે.

એવું જ્યારે છે ત્યારે કોઇ એવી શંકા કરશે કે આપણે ઉદ્યોગ કરવો શા માટે? તેને વાસ્તે એમ કહેવાનું છે કે આપણે જે થોડો ઉદ્યોગ કરીએ

તે વ્યર્થ નથી. પ્રખ્યાત અર્થશાસ્ત્રવેત્તા મિલ કહે છે કે જે દેશ આગળ પડવાનો ઉદ્યોગ નહિ કરે તે ઘણો પછાત પડે કેમકે બીજા દેશોની સુધરાવટની દોડ તેને માટે બંધ પાડવાની નહિ એથી જણાશે કે આપણે થોડું ડગલું ભરીએ તો પણ તે નકામું નથી. ચાલતાં અટકી પડવું તો નજ જોઇએ.

આપણા દેશની કારીગરી પરદેશનો માલ આવવાથી ડૂબાવા માંડી છે, એ વાત આપણામાંના સુજ્ઞ લોકોના મનમાં ઘણી લાંબી મુદ્દતથી આવવા માંડી છે. સન ૧૮૫૨માં વ્યવહાર દર્પણ નામનું પુસ્તક પુણામાં વેદ શાસ્ત્ર સંપન્ન રા. રા. શંકરશાસ્ત્રી વ્યવહારે નામના ગૃહસ્થે છાપ્યુંછે, તેમાં પણ હાલ જે વિચાર સુશિક્ષીત ગ્રહસ્થો બોલે છે, તે પ્રમાણેજ લખેલું છે. અને એ ગ્રહસ્થે આપણા કારીગરોના જ્ઞાન માટે કેટલાક હુન્નરોની સુધારણા બાબતમાં જ્ઞાન મેળવી એક અનુભવિ પુસ્તક લખ્યું છે. એ પછી થોડે વર્ષે કવિ દલપતરામે હુન્નરખાનની હિંદુસ્થાનપર ચઢાઇ એ નામનું રસીલું પુસ્ત બહાર પાડયું તેમાં પણ ઘણી જાણવા જેવી બાબતના ઇસારા કર્યા છે. સન ૧૮૭૨ની સાલમાં કલકત્તા રિવિયુમાં મિસ્તર ગીડીજ નામના એક સિવિલિયન ગ્રહસ્થે હિંદુસ્થાનને વેપાર સંબંધી કેવું નુકશાન થયું છે. એ વિશે લખ્યું છે. એ પછી દક્ષિણમાં રાવ બહાદુર મહાદેવ ગોવીંદ રાનડે એમ. એ. એલ એલબી. એમણે એ વિષય ઉપર બે ભાષણ કર્યા હતાં, ને તેનાં પુસ્તક છપાયાં હતાં. ગૂજરાતમાં પણ જૂદા જૂદા ગ્રહસ્થોએ એ-જ સુમારમાં લખાણો ને ભાષણો કર્યાં હતાં, દેશી માલની દુકાનો સ્થપાઈ હતી ને કારીગરીના ઉત્તેજન માટે સભાઓ સ્થાપન થઈ હતી. યાંત્રીક કળા શીખવા સારૂ કારખાનાઓમાં ભણેલા લોકો દાખલ થયા હતા. અને તે વખતમાં એમ જણાતું હતું કે આપણા લોકો એ ઉદ્યોગ જારી રાખશે. ને તેનું કાઇ સારૂં પરિણામ થશે પણ તે બધી હીલચાલ બંધ પડી ગઈ. એમ થવાનું કારણ શું? દીર્ઘ ઉદ્યોગી પુરૂષો આ દેશની ભૂમિમાં ઘણા થોડા છે આરંભ સુર ઘણા હોય છે. કોઇ માણસ કાંઇ ઉદ્યોગ કરે તો તે મદદ કરનાર મળતા નથી. આપણી આવી સ્થિતિ છે. ને તેથી દિવસે દિવસે વધારે નુકશાન થવાનો સંભવ છે. માટે આપણે કાંઇ પણ સારા ઉપાય લેવા જોઇએ., અને તે એવા લેવા જોઇએ કે હમેશ ચાલું રહે.

કળાકૌશલ્યની વૃદ્ધિ થવા સારૂ પ્રથમ તે સંબંધી જ્ઞાન લોકોમાં વધવાની ઘણી અગત્ય છે. અંગ્રેજ સરકારે ઊંચી પ્રતિનું તથા સઘળા લોકોને જ્ઞાન મળવા સારૂ નિશાળો ઘણી સ્થાપન કરી છે, પણ તેમાં કળા કૌશલ્ય સંબંધી તથા યંત્રશાસ્ત્ર સંબંધી જ્ઞાન મેળવવાને ઘણાંજ થોડાં સાધન છે. દેશમાં કોઇ કોઇ ખાણો અથવા ક્ષાર ઉત્પન્ન થવા જેવા છે. પણ તે શી રીતે કરવા એ વિષે સારો શોધ કરી તેની માહીતી લોકો આગળ મૂકવાની પણ જેટલી કોશીશ કરવી જોઈએ તેટલી થઇ નથી. દેશી

કારીગરીને ઉત્તેજ આપવા સારૂ બને ત્યાં સૂધી દેશી કારીગરો એ બનાવેલો માલ ખરીદ કરવો. એવો દયાળુ લાર્ડરિપનની સરકારે ઠરાવ કર્યો છે, તેને બીજાઓ તરફથી મદદ મળવી જોઇએ. તેવી મળતી નથી. આ દેશના સારા ભાગ્યથી જો એવા કેટલાક લાર્ડરિપન આવશે તો પછી એવા સારા વિચારો અમલમાં આવશે. જે વાતો અંગ્રેજસરકાર તરફથી દેશના હુન્નરને માટે બનતી નથી તે વાતો દેશી રાજાઓએ કરવી તેની ફરજ છે. અને તે તરફ તેમનું લક્ષ જશે તો આ કાર્યમાં જલદી યશ મળશે. દુકાળ સંબંધી તજવીજ માટે જે કમીશન ઇંગ્લંડની વડી સરકારે મોકલ્યું હતું. તે કમીશનને પણ એવોજ અભિપ્રાય આપ્યો છે કે ફકત ખેતી સિવાય બીજા ધંધાઓમાં લોકોનો પ્રવેશ થાય એમ કરવું જોઇએ ને મારો તો એવો નિશ્ચય છે કે જ્યાં સૂધી કારીગરીની બાબતમાં આપણું ડગલું આગળ વધશે નહિ ત્યાં સુધી આપણું સારૂં થશે નહિ. અંગ્રેજ સરકાર અથવા દેશી રાજાઓ યત્ન કરે અથવા ન કરે તો પણ આવી મહત્વની બાબતમાં લોકોએ નિરૂદ્યોગી બેસી રહેવું, એ સારૂં નથી. મોટી વાત તો એછે કે લોકોએ પોતાના હિત સારૂં પોતે ઉદ્યોગ કરવો જોઈએ. દેશમાં કળા કૌશલ્ય જ્ઞાનની વૃદ્ધિ બે રીતે થઇ શકે, એકતો એ બાબતની મોટી પાઠશાળાઓ થાય ત્યાં આ દેશના ઉપયોગમાં આવે એવાં ઘણાં યંત્રો લાવવામાં આવે, તે બનાવવા માટે તથા તે ચલાવવા માટે આવશ્યક જ્ઞાન લોકોને શીખવવામાં આવે અને બીજી વાત એ કે એ જ્ઞાન મેળવવા સારૂ સારા મજબુત ને બુદ્ધિવાન ગૃહસ્થોને યુરોપ અને અમેરિકામાં મોકલવા જોઈએ. એવું જ્ઞાન મળેલા લોકોએ આ દેશમાંજ ઉત્પન્ન થતા પદાર્થોના ગુણ તપાસી તેમનો ઉપયોગ કરવો જોઇએ રસાયણિક પદાર્થો તે દેશના લાવીને પછી તેનો ઉપયોગ કરવાનું ધારીએ તો તેથી ઘણો ફાયદો થશે નહિ. કોઇપણ દેશના ઉદ્યોગની ઉન્નતિ થવાને તે દેશમાં થતી ચીજોનોજ ઉપયોગ વધારે થવાની જરૂર છે. એ વાત હમેશ ધ્યાનમાં રાખવી જોઇએ.

એવી જાતની કેળવણી આપવાના સાધન માટે મુખ્યત્વે પૈસાની જરૂર છે. એક ઉદ્યોગી અને વિદ્વાન ગૃહસ્થે અડસટ્ટો કર્યો છે કે આખા હિંદુસ્થાન દેશમાં સર્વ માણસ જો એક એક પાઇ પ્રમાણે પૈસા આપે તો સાડાબાર લાખ ઉપરાંત રકમ દરમાસે થાય એવું એક વર્ષ ચાલે તો કેટલી મોટી રકમ થશે? ને કેટલાં કારખાંનાં થશે? એવી રીતે બધા લોકોનો વિચાર એ કામ માટે થશે તો કાંઇપણ વાર લાગશે નહિ. આપણા લોકોમાં પુણ્ય કરવાની ઘણી ઈચ્છા છે, ને અંગ્રેજ લોકોના સહવાસથી સારા લોકોની યાદગીરિ માટે ઘણી મોટી રકમોનાં ઉઘરાણાં કરવાનો પ્રથા નિકળ્યો છે. યાદગિરિની રકમોમાં પૂતળાં કરવાનો રિવાજ છે તે બીલકુલ બંધ કરવો જોઈએ, ને ભેગી થએલી રકમો કળાકૌશલ્યના જ્ઞાનની વૃદ્ધિ થવા તરફ

ખરચવાં જોઇએ.

કેટલાકનો વિચાર એવો છે કે પોત પોતાની જ્ઞાતિની સુધારણા સારૂ પ્રયત્ન કરવો જોઇએ. ને કેટલાક કહેછે કે જ્ઞાતિના માટેજ કાંઈપણ કરવું એ ટુંકા વિચારનું કામ છે. ફક્ત જ્ઞાતના માણસના સારા માટે કાંઇ કામ કરવું એ ટુંકા વિચારનું કામ છે એમાં શક નથી. પણ આપણો દેશ ઘણો મોટો છે, તેથી કેટલાક એમ મનમાં ધારે છે કે નાની રકમ ખરચીએ તો તેથી દેશના સઘળા લોકોનો શો ઉપયોગ થશે. ને લોકોમાં નામ પણ વધારે થશે નહિ. ઘણાં ખરાં સારાં કામ કરવાની ઇચ્છા નામ માટે કરે છે. ને એવા વિચારો હાલમાંજ લોકોના મગજમાંથી જાય એ વાત પણ કઠણ છે તેથી હાલ જ્ઞાતિયો છે તેનો તેઓને પણ સુધારવી જોઇએ, એક જ્ઞાતિના લોકો બીજી જ્ઞાતિનો દ્વેષ કરે એ ખોટું કેમકે એક જ્ઞાતિના લોકો સુધરે તોપણ દેશને ફાયદો છે. મોટી ઇમારત બાંધવાની હોય છે તે કડકે કડકે પણ બાંધી શકાય છે. ગૂજરાતીઓમાં ઘણી નાતો છે; ને ન્યાતવરા શુભ અથવા અશુભ અવસરે કરે છે. ન્યાતોમાં લહેણાં કરે છે; એવી જે હજારો રૂપિઆની રકમો ખરચવામાં આવે છે, ને જે ખરચથી તે ખરચના કરનારાઓ પાયમાલ થઈ જાય છે !!! શું એ રકમનો સારો ઉપયોગ નહિ કરી શકાય ? કેટલીક ન્યાતોમાં ન્યાત વરાનો ધારો છે. જેમ કે મુઆ પછવાડે બે ન્યાતો, લગ્નની ત્રણ ન્યાતો, અઘરણીની બે ન્યાતો, ઇત્યાદિ. એવા ન્યાતવરામાંથી એકાદ ધારાની ન્યાત કમી કરી તે રકમ ન્યાતના છોકરાઓને કળાકૌશલ્ય સંબંધી અગર બીજા ઊંચી પ્રતના જ્ઞાનનો અભ્યાસ કરવા માટે સ્કાલરશિપ આપવા અગર જ્ઞાતના જે ગરીબ માણસને કાંઇ ઉદ્યોગ નહિ હોય તેમને મદદ કરવામાં અપાય તો કેટલો મોટો ઉપયોગ એ પૈસાનો થાય. એક પારશી મિત્ર કહે છે કે પારસી લોકોમાં દરેક શુભ અથવા અશુભ અવસરે પારસી બેનેવોલેંટ ફંડમાં એક રકમ આપવી એ વાત જરૂરની સમજે છે? એ ફંડ કેટલું ઉપયોગી એ લોકોમાં થઇ પડયું છે!

બોમ્બે યુનિવરસિટી ગૂજરાત વરનાક્યુલર સોસાઇટી, વડોદરા સ્વદેશ હિતવર્ધક સભા ઇત્યાદી કેટલીએક મંડળીઓ એવી છે કે અમુક હુન્નરના અથવા જ્ઞાનની વૃદ્ધિ તથા ઉત્તેજન માટે જો કોઇ ઉદાર ગૃહસ્થ કાંઇ રકમ આપે તો તેનો ઉપયોગ સારી રીતે કરી શકે. ને એવી નવી મંડળીયો પણ ઉભી કરી શકાય; મતલબ કે એવા ફંડમાં પૈસા ભરવાની સારા સુશિક્ષિત લોકોએ શરૂઆત કરવી જોઇએ કે તેનો દાખલો બીજા લોકો પણ લે.

કળાકૌશલ્યનો પ્રસાર અને વધારો થવા માટે બીજી એક એ વાત અવશ્યની છે કે નવા યંત્રો આ દેશના ઉપયોગમાં આપે એવા બનાવે અગર પરદેશ કેયંત્રોમરફ્કાંરાન અહીંની જરૂરીઆત પ્રમાણે કરે તેને બક્ષિસ આપવી. પરદેશના સારા સારા ઓજાર, સારાં સારાં બી, કારીગરોને તથા

અહીંના ખેડુઓને લાવી બતાવવાં જોઈએ. ત્યાં કળાકૌશલ્યમાં જે સુધારા થયા છે. તેની માહિતિ સહેલી ભાષામાં પુસ્તકો લખાવીને અગર ભાષણો કરાવીને લોકોને આપવી જોઇએ. આપણા લોકોમાં સંગ્રહસ્થાન કરવાની ઈચ્છા અંગ્રેજ લોકોના સહવાસથી ઉત્પન્ન થઈ છે. પણ તે મોટા સંગ્રહસ્થાનોથી આ દેશના કારીગરોને નફો નહિ થતાં નુકશાન માત્ર થાય છે, અહીં કેવા માલની ખપત છે તે જોઈ પ્રદેશના કારીગરો તેવો માલ બનાવી મોકલે છે, ખરૂં તો એમ થવું જોઇએ કે તે દેશના યંત્રો અને તે દેશમાં બનેલાં કામ અહીંના કારીગરોની નજરે પડે અને તેઓ અહીં બનાવે એવું તેમને ઉત્તેજન મળવું જોઇએ. આ વાતો બનવાને કાંઇ ઘણા મોટા પૈસાની જરૂર છે એમ નથી. એમાંની કેટલીક વાતો એવી છે કે તેને માટે ઘણા થોડા પૈસા ખરચવા જોઇએ. આપણા કારીગરો પદાર્થ જોઇ તેની નકલ કરવાના કામમાં ઘણા હુશીઆર છે. ને તેમને ઉત્તેજન મળેતો તે સારા ઉપયોગી થઈ પડે એવા ઘણા ગૃહસ્થોને અનુભવ થયો છે.

આ દેશના વેપારની સ્થિતિ સુધારવા માટે ઘણા યંત્રોનાં કારખાનાં શરૂ થવાં જોઇએ એવો કેટલાક ગૃહસ્થોનો મત છે; એ ગૃહસ્થોના વિચાર માટે મારી પૂજ્ય બુદ્ધિ છે તોપણ કેવળ એમના મતને હું મળતો નથી. મારી એવી વિનંતિ છે કે યંત્રનાં કારખાનાં જ્યાં મનુષ્યની સંખ્યા થોડી છે ને કામ કરવાનું ઘણું છે ત્યાં ઘણા ઉપયોગી છે. આ દેશમાં માણસોની સંખ્યા વધારે છે અને ઉદ્યોગ છે નહિ. તેની સાથે બીજી વાત એ છે કે કોયલાની જોઇએ તેટલી ખાણો હજુ હાથ લાગી નથી. અથવા હાલમાં મળી આવશે એવો સંભવ પણ નથી. કેમકે તે બાબત ઉદ્યોગ ઘણો ચાલતો નથી. આખા દેશમાં જંગલ હવે ઘણું થોડું રહ્યુંછે. તેથી હાલ જે કારખાનાં ચાલે છે તે ચાલવાથીજ લાકડું ઘણું મોઘું થયુંછે કેટલાક શહેરોમાં તો હલકીજાતનું અનાજ અને બળતણ એ બંને હાલમાંજ એક ભાવે મળે છે. યંત્રનાં કારખાનાં પરદેશથી કોયલા આવે તેથી ચાલે તો તેમાં ઘણો નફો થવાનો સંભવ નથી એકતો ત્યાંના લોકો અહીંનાં કારખાનાં સારાં ચાલે તો તેમાં હરકત આણવા કોયલાની કીમત વધારવા થોડો પ્રયત્ન કરે તો આપણને નફો ઘણો થોડો રહેશે. અથવા બિલકુલ નહિ રહે. પરદેશથી મોટા સંચાઓ મંગાવવામાં એક તો પ્રથમ ભારે કીમત આપવી પડેછે. તેટલા પૈસા પરદેશ જાયછે. એ કારખાનાં ચલાવવા માણસો પણ પરદેશથી બોલાવવાં પડેછે. તેમને ભારે પગાર આપવો પડે છે. એ યંત્રમાંની કાંઈ પણ વસ્તુ ભાગી જાય તો તે અહીં દુરસ્ત કરવી એ વાત મુસ્કેલીની થઇ પડેછે. પરદેશથી યંત્ર ચલાવવા સારૂ જે માણસો ભારે પગારવાળા બોલાવવામાં આવે છે તે બરોબર કામ કરતા નથી. અને તે અહીંના લોકોને શીખવવાના તો બીલકુલ નહીં. આ-

મદાવાદમાં (કયાલીકો*પ્રીંટીંગ) છીંટ છાપવાનું ઉભું કરેલું કારખાનું એવા-જ કારણોથી બંધ રાખવું પડયું હતું. એ વાત સૌના જાણવામાં છેજ. મારૂં કહેવું એવું નથી કે મોટાં કારખાનાં (યંત્રો) હવે બીલકુલ લાવવાં નહિ પણ આ દેશમાં મજુરી ઘણી સોંઘી છે. સારા ભાગ્યે આપણા લોકો નિર્વાહ ઘણી થોડી રકમમાં કરી શકેછે. નવા ધંધા શરૂ કરતા પહેલાં આ દેશમાં ઉત્પન્ન થતી કાચી અથવા સ્વાભાવિક ઉત્પન્ન થયેલી જણસોમાંથી (Raw Materials) કીયા પદાર્થ હાથના અથવા થોડી શકિતથી ચાલનારા સંચાથી બની શકે તેવા છે તેનો વિચાર કરવો જોઇએ. ઈગ્લંડની સંપત્તિ ઘણી બહોળીછે, ને ત્યાંનાં કારખાનાં ઘણાં મોટાં રાક્ષસી છે. પણ ફ્રાન્સ, અમેરિકામાં છપાયેલું છે. તેમાં ત્યાંના કેટલાક મુખ્ય શહેરોમાં ચાલતાં કારખાનાંઓનું વર્ણન આપ્યુંછે. તે જોતાં એમ જણાયછે કે ત્યાં કેટલાક કારખાનાં એવાંછે કે દશ અથવા પંદર માણસોથીજ તે ચાલેછે. આ લખવાની મતલબ એટલીજ છે કે એવા નાના કારખાનાંઓ જો અહીં વધારે ચાલે તો તે ચલાવવા માટે માણસો અહીં મળી શકે. તેમાંનો કેટલોક સામન બગડેલો આ દેશમાં દુરસ્ત થઇ શકે અથવા બની પણ શકે. તેમજ એવાં નાનાં કારખાનાંઓ ઉભાં કરવામાં ઘણા પૈસા લાગે નહિ. અને થોડી રકમના (શેર ભાગ) ભરાવવાને પણ અડચણ પડે નહિ, આપણા લોકોમાં બીજો એક એવો ચાલ છે કે એકાદ માણસને એક ધંધામાં ફાયદો મળે તો તે ધંધામાં એટલા બધા લોકો પડે કે તે ધંધામાંનો નફો બીલકુલ રહે નહિ, અથવા ઘણો થોડો રહે. આના પૂરાવામાં ભરૂચ જીલ્લામાં તથા શ્રીમંત ગાયકવાડ સરકારના રાજ્યમાં કપાસ પીલવાના જીનનાં કારખાનાંઓ ચાલે છે તે જુઓ, પ્રથમ જેમણે એ કારખાનાં કાઢયાં તે લોકોને સારો નફો થયો પણ પછી એ ધંધા ઉપર એટલા બધા લોકો પડયા કે હવે એમાં ઘણો થોડો નફો રહ્યો છે. એમ કહીએ તો ચાલે. કેટલાંક જીનો તો ચાલતાં નથી. કેટલાકમાં યંત્ર નહિ બગડે તેટલા સારૂ થોડી ઘણી ખોટ ખાઇને અગર જુજ નફા માટે ચલાવવાં પડેછે. આપણા મુલકમાં સુતર કાઢવાના કારખાનાંઓની પણ એવીજ સ્થિતી થશે કે શું? એ પણ વિચારવા જેવુંછે. હાલમાંજ એવો વખત આવશે એમ લાગતું નથી. પણ જો લોકોનું એકજ ધંધા ઉપર લક્ષ રહેશે તો તેનું પરિણામ પણ એવુંજ થશે. આપણી મિલોમાં ઝીણું કાપડ વણવાની ગોઠવણ હજુ થતી નથી અને કપડું થાયછે તેને સારૂં ધોઇને વેચવાને માટે કારખાનાં થવાં જોઇએ.

કપાસ પીલવાના કારખાનાંઓના સંબંધમાં વાકેફગાર માણસોને એક વાત ધ્યાનમાં લેવા જેવીછે કે એ કારખાનાંઓ ઘણું કરીને બે ત્રણ માસ કરતાં વધારે ચાલતાં નથી. કેટલીક વખત તો એનાથી પણ થોડી મુદત

---

* હાલ ફરીથી શરૂ થયું છે.

ચાલેછે. કારખાનાંમાં ખરચ થયેલા પૈસાના આખા વર્ષના વ્યાજનો બોજો થોડા મહિનાની પેદાશ ઉપર પડે છે, તેમજ નોકર ચાકરોના પગારનો પણ આખા વર્ષનો ખર્ચ કરવો પડેછે. ને કામ તો બે ત્રણ મહિના પણ ભાગ્યેજ ચાલેછે. એ માટે મોસમ પછી એજ યંત્રથી બીજું કોઇ નાનું કારખાનું જોડી ચલાવવામાં આવે તો નફો થશે. એ અમદાવાદમાં છીંટ છાપવાનું કારખાનું થયેલું છે પણ તે બરોબર નહિ ચાલવાથી પડી રહ્યું છે. એમ ઉપર લખવામાં આવ્યુંછે. એ કારખાનું ચલાવવાની તથા એવાં બીજાં કેટલાંક કારખાનાં નીકળવાની જરૂર છે. કાગળનાં કારખાનાં પણ થોડાં હજુ થાય તો તેઓ નફો મેળવી શકે. પીતળ, તાંબું, ઇત્યાદિ ગાળી તેના ઘાટ કરવા માટે, ચકુ, છરીઓ, સોયો, ટાંકણીયો, ટેપ કરવા માટે કારખાનાં હજુ થયાંજ નથી. ચીની જેવાં માટીનાં વાસણ બનાવવા માટે થોડો પ્રયત્ન એક ઊદ્યોગી પારસી ગ્રહસ્થે કર્યો છે. પણ તેને જોઇયે તેવી મદદ મળી તે કારખાનું ચાલતું નથી. દેશમાં બનેછે તે કાચ સુધારવાનો તથા સારા બનાવવાનો પ્રયત્ન થયોજ નથી. સાકર બનાવવાનું કારખાનું એક પણ નથી. ભીંડી જેવા પદાર્થમાંથી એના દોરા થોડા ખરચે કાઢી તે ઉપયોગમાં લેવાની ગોઠવણ યાંત્રિકશક્તિ વડે થાય તો ઘણી સારી રીતે નફો રહે. પણ તે વિષે કાંઇ તજવીજ થઇ નથી. (વુલ) ઊનનું કારખાનું આ ભાગમાં એક પણ ઠેકાણે નથી. આ દેશમાંથી હાડકાં તથા શિંગડાં હજારો ખાંડી પરદેશ જાયછે, એ વાત રેલવેથી પ્રવાસ કરનારા દરેક માણસના જોવામાં આવતી હશે. આવી હલકી ચીજ આ દેશમાંથી શા માટે લેઇ જાયછે, ને ત્યાં એનો કેવો ઉપયોગ થતો હશે, તથા ત્યાં શી રીતે નફો મેળવતા હશે, એ વાત ઉપર આપણા લોકનું ધ્યાન ગયેલું જણાતું નથી. ચામડું સારૂં રંગાવવું તથા પછી તેના પદાર્થ બનાવવા એ વાત ઘણા લોકોને નજીવી લાગતી હશે. પણ એમાં લાખો રૂપીઆ જાયછે. આ દેશમાંથી કાચાં ચામડાં ઘણાં રવાના થાયછે. પણ તેનો ઊપયોગ અહિં કરી બહાર જતી દોલત અટકાવવા માટે કાંઈ પ્રયત્ન થતો નથી. ટૂંકામાં કહીયે તો હાલ જે કારખાનાં થયાંછે તે કરતાં બીજી ઘણી બાબતોમાં પ્રયત્ન થવા જેવું છતાં કાંઈજ પ્રયત્ન થયું નથી એમ કહીયે તો ચાલે. કેહેવાનો હેતુ એટલોજ છે કે એકજ જાતના ધંધા ઉપર ઘણા નહિ પડતાં બીજા ધંધા શરૂ કરવાથી ફાયદો થવાનો સંભવ છે. ને તેની સાથે દેશમાં ઊદ્યોગ પણ વધશે. વિલાયતમાં વકીલાતનો ધંધો શીખવા તથા ડાકતર થવા તથા ફકત દેશ જોવા ઘણા શ્રીમંત લોકો જાયછે. પણ ત્યાંની કારીગરીનો અભ્યાસ કરી તથા તે વિશેષે વધારે જ્ઞાન મેળવી અહીં તે કારીગરી આપણા લોકોને બતાવી તેમને ફાયદો કરી આપવાનું શુભ કામ કોઈએ કર્યુંછે શું?

કારીગરી વધારવા માટે તથા કારખાનાં કાઢવાને માટે અમે કહ્યું તે-

જ પ્રમાણે આપણા દેશના સામાન્ય ગૃહસ્થો અને દેશ ભગીનિઓને થોડી વિનતિ કરવાની છે. આ દેશમાં ઉત્પન્ન થએલો માલ બને ત્યાં સુધી ખરીદ કરવો અને તે વાપરવો. જ્યારે સારો માલ પેદા થાય ત્યારે લેનાર મળેજ, એ જેવો નિયમ છે. તેજ પ્રમાણે લેનાર હોયતોજ માલ બને એ પણ એક નિયમ છે. માલ ખરીદ થાય તો કારીગરોને ઉત્તેજન મળવાથી તે વધારે બનાવે, અને તેમ કરતાં કામમાં તેનો હાથ બેસે અને માલ સારો અને વધારે ઝડપથી થઇ શકે. લાર્ડ રિપન જેવા પરદેશી પણ દયાળુ અને વિચારી સરદારના અમલમાં હિંદુસ્થાનની વડી સરકારે પણ આ વાત અગત્યની ગણી છે. તેમણે સારી રીતે બતાવી આપેલો આ માર્ગ સ્વિકારવાથી શું આપણને ફાયદો થયા વગર રહેશે?

સારમાં ફરી વિનતિ એટલીજ છે કે આપણા દેશની સ્થિતિ ઘણી બગડતી જાય છે તે સુધારવા માટે કળાકૌશલ્યના જ્ઞાનની અને કારખાનાંની વૃદ્ધિ કરવા માટે ઈલાજ લેવાની જરૂર છે. અંગ્રેજ સરકાર તો એ વાત કરશેજ પણ દેશી રાજાઓએ પ્રથમ અને વિશેષ મદદ કરવી જોઇએ. લોકો પોતાની મેળે પ્રયત્ન કરે તોપણ કેટલીક વાતો બને એવી છે. માત્ર ખરા દિલથી હમેશ ઉદ્યોગ કરવાની જરૂર છે, અને એ પ્રમાણે જો દેશ બંધુ તથા દેશ ભગનીઓ કરશે તો ઇશ્વર કૃપાથી સારા દિવસ આવશે. નવું વર્ષ એને માટે વખણાઓ અને હવે પછીના વર્ષોમાં તે એ કામમાં અગ્રેસર ગણાઓ. તથાસ્તુ !

અંક ૨૪ મો.

‡વ્યાપાર.

" ઉત્તમ ખેતી, મધ્યમ વેપાર, કનિષ્ટ ચાકરી, ને નીદાન ભીખ." એ કહેવત આપણા લોકોમાં પરંપરાથી ચાલતી આવેલી છે. પણ એ કહેવતમાં કેટલું સત્ય છે, તેનો આપણે પ્રથમ વિચાર કરીએ. કારણ કેટલાક યુરોપિયન પંડિતોનો ને અહિંયાંના હાલના વિદ્વાનોનો મત એ બાબત કંઇક અંશે એથી જુદો છે. તેમનો અભિપ્રાય એછેજે જે દેશમાં ખેતી થતી હોય, તે દેશ ઉત્તમ સ્થિતિમાં હોય છે, એમ ઘણી વખત બનતું નથી. પણ જે દેશમાં ખેતી સાથે વેપારનાં કારખાનાં હોય, તે દેશ સમૃદ્ધિવાન હોય છે. ઉદાહરણ તરીકે ઈંગ્લન્ડ, ફ્રાન્સ, યુનાઇટેડસ્ટેટ્સ વગેરે દેશોનાં નામ તેઓ આગળ કરે છે આવો મતભેદ અસલના લોકોમાં અને હાલના લોકોમાં શાને લીધે છે, એ પ્રશ્ન મનમાં સહજ ઉત્પન્ન થાય,

‡ લખનાર તાપીદાસ દયારામ.

એનો ઉત્તર યથાશક્તિ હું નીચે આપું છું. ખેતીથી થોડાં બી વડે પુષ્કળ ધાન્યાદિ દ્રવ્ય જમીનમાંથી હવા તથા તાપને બળે મળે છે. વેપાર એ શબ્દનો અર્થ જે લોકો વસ્તુઓ બનાવતા હોય તેમની પાસેથી લઈ બીજા લોકો તેમનો જે અદલોબદલો કરે તે અદલોબદલો એમ જો કરીએ તો આપણી ચાલતી આવેલી કહેવત અક્ષરે અક્ષર ખરી છે. કારણ આવી રીતના વેપારથી કંઇ વસ્તુ વધે એમ થતું નથી. માત્ર એથી સગવડે એક બાજાને વસ્તુઓ અદલબદલ કરવાનું બની શકે છે. જ્યારે વેપારથી વસ્તુ વધે નહિ, તો દેશ સમૃદ્ધિવાન કેમ થાય? એથી ઉલટું વેપાર એટલે અદલાબદલી તથા કારખાનાંથી જમીનમાં ઉત્પન્ન થયેલી વસ્તુઓને નવાં નવાં રૂપ આપવાં એવો જો અર્થ કરિયે તો બેશક હાલના લોકોનું કહેવું વાજબી છે, સબબ એથી પણ વસ્તુઓ વધેછે. સારાંશ એકે એ બંને મતોમાં વસ્તુતઃ કંઇ વિરોધ નથી.

વેપાર એ શબ્દનો સાધારણ અર્થ વસ્તુની અદલાબદલી, એ વિષે અત્રે પહેલાં વિવેચન કરિયે. વેપારના કામમાં વસ્તુઓ ખરીદવા સારૂ પૈસા જોઇએ, અને એ કામમાં ઘણો નફો ટોટો પણ થવાનો સંભવ રહે છે. માટે એમ કહેવાય છે કે હામ ને દામ વિના વેપાર થાય નહિ. એ જો બંને હોય તોજ થાય. માટે જેને વેપાર કરવો હોય તેણે યાદ રાખવું કે એ બે વસ્તુઓ જો પોતામાં હોય તો એ કામ આદરવું.

વેપારી લોક પોતે વસ્તુ ઉત્પન્ન કરતા નથી, માટે તેઓ નિરૂપયોગી છે એમ સમજવું નહિ. જેમ ખેડુત લોકો વસ્તુઓને ઉત્પન્ન કરી તથા કારીગરો તે વસ્તુઓને જૂદા જૂદા રૂપો આપી દુનીયાને ઊપયોગી થાય છે, તેમજ વેપારી એવા લોકોના માલ લઇ તેમને અદલાબદલી કરવાની મહેનતમાંથી ઉગારે છે. ને તેથી તેઓ પણ જગત્ વ્યવસ્થામાં ઉપયોગી ગણાય છે. કારણ જો એવો વર્ગ ન હોય તો માલ બનાવનારને અદલાબદલી કરવામાં કેટલી મહેનત ને કેટલાં દુઃખો વેઠવાં પડે એનો ખ્યાલ આસ્ટ્રેલિઆના જંગલી લોકોની સ્થિતિપરથી થાયજ, ને ત્યારે એ વર્ગની પણ જરૂરીઆત વિષે જરાપણ મનમાં અંદેશો રહેતો નથી.

આપણા દેશમાં એ બંને વસ્તુઓ છે કે નહિ તેનો હવે આપણે વિચાર કરિયે. કચ્છના ને કાઠિઆવાડના સેંકડો લોકો વેપાર અર્થે પરદેશ જાય છે. કેટલાએક આફ્રિકા, અરબસ્તાન, અફગાનીસ્તાન, વગેરે મૂલકોમાં જાય છે. ને વેપાર ચલાવે છે. એ પરથી એમ જણાય છે જે આપણા દેશના કેટલાક લોકોમાં એ બંને વાત છે, તેમ છતાં પણ હાલના લોકોના મોંમાંથી એવી વાણી સાંભળિયેછીએ કે હાલ વેપારમાં કસ નથી. એનું કારણ શું? તેનો જવાબ કેટલાક એમ વાળે છે કે હાલ ભાવ તરત ઊઘાડા પડી જાય છે, સઘળે થોડે થોડે અંતરે આવેલી જગ્યાએ ભાવ એક

સરખાજ હોય છે તારની મારફતે ભાવની તરત ખબર પડી જાય છે. આમ વેપારી લોકનું કહેવું હોય છે. ને તેબારિકીથી તપાસતાં પણ અક્ષરે અક્ષર ખરૂં છે એમ જણાશે. વેપારી લોકના આમ બોલવા પરથી જણાઇ આવે છે કે અસલના વેપારીની રીત જૂદી હોવી જોઇએ. અસલ વેપારના ભાવ તરત માલુમ પડતા નહિ, થોડે થોડે અંતરે ભાવ જૂદા; તેથી લોકો પોતાના વતનની આસપાસની જગ્યામાં વેપાર કરતા તો પણ તેઓ ફાયદો દેખતા. ને તેને લીધે તેઓ ઘણે દૂર વેપાર ન કરતા. દૂર દેશના વેપારી અત્રે આવતા, તો તેમને પરવડતો માલ આપી પૈસા લેતા. થોડે વેપારે ઘણો નફો તેઓને મળતો. આ કારણથી અત્રેના લોકોમાં ઘણો નફો ખાવાનો રિવાજ પેઠો હશે. સમજુ વેપારીઓ સ્થિતિના ફેરફાર પર નજર કરી હવે અસલની રીતો છોડી દે છે. ને થોડે નફે લાંબો વેપાર કરેછે થોડે નફે તેમ કરવાથી માલ જલદીથી ખપી જાયછે. ને વ્યાજની ઘણી ખાધ લાગતી નથી. ને તેથી આખરે તેમાં પોતે ફાયદો દેખે છે. માટે જેણે વેપાર કરવો હોય, તેણે હાલના સમજુ વેપારીની રીતભાત પર લક્ષ આપવું.

વેપારના કામમાં હામ ને દામ સિવાય બીજા ગુણોની પણ જરૂરછે. તેમની સાથે વ્યહવાર જ્ઞાન, પ્રમાણિકપણું, સભ્યતા, હિસાબકિતાબમાં ચોકસાઇ, કામકાજનો નિયમિત વ્યવસ્થા વગેરે જોઈએ. વ્યહવારજ્ઞાન વિના હામથી અતિ સાહસ થાય, ને અતિ સાહસે વેપાર બરોબર થાય નહિ. માટે વ્યહવારજ્ઞાન વેપારીઓને મેળવવાની જરૂર છે. તેવું જ્ઞાન સંપાદન કરવા માટે ભણવું ગણવું એ બહુ ઉપયોગનું છે. એની અગત્યતાને લીધે ગામઠી શાળાઓનો ઊદ્દેશ વેપારી વર્ગને કામમાં આવે એવું ભણતર શિખવાનો થઇ ગયો છે. જે ભણતર એવી શાળાઓમાં ચાલે છે, તે ભણતર આગલા કાળને જોઇએ તેટલું હતું. પરંતુ હાલના સમયને તે પૂરતું નથી. કારણ ઘણો વેપાર માલ પરદેશ ચઢાવી કરવાનો અથવા તો પરદેશથી માલ મંગાવી કરવા હાલનો સમય છે. તેવો વેપાર કરવા માટે પરદેશના માલ સંબંધી ભાવતાલની નિપજ ઉપજની વગેરે ખબર રાખવી જરૂરની છે. ને એવી ખબર વર્તમાન પત્રો વાંચવાથી, ને આડતિયાના કાગળ પત્રો પરથી, ને પોતાના અવલોકન પરથી મળે છે. માટે અગાડીના ભણતરને અવલોકન કરતાં હાલના સમયમાં વેપારી લોકને વધારે ભણતર ને અવલોકન મેળવવા પ્રયત્ન કરવો અવશ્ય છે.

વ્યવહાર જ્ઞાન વધારે મેળવવાને હાલમાં ઘણાં સાધન છે. અસલ તેવાં સાધન થોડાં હતાં. હાલમાં છાપવાની કળાને લીધે પદાર્થોની ઉત્પત્તિ, ગુણ, વિગેરે સંબંધી પુસ્તકો રચાય છે. ને અંગ્રેજીમાં તેવાં ઘણાં છે. અસલ તેવું જ્ઞાન માત્ર અવલોકનથી મેળવાતું. હાલ અવલોકનને સહાય કરનાર પુસ્તકો પણ છે. એ ઉપરથી મારો કહેવાનો હેતુ એ નથી કે પુસ્તકો અવલોકનની

ગરજ સારે એમ છે. પુસ્તકોમાં બીજાનાં અવલોકનનો સાર હોય છે. પુસ્તકોનું મૂળ અવલોકન છે. માટે અવલોકનને છોડી પુસ્તકો વાંચવાથીજ કદી પણ કામ ચાલે નહિ. મનુષ્યોએ અવલોકન પોતે જાતે કરવુંજ જોઇએ. બન્ને વસ્તુઓ અવલોકન ને પુસ્તક ગ્રહણ કરવાથી સારૂ જ્ઞાન પ્રાપ્ત થાય, માટે વેપારીઓ બન્ને વસ્તુઓ ગ્રહણ કરે તોજ વ્યહવારજ્ઞાનમાં કુશળ થાય. હાલના સમયમાં અંગ્રેજ લોકો સાથે વેપાર કરવાનો હોય છે તેમની સાથે આપણે વિશેષ સંબંધ છે. માટે વેપારીઓએ પોતાના છોકરાંને જો અનુકુળ હોય તો અંગ્રેજી ભણવા દેવું તેથી વેપારના કામમાં આગળ જતાં ફાયદો થશે.

વેપારના કામમાં આંટની જરૂર હોય છે. આંટ વડે ધીરધાર થાય છે. વિશ્વાસ વડે આંટ ચાલે છે. ને વિશ્વાસ પ્રમાણિક આચરણથી થાયછે. પ્રમાણિક આચરણ સદ્નીતિવડે જળવાય. માટે વેપારીઓ પ્રમાણિક આચરણવાળા ને સદ્નીતિવાળા હોવા જોઇએ. અસલના વેપારીઓ ઘણું કરી એવા હતા, એમ માનવાને ઘણાં કારણો છે. તેઓમાં મોઢે સોદા થતા. પણ વાંધા જવલેજ ઉઠતા. આંટ સાચવવી એ તેઓ પોતાની વહાલામાં વહાલી વસ્તુ માનતા. ગમે તેટલું નુકસાન પોતાને થાય, પણ બનતા સુધી આંટ જાળવે.

હાલના સમયમાં એવી રીતે સોદા ઘણા થતા નથી. સોદો થાય કે તરત કબાલા દસ્તાવેજ કરવા પડે છે. એમ કરવાનું મુખ્ય કારણ એ કે ઘણી વખત ભાંજગડ ઉઠે છે. ને કાયદામાં પણ દસ્તાવેજનું વજન ઘણું ગણેલું છે. વળી વેપાર કરતાં ઘણું નુકસાન જાય તો કેટલાક વેપારીઓ પોતાનું તળિયું તર રાખી દેવાળું કાઢે છે, ને માગનારાઓને રડાવે છે.

ભાવતાલમાં માલ લેવા આપવામાં કેટલીક વખત દગા ફટકા થાય છે. એ પરથી એમ જણાય છે જે જોઇએ તેટલું પ્રમાણીકપણું વેપારી વર્ગમાં નથી. ઘણા વેપારીઓ આવી દગાફટકાની રીતથી મળતા તરતના લાભને જોઇ અપ્રમાણીક થાય છે, તેને લીધે અપ્રમાણિક રીત પ્રસરતી જાય છે, એ ગેરસમજુતી, ઘણા વેપારીઓ પ્રમાણીક થાય ત્યારેજ મટે. માટે જે વેપારી લોકો વેપાર, તથા તેનાં મૂળ નીતિ, વગેરે સમજે છે, તેમને પોતાનો ધર્મ એછેકે પ્રમાણિક રેહેણી કરાણી રાખી બીજા વેપારીઓને સન્માર્ગે લાવવા કે પોતાના વેપારી મંડળમાં પ્રમાણિકપણું વધે. જ્યારે પ્રમાણિકપણું હોય છે ત્યારેજ આડતિયાથી કામ લેવાય છે. અંગ્રેજી વેપારીઓ પ્રમાણિક છે. એ સમજણને લીધે દેશી વેપારીઓ આડત બાંધી તેમની મારફત વિલાયત માલ વેચવા મોકલે છે. અથવા ત્યાંનો માલ ખરીદ કરાવી પોતે લેછે. એ પરથીજ સિદ્ધ થાય છે કે આંટ પ્રમાણિકપણાથી આવે છે માટે વેપારી વર્ગને વિનંતિ છે કે તેઓએ એ બાબતપર લક્ષ આપવું.

કેટલીક વખતે મારા સાંભળવામાં આવ્યું છે કે વિલાયત, બ્રહ્મદેશ, ચીન, અરબસ્તાન, વગેરે દેશો સાથે વેપાર કરતાં આડતીયાઓની લુચ્ચાઈને લીધે વેપારી લોકોને નુકસાન વેઠવું પડે છે. પરદેશના આડતિયાઓની લુચ્ચાઇથી બચવાનો માર્ગ એ કે અત્રેના વેપારીઓએ પ્રમાણિક થઇ, આંટ લોકોમાં બેસાડી મુડી એકઠી કરી પરદેશમાં પોતાની પહેડીઓ કાઢવી ને તેમાં પોતે અથવા પ્રમાણીક નોકરો મારફત પોતાનો ધંધો ચલાવવો. આમ થવામાં જો ન્યાત રીવાજો આડા આવતા હોય તો ન્યાતના મહાજનોએ પણ ખુબ વિચાર કરી પ્રતિબંધ કાઢી નાંખવા પ્રયત્ન કરવો જોઇએ. પ્રતિબંધ કાઢી નાંખ્યાથી વેપારી વર્ગના લોકો જે દરિદ્રતામાં આવતા જાય છે. તે પરદેશ જઈ વેપાર કરે, તથા પાછા સારી સ્થિતિમાં આવે. ભાટિયા, વહોરા વિગેરે લોકો પરદેશ જઇ વેપાર ચલાવે છે, તેથી સારી સ્થિતિમાં આવતા જણાય છે. આ સમયમાં મુસાફરી કરવી અસલના જેવી વિકટ નથી. હાલ પહેલાં જેટલો ધર્મ ઝનુન નથી, અને તેથી પરદેશમાં કોઇ ધર્મભ્રષ્ટ કરતું પણ નથી.

હિંદુસ્તાનની પશ્ચિમ દિશાએ અટક સુધીજ જવું એ જે અટકાવ અસલના કાળને સારૂં ધર્માંધપણાને લીધે જરૂરનો હતો, તેટલો આ કાળને માટે જરૂરનો નથી, માટે જો બનેતો મહાજનોએ વિચાર કરી શાસ્ત્રાર્થ કઢાવી કંઈપણ એ બાબત ખુલાસો કરવો. કારણ કેટલાક વેપારીઓ જો એ પ્રતિબંધ નીકળી જાય તો પરદેશ વેપાર કરવા જવા તત્પર છે.

વળી જો વેપારી પરદેશ જાય તો એમાં કારીગર લોકને મોડો વહેલો ફાયદો થાય, કારણ કે પોતે પરદેશની વસ્તુ જુએ તો તેની બનાવટની પણ માહિતી મેળવે ને પછી પોતાના દેશમાં તેવી વસ્તુઓ બનાવવાની કારીગર મારફત કોશિશ કરે, કારીગરોને ધંધો જાગે તથા દેશમાં નવી વસ્તુ કરવાની કળા પણ આવે. વેપારીને કારીગરોનો નિકટ સંબંધ હોય છે. તેથી વેપારી જો હોશિયાર થાય તો તેના સંબંધથી કારીગીરીને ઉત્તેજન મળ્યા વિના રહે નહિ.

વેપારીઓ સભ્ય હોવા જોઈએ, એ વાત સઘળાને માલમ છે. મિજાસી વેપારી સાથે ઘણા થોડા લોકો સંબંધ રાખે છે, ને તેથી તેનો માલ થોડો ખપે. એથી વેપારમાં નુકસાન થાય, માટે વેપારીએ મિજાસી સ્વભાવ રાખવો નહિ. મીલનસાર સ્વભાવ રાખવો જોઈએ. મીલનસાર સ્વભાવથી સભ્યતા સહજ પ્રાપ્ત થાય છે. માટે એ ગુણ પણ વેપારીઓએ કેળવવો.

વેપારના કામમાં બરોબર હિસાબ રાખવો, એ વાત વેપારી સારી રીતે સમજે છે. આ દેશના હિસાબના ચોપડા રાખવાની રીત પરથી જણાઇ આવે છે કે એ બાબત વેપારી લોકો ઘણા સાવધ છે. રાત્રે હિસાબ કરતાં પાઇની ચૂક આવે તો પાશેર (બે પઈસાનું) દિવેલ બાળે. ને હિસા-

બ મેળવે ત્યારેજ ચોકસ વેપારીને નિરાંત થાય ને સુવે, પણ પાઇની ચૂક જવા ન દે. આ ગુણ ઘણો સારો છે. ને તે જુવાનીયા વેપારીઓએ અવશ્ય ગ્રહણ કરવો.

આપણા દેશના લોકો કેટલીક વખત ઠેરવેલે સમયે કામ કરતા નથી. તેઓને કલાક અર્ધા કલાકનો હિસાબ નથી, એથી તેઓ અવ્યવસ્થિત કામ કરનારા ગણાય છે. પરદેશીઓ એને મોટો દોષ માને છે. ને ખરેખર એ દુષણ છે—એ દુષણ કાઢી નાંખવા પ્રયત્ન કરવો જોઈએ—વિશેષે કરીને વેપારીઓએ એનાથી અળગા રહેવું જોઇએ, કારણ તેવી અવ્યવસ્થાથી ઘણા લોકોના કામને ખલેલ પહોંચે છે, ને પોતાનું કામ પણ ચઢી જાય છે, ને આખરે પોતે પણ ખરાબ થાય છે માટે વેપારીઓએ નિયમથી વેળાસર કામકાજ કરવાનો ગુણ સંપાદન કરવો ને તેવું આચરણ રાખવું.

નિબંધનો સારાંશ.

(૧) હામ ને દામ વડેજ વેપાર થાય.

(૨) વેપારી વર્ગે ભણવું ગણવું તથા વ્યવહાર જ્ઞાન બને તેટલું પુસ્તક દ્વારા અથવા પોતાના અવલોકનથી મેળવવું.

(૩) વેપારીએ નીતિ જાળવીને પ્રમાણિક થવું, ને પોતાની આંટ ચાલે એમ કરવું.

(૪) વેપારીએ મુસાફરી કરવી, ને જ્ઞાન સંપાદન કરવું. ને તેમ કરવા માટે પ્રતિબંધ બને તેમ કાઢી નંખાવવા મહાજનોની મારફત યોજના કરાવવી.

(૫) વેપારીએ હિસાબ કિતાબમાં ચોકસ રહેવું, ને પોતાનું કામ સભ્યતાથી ને વેળાસર નિયમિત રીતે કરવું.